પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

સુવિચાર

થોડો સમય વ્યસ્ત રહીને જોઈ લો.. તમને પણ સમજાઈ જશે કે મોટા ભાગની સમસ્યાઓ નવરા બેસી રહેવામાં જ છે...


# અબતક ®
સાંધ્ય દૈનિક

ગ્રામ્ય આવૃત્તિ પાનાઃ ૧૨
તા. ૨૦-૩-૨૦૨૬, શુક્રવાર
વર્ષઃ ૧૫, અંકઃ ૧૧

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 ✉ abataknews@gmail.com @abtakmedia

અપ્પુ જથ્થાબંધ ખરીદો જથ્થાબંધ ફાયદો
સૌરાષ્ટ્રની પ્રખ્યાત ચણાદાળ
વ્યાપારિક પૂછપરછ આવકાર્ય
98242 00970
હેલ્પર જોઈએ છે

### ગ્લોબલ વોર્મિંગની અસર હવે રસોડા સુધી

# કમોસમી વરસાદ ખેડુતોની સાથે ગૃહિણીઓને પણ પાયમાલ કરી દેશે

## ઘઉં અને બારમાસી મસાલા ભરવાની સીઝનના કારણે જ માવઠાના મારથી ગૃહિણીઓનાં બજેટ ખોરવાશે

## ઉંચા ભાવ આપવા છતા ગૃણવત્તાયુકત ઘઉં, તેલ અને મસાલા મળશે નહીંઃ રસોડાની રાણી પણ હવે વાતાવરણના પ્રકોપ સામે લાચાર

**અબતક, રાજકોટ**

ગ્લોબલ વોર્મિંગની વિપરિત અસરો હવે વિશ્વભરમાં દેશોનાં જોવા મળી છે. વેસ્ટર્ન ડિસ્ટબન્સના કારણે વારંવાર વાતાવરણમાં અકલ્પનીય ફેરફારો આવે છે જેના કારણે જીવસૃષ્ટી પર ખૂબજ ઘેરી અસર પડી રહી છે. રાજયમાં છેલ્લા બે દિવસથી વરસી રહેલા કમોસમી વરસાદથી ખેડુતોની સાથે સાથે હવે ગૃહિણીઓ પણ પાયમાલ કરી રહ્યું છે. ગ્લોબલ વોર્મિંગની અસર હવે દરેક ઘરના રસોડા સુધી પહોચી ગઈ છે.

ગુજરાતમાં માર્ચથી મે માસમાં બારમાસી મસાલા, ઘઉં, અને તેલ ભરવાની સિઝન રહેતી હોય છે. સિઝનના આરંભે જ માવઠાના કારણે જગતાતને તો પારાવાર નુકશાની થવા પામી જ છે. પરંતુ હવે આ માવઠાની અસર લોકોના રસોડા સુધી પહોચી જવા પામી છે. હવે જો બારમાસી મસાલા, ઘઉં કે તેલ ભરવામાં આવે તો તેની પણ મૂશ્કેલ બની જશે. નવેમ્બર માસમાં આવેલા માવઠાના કારણે મરચાના પાકને પણ નુકશાની થવા પામી છે. ઘઉં, તેલ અને બારમાસી મસાલાના ભાવમા તોતીંગ વધારો આવી ગયો છે. પરંતુ ઉંચા ભાવ ચૂકવવા છતા ગુણવતા યુકત માલ મળશે કે કેમ તેની સામે પણ શંકા સેવાય રહી છે.



તસવીરઃ કરણ બારોટ

### જગતાત સતત માવઠાના મારથી પાયમાલ થઈ ગયોઃ કુદરત છાશવારે રૂઠે છે, તંત્ર પણ લાચાર

આંબાનો પણ સોથ વળી ગયો છે. આવામાં કેરીનો સ્વાદ પણ કડવો બની ગયો છે. આ વર્ષ ચોમાસાની સીઝન લાંબી ચાલી છે. ત્યારબાદ અતિવૃષ્ટિના કારણે રવિ પાકની સીઝન થોડી મોડી શરૂ થઈ છે. આવામાં માવઠાના કારણે જગતાતને ફરી એકવાર કુદરતનો પ્રકોપ સહન કરવાનો વારો આવ્યો છે. અત્યાર સુધી કમોસમી વરસાદ માત્રને માત્ર જગતાતને આર્થિક રીતે અસર કરતુ હતુ પણ હવે માવઠાની મુસીબત લોકોના ઘરના રસોડા સુધી પહોચી ગઈ છે. ચોતરફ મોંઘવારીથી ઘેરાયેલી ગૃહિણી હવે કમોસમી વરસાદમાં ગુણવતા સામે પણ સવાલ રહેશે. કારણ કે ઘઉંમાં ભેજ હશે જેના કારણે તેનો બાર મહિના સુધી સંગ્રહ કરવામાં આવે તો તેમાં જીવાત પડી જવાનો ભય રહેલો છે. જયારે મગફળીમાં પણ ભેજનું પ્રમાણ વધશે. જેના કારણે તેલ પણ આખુ વર્ષ સાચવી રાખવું (અનુ. આઠમા પાને)

### માવઠાના કારણે મરચાના બજારમાં આવેલી 'તીખાશ' ગૃહિણીઓનુ બજેટને ખોરવશેઃ રીષિતભાઈ કોટેચા

અબતક સાથેની વાતચીતમાં મધુસુદન મસાલાના રીષિતભાઈ કોટેચા સાથે વાતચીત માં જણાવ્યું હતું કે કુદરતી આફત અને માવઠાના મારથી જગતનો તાત તો પાયમાલ થયો જ છે, પરંતુ હવે તેની સીધી અસર સામાન્ય જનતાના રસોડા પર જોવા મળી રહી છે. ગત નવેમ્બર માસમાં પડેલા કમોસમી વરસાદને કારણે મરચાના પાકને વ્યાપક નુકસાન થયું હતું, જેના કારણે આ વર્ષે સીઝનની શરૂઆતથી જ મરચાના ભાવમાં તોતિંગ વધારો જોવા મળી રહ્યો છે. ત્યાં ફરી એકવાર માવઠું પડતા માર્કેટિંગ યાર્ડમાં રાખવામાં આવેલો મરચાનો જથ્થો પલળી જતાં વેપારીઓ અને ગૃહિણીઓની મુશ્કેલીમાં વધારો થયો છે. ગયા વર્ષે નવેમ્બરમાં થયેલા નુકસાનને કારણે મરચાની આવક ઓછી છે અને જે માલ બજારમાં આવી રહ્યો છે તેના ભાવ આસમાને છે. પલળેલા કે ભેજવાળા મરચાનો મસાલો ભરવાથી તેની આવરદા ઘટી જાય છે. સામાન્ય રીતે વર્ષભર ચાલતો મરચાનો પાવડર, ભેજને કારણે માત્ર ૬ મહિનામાં જ બગડી જવાની કે (અનુ. આઠમા પાને)

### કુદરતનો પ્રકોપે આંબાને નેસ્ત નાબૂદ કરી દેશે?

# છેલ્લા પાંચ વર્ષમાં એક કરોડથી વધુ આંબાનું નિકંદન નિકળી ગયું

## આંબાના ઝાડને બચાવવા ખેડૂતો અને સરકાર મળીને નિરાકરણ લાવે તેમજ બાગાયતી પાકો માટે સરકાર પાકવીમો આપે તેવી ખેડૂતોની માંગ

તાલાલા બાગાયતી ખેતીના તજજ્ઞ ગફારભાઈ કુરેશીએ "અબતક" સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, છેલ્લા પાંચ વર્ષથી કુદરતી આફતને કારણે આંબાના પાકને નુકશાન થયુ છે અને એક કરોડથી વધુ આંબાનું નિકંદન નીકળી ગયું છે. ત્યારે આંબાના ઝાડને બચાવવા ખેડૂતો અને સરકાર મળીને નિરાકરણ લાવે તેમજ બાગાયતી પાકો માટે સરકાર પાકવીમો આપે તેવી ખેડૂતોની માંગ છે.આકાશી આફત બનીને આવેલા કમોસમી વરસાદે સૌરાષ્ટ્રમાં ઉનાળુ પાક સાથે કેસર કેરીના પાકને પણ નોંધ પ્રમાણમાં નુકસાન પહોચ્યું છે. માવઠાએ ગીર સોમનાથ, જુનાગઢ, અમરેલી પંથકમાં અનેક આંબાઓ પરથી કેરીઓ તોડી પાડી છે અને ખેડૂતોને મોટું નુકસાન પહોંચાડ્યું છે. જેના કારણે કેરીઓના શોખીનોને પુરતી માત્રામાં, સારી ગુણવત્તાની કેરીઓ મળવા અંગે પ્રશ્નાર્થ સર્જાયો છે.

સૌરાષ્ટ્રમાં છેલ્લા સપ્તાહમાં મોસમ બદલાઈ છે અને પવન સાથે આવેલા માવઠાથી કેરીઓના પાકને અસર થઈ રહી છે. ગીર સોમનાથ જિલ્લામાં ઉના, તાલાલા સહિતના વિસ્તારો, અમરેલી જિલ્લાના વિવિધ વિસ્તારો તેમજ જૂનાગઢ જિલ્લામાં આંબાઓ પરથી કેરીઓ ખરવા લાગી છે. પાકવાની તૈયારીમાં રહેલી કેરીઓ ખરવા લાગી છે. જેના કારણે આ વર્ષે પાક ઉતાર ઓછો આવે તેવી સ્થિતિ સર્જાઈ છે. અનેક ખેડૂતોને ફટકો પડ્યો છે.

## દેશભરમાં વાતાવરણ પલટાયુંઃ આજે ૧૫ રાજયોમાં કમોસમી વરસાદની આગાહી

# ચીન પાસેથી મેગ્નેટની જબરદસ્ત ખરીદી કરતું અમેરિકા, સાઉથ કોરિયા અને ફ્રાન્સ

## ચીને જાન્યુઆરી અને ફેબ્રુઆરીમાં ૮.૨ ટકાના વધારા સાથે કુલ ૧૦,૭૬૩ મેટ્રિક ટન નિકાસ કરી

### રેર અર્થ મેગ્નેટ અનેક ક્ષેત્રોમાં કરોડરજ્જુ સમાન

રેર અર્થ મેગ્નેટ એ આધુનિક ટેકનોલોજી માટે કરોડરજ્જુ સમાન છે. સ્માર્ટફોન, ઈલેક્ટ્રિક વાહનો, અને અદ્યતન લશ્કરી સાધનોના નિર્માણમાં તેનો સીધો અને મોટો ઉપયોગ થાય છે. ચીન આ મેગ્નેટના ઉત્પાદનમાં સમગ્ર વિશ્વમાં પ્રથમ ક્રમે છે, જેના કારણે વૈશ્વિક સપ્લાય ચેઈનમાં તેનો દબદબો રહેલો છે. અમેરિકા અને અન્ય દેશો આ ક્ષેત્રમાં ચીન પરની તેમની નિર્ભરતા ઘટાડવાના પ્રયાસો કરી રહ્યા છે, છતાં નિકાસના આંકડાઓ દર્શાવે છે કે ચીનનું વર્ચસ્વ તોડવું હાલના તબક્કે ઘણું મુશ્કેલ છે.

**અબતક, નવી દિલ્હી**

વર્ષ ૨૦૨૬ ના પ્રથમ બે મહિનામાં ચીનની રેર અર્થ મેગ્નેટની નિકાસમાં ગત વર્ષના સમાન સમયગાળાની સરખામણીએ ૮.૨% નો વધારો નોંધાયો છે. શુક્રવારે જાહેર થયેલા કસ્ટમ ડેટા અનુસાર, વિશ્વની બે સૌથી મોટી અર્થવ્યવસ્થાઓના નેતાઓ વચ્ચેની અતિ-મહત્વપૂર્ણ બેઠક પહેલા આ આંકડા સામે આવ્યા છે. જનરલ એડમિનિસ્ટ્રેશન ઓફ કસ્ટમ્સના ડેટા દર્શાવે છે કે જાન્યુઆરી અને ફેબ્રુઆરી વચ્ચે ચીનમાંથી કુલ ૧૦,૭૬૩ મેટ્રિક ટન રેર અર્થ મેગ્નેટની નિકાસ થઈ હતી. નોંધનીય છે કે આ મેગ્નેટનો ઉપયોગ મોબાઈલ ફોનથી લઈને ઓટોમોબાઈલ અને સંરક્ષણ ક્ષેત્રમાં બહોળા પ્રમાણમાં થાય છે.

ગયા વર્ષે એપ્રિલમાં ચીન સરકાર દ્વારા કેટલાક ભારે તત્વો અને મેગ્નેટ પર નિકાસ નિયંત્રણો લાદવામાં આવ્યા હતા. આ નિયંત્રણો પહેલાના વર્ષના આંકડા જોઈએ તો, ગત વર્ષે જાન્યુઆરીમાં ૬,૩૫૭ ટન અને ફેબ્રુઆરીમાં ૩,૫૮૫ ટન નિકાસ થઈ હતી. જ્યારે આ વર્ષે જાન્યુઆરી અને ફેબ્રુઆરીમાં અનુક્રમે ૬,૦૨૪ ટન અને ૪,૭૩૯ ટન નિકાસ નોંધાઈ છે. આ આંકડા દર્શાવે છે કે તમામ પ્રતિબંધો અને નિયંત્રણો છતાં રેર અર્થ માર્કેટમાં ચીનની પકડ હજુ પણ મજબૂત છે.

દરમિયાન, વૈશ્વિક રાજકારણમાં પણ મોટી હિલચાલ જોવા મળી રહી છે. અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે જણાવ્યું હતું કે તેઓ ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથેની તેમની ૩૧ માર્ચથી ૨ એપ્રિલની નિર્ધારિત મુલાકાતને એક મહિના માટે ટાળવા માંગે છે. આ મુલાકાત મુલતવી રાખવા પાછળ ઈરાન યુદ્ધનું કારણ આપવામાં આવ્યું છે. આ બંને દેશોના વડાઓની મુલાકાત પર આંતરરાષ્ટ્રીય બજારો અને વેપાર જગતની નજર મંડાયેલી છે, ત્યારે આ વિલંબની અસર આગામી દિવસોમાં જોવા મળી શકે છે.

જાન્યુઆરી અને ફેબ્રુઆરી દરમિયાન ચીનના રેર અર્થ મેગ્નેટ માટે જર્મની, દક્ષિણ કોરિયા, અમેરિકા, વિયેતનામ અને ફ્રાન્સ (અનુ. આઠમા પાને)

# ૨૦૩૬ સુધીમાં ભારત બિન-અશ્મિભૂત ઈંધણથી ૭૮૬ ગીગાવોટ વીજળી ઉત્પન્ન કરશે

## વીજ મંત્રી મનોહરલાલ અને પુનઃપ્રાપ્ય ઉર્જા મંત્રી પ્રહલાદ જોશીએ ભારત ઈલેક્ટ્રિસિટી સમિટમાં ઉર્જા ક્ષેત્રની ભવિષ્યની યોજનાઓ રજૂ કરી

**અબતક, નવી દિલ્હી**

ભારત નાણાકીય વર્ષ ૨૦૩૬ સુધીમાં તેની બિન-અશ્મિભૂત ઈંધણ (કલીન એનર્જી) પાવર ક્ષમતા વધારીને ૭૮૬ ગીગાવોટ કરવાની અપેક્ષા રાખે છે. ઉર્જા મંત્રાલયના રિપોર્ટ અનુસાર, ૨૦૩૦ માટે નક્કી કરાયેલા ૫૦૦ ગીગાવોટના લક્ષ્યાંકને પાર કરીને દેશ કલીન એનર્જી તરફ મક્કમ ગતિએ આગળ વધી રહ્યો છે. આ જ સમયગાળા દરમિયાન, અશ્મિભૂત ઈંધણ (ફોસિલ ફ્યુઅલ) આધારિત ક્ષમતા ૩૩૫ ગીગાવોટ રહેવાનો અંદાજ છે, જેથી નાણાકીય વર્ષ ૨૦૩૬ના અંત સુધીમાં કુલ વીજ સ્થાપિત ક્ષમતા ૧,૧૨૧ ગીગાવોટથવાની સંભાવના છે, જેમાં ૭૦% હિસ્સો બિન-અશ્મિભૂત ઉર્જાનો હશે.

ભારત ઈલેક્ટ્રિસિટી સમિટમાં (અનુ. આઠમા પાને)






# "વનતારા" દરેક પ્રાણીઓ માટે જીવનનો શ્રેષ્ઠ - આરામદાયક આશરો

## "વનતારા" પાસેના વધુ એક પડકારનો અંતઃ રીટ સામે સુપ્રીમે કર્યું પ્રેમાળ વાતાવરણમાં સ્થાયી થયેલા પ્રાણીઓને ખલેલ પહોંચાડવી એક પ્રકારની ક્રૂરતા

**અબતક, રાજકોટ**

ભારતની સુપ્રીમ કોર્ટે ૯ માર્ચ ૨૦૨૬ના રોજ આપેલા પોતાના ચુકાદા દ્વારા રિટ પિટિશન નંબર ૧૧૧૩/૨૦૨૫ને ફગાવી દેતાં એક ફાઉન્ડેશને વનતારા વિરુદ્ધ કરેલા એ તમામ આરોપોને નકારી કાઢ્યા છે, જેમાં દાવો કરાયો હતો કે વિદેશોમાંથી કરાયેલી સંખ્યાબંધ પ્રાણીઓની આયાતમાં CITES હેઠળ આવતાં આંતરરાષ્ટ્રીય વન્યજીવ વ્યાપારી નિયમોનું ઉલ્લંઘન કરાયું છે.

અદાલતને આ અરજીમાં કોઈ તથ્ય જણાયું નથી અને અગાઉ અદાલત દ્વારા નિયુકત સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (સીટ) દ્વારા વનતારાને આપવામાં આવેલી 'કલીનચીટ'ની પુનઃપુષ્ટિ કરાઈ છે. અગાઉ આ સીટના તારણોને અગાઉની કોઓર્ડિનેટ બેન્ચ દ્વારા સ્વીકારવામાં આવ્યા હતા. સીટ અને CITES સેક્રેટરીએટ બંનેએ સ્વતંત્ર રીતે તપાસ કરી હતી અને તેઓ એ નિષ્કર્ષ પર આવ્યા હતા કે વનતારાની આયાત પ્રક્રિયા કે દસ્તાવેજોમાં કોઈપણ સ્થાનિક અથવા આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન કરાયું નથી કે ક્યાંય અનિયમિતતા જોવા મળી નથી.

અદાલતે એમ પણ ઠેરવ્યું હતું કે, કાયદેસર રીતે આપવામાં આવેલી મંજૂરીઓ પર માત્ર એ કારણસર જ પ્રશ્ન ઉઠાવી શકાય નહીં કે પ્રાણીઓના સ્થાનાંતરણ પછી જ આક્ષેપો ઉદ્ભવ્યા છે. અદાલતે એવું પણ અવલોકન કર્યું કે જે પ્રાણીઓ પહેલેથી જ કાયદેસર અને પ્રેમાળ વાતાવરણમાં સ્થાયી થઈ ગયા હોય, તેમને ખલેલ પહોંચાડવી તે પોતે જ એક પ્રકારની ક્રૂરતા ગણાશે.

આ આદેશ સાથે વનતારાની કામગીરી સામેના વધુ એક પડકારનો અંત આવ્યો છે.જવાબદારીપૂર્ણ અને માનવીય અભિગમ સાથે પ્રાણીઓની સંભાળ પરત્વે વનતારાની પ્રતિબદ્ધતાને દેશની સર્વોચ્ચ અદાલત દ્વારા પણ સંપૂર્ણપણે ન્યાયસંગત ઠેરવવામાં આવી છે.



### વનતારા વિશે

વનતારા ખાતે, દરેક આવનારું પ્રાણી પોતાની સાથે એક કહાણી લઈને આવે છે, જે ઘણીવાર ઈજા, ઉપેક્ષા, દુર્વ્યવહાર, વિસ્થાપન અથવા વિપરીત પરિસ્થિતિઓ સામે ટકી રહેવાને લીધે સર્જાયેલી હોય છે, અને તે પીડાદાયક સફર તેના બચાવ, રિકવરી અને ગૌરવપૂર્ણ જીવનમાં પરિવર્તિત થાય છે. ગુજરાતના જામનગરમાં એક વિશાળ કુદરતી લેન્ડસ્કેપ પર સ્થિત, વનતારા એક જીવંત ઈકોસિસ્ટમ તરીકે કાર્યરત છે જ્યાં પ્રાણીઓના ઘરો કુદરતી આવાસોને પ્રતિબિંબિત કરે છે અને ગમે ત્યાં વિચરણની આઝાદી, સામાજિકીકરણ, ખોરાક-પાણી અને સાર્વત્રિક સુખાકારી માટે જરૂરી અન્ય વર્તણૂકોને સાહજિક બનાવે છે.તેની વિશ્વકક્ષાની વન્યજીવ હોસ્પિટલોમાં અદ્યતન તબીબી સંભાળથી જ ઉપચાર શરૂ થઈ જાય છે, અને તે નિરંતર પુનર્વસન, જે-તે પ્રજાતિ માટેના વિશિષ્ટ ન્યૂટ્રીશન, સંવર્ધન અને આ દુભાયેલા જીવોનો આત્મવિશ્વાસ પ્રસ્થાપિત કરીને તેમનો તણાવ ઘટાડે તેવું વાતાવરણ ઉપલબ્ધ કરાવીને સતત ચાલુ રહે છે. એકસમયે વર્ષો સુધી જકડી રખાયેલા અથવા પરેશાની ભોગવી ચૂકેલા હાથીઓ અહીં હાથીઓ માટેની વિશાળકાયકેર ફેસિલિટીમાંસાંકળોના કોઈ પણ જાતના બંધન વિના ચાલીને, ખુલ્લા જળાશયોમાં સ્નાન કરીને અને સમુદાય સાથે સંવેદનાનો નાતો સાધીને પોતાની આઝાદીને ફરી માણે છે. જ્યારે હ્યુમન કોન્ફલિક્ટ એરિયામાંથી રેસ્ક્યુ કરાયેલી અથવા સાંકડા પાંજરામાંની કેદમાંથી ઉગારીને અહીં લવાયેલી બિગ કેટ્સને મોકળાશભરી જગ્યા ફાળવાય છે જેથી તે પોતાના કુદરતી આવાસમાં જ હોય તેવું અનુભવી શકે. વિજ્ઞાન, સહાનુભૂતિ અને જીવન પ્રત્યે ઊંડા આદર થકી માર્ગદર્શન મેળવીને, વનતારા વાસ્તવમાં પશુચિકિત્સકો, જીવવિજ્ઞાનીઓ, ક્યુરેટર્સ અને કેરગિવર્સને એકસાથે લાવ્યું છે જેથી જીવનની ગુણવત્તાને અર્થપૂર્ણ રીતે સુધારી શકાય, દરેક બીજી તકને ગરિમાપૂર્ણ જીવનમાં તબદિલ કરી શકાય, આગળ વધતા દરેક કદમને રિકવરીની દિશામાં માંડી શકાય, તેમજ દરેક જીવનને પાંગરવાની વધુ સારી તક પૂરી પાડી શકાય.

જ્યાં સ્મિત છે, ત્યાં જ જિંદગી છે

# સાચી ખુશી બહારની વસ્તુઓમાં નહીં, પરંતુ આપણાં વિચારો, સંબંધો અને સંતોષમાં: આજે વિશ્વ ખુશી દિવસ

## ખુશી એ માનવજીવનનું મૂળ તત્વ છે, તે માત્ર આનંદની લાગણી નથી, પરંતુ સ્વાસ્થ્ય, સંબંધો અને સફળતા માટે પણ આધારરૂપ છેઃ આ દિવસ ખુશીને મૂળભૂત માનવ ધ્યેય અને સુખાકારી અને સામાજિક વિકાસને પ્રોત્સાહન આપવા માટે એક મુખ્ય પરિબળ તરીકે પ્રકાશિત કરે છે

જીવન એક અનોખી સફર છે, જ્યાં દરેક ક્ષણ આપણને કંઈક શીખવતી જાય છે. સાચી ખુશી બહારની વસ્તુઓમાં નહીં, પરંતુ આપણાં વિચારો, સંબંધો અને સંતોષમાં વસે છે. જ્યારે આપણે નાની નાની વાતોમાં આનંદ શોધવાનું શીખીએ છીએ, ત્યારે જીવન સરળ અને સુંદર બની જાય છે. ખુશી એ કોઈ અંતિમ ગંતવ્ય નથી, પરંતુ રોજિંદા જીવનમાં જીવાતી એક ભાવના છે. આ દિવસનો ઉદ્દેશ્ય સમગ્ર વિશ્વમાં અસ્તિત્વમાં રહેલી ખુશીની ઉજવણી કરવાનો છે, ભલે તેને અલગ અલગ રીતે માપવામાં આવે છે. ખુશ રહેવું એ પરિસ્થિતિઓ પર નહીં, પરંતુ આપણાં દ્રષ્ટિકોણ પર આધારિત છે. મુશ્કેલીઓ વચ્ચે પણ જે વ્યક્તિ સકારાત્મકતા જાળવી રાખે છે, તે જ સાચા અર્થમાં ખુશ રહે છે. જીવનમાં પ્રેમ, આભાર અને સહાનુભૂતિ જેવી લાગણીઓનો સમાવેશ કરીએ, તો આપણે પોતે પણ ખુશ રહી શકીએ અને બીજાઓના જીવનમાં પણ ખુશી ફેલાવી શકીએ. યુએન-સમર્થિત વર્લ્ડ હેપીનેસ રિપોર્ટ અનુસાર, ઘણા દેશોમાં સોશિયલ મીડિયાનો ભારે ઉપયોગ યુવાનોના સુખાકારીને નુકસાન પહોંચાડી રહ્યો છે, જેમાં ફિનલેન્ડને સતત નવમા વર્ષે વિશ્વનો સૌથી ખુશ દેશ તરીકે સ્થાન આપવામાં આવ્યું છે. આ વર્ષના વર્લ્ડ હેપ્પીનેસ રિપોર્ટમાં સોશિયલ મીડિયાની અસર પર પ્રકાશ પાડવામાં આવ્યો છે, કારણ કે ઘણા દેશો




યુવાનો માટે સોશિયલ મીડિયાના ઉપયોગ પર કાયદાકીય નિયંત્રણો લાદે છે અથવા વિચારી રહ્યા છે. આ વર્ષે પણ નોર્ડિક દેશો ખુશીના રેન્કિંગમાં આગળ છે. આજે આંતરરાષ્ટ્રીય ખુશી દિવસ, જેને ખુશી દિવસ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે એક વૈશ્વિક ઉજવણી છે જે ખુશી અને સુખાકારીના મહત્વને ઓળખવા માટે સમર્પિત છે. ૨૦૧૨ માં સંયુક્ત રાષ્ટ્ર દ્વારા સ્થાપિત, આ દિવસ ખુશીને મૂળભૂત માનવ ધ્યેય અને સુખાકારી અને સામાજિક વિકાસને પ્રોત્સાહન આપવા માટે એક મુખ્ય પરિબળ તરીકે પ્રકાશિત કરે છે.

ખુશી આપણા જીવનમાં શું આનંદ લાવે છે તેના પર ચિંતનને પ્રોત્સાહિત કરે છે અને વ્યક્તિગત રીતે અને આપણા સમુદાયોમાં ખુશી વધારવાના માર્ગો શોધે છે. આ વર્ષની થીમ 'સંભાળ અને વહેંચણી' છે, જે સુખી વાતાવરણ બનાવવા માટે જોડાણ, સહાનુભૂતિ અને એકબીજાને ટેકો આપવાના મૂલ્ય પર ભાર મૂકે છે. સુખ રેન્કિંગના મૂલ્યાંકન માટે છ પરિબળોમાં માથાદીઠ જીડીપી, આયુષ્ય, સામાજિક સહાય, જીવન પસંદગીઓ કરવાની સ્વતંત્રતા, ઉદારતા અને ભ્રષ્ટાચારની ધારણાઓનો સમાવેશ થાય છે. વર્લ્ડ હેપ્પીનેસ રિપોર્ટ ૨૦૨૬માં ફિનલેન્ડ નવમી વખત સૌથી ખુશ દેશ અને ભારત ૧૧૬મા ક્રમે રિપોર્ટમાં દર્શાવવામાં આવેલ છે. કુલ૧૪૭ દેશોમા આ વૈશ્વિક સર્વે કરવામાં આવે છે. ભારત ૨૦૨૫માં તેના ૧૧૮મા સ્થાનમાં થોડો સુધારો થયો છે. જીવનમાં ખુશીનું વિશેષ મહત્વ હોય છે. ખુશી એ માનવ જીવનનું મૂળ તત્વ છે. તે માત્ર આનંદની લાગણી નથી, પરંતુ સ્વાસ્થ્ય, સંબંધો અને સફળતા માટે પણ આધારરૂપ છે. માનસિક સ્વાસ્થ્ય માટે ખુશ રહેવાથી તણાવ ઓછો થાય છે અને મન શાંત રહે છે. શારીરિક સ્વાસ્થ્ય અંગે ખુશી શરીરમાં સકારાત્મક ઊર્જા લાવે છે, જે રોગપ્રતિકારક શકિત વધારવામાં મદદ કરે છે. સંબંધો સુધારવામાં ખુશ



માણસ પોતાના પરિવાર, મિત્રો અને સમાજ સાથે વધુ સારા સંબંધો બનાવી શકે છે. સફળતા મેળવવામાં ખુશીથી પ્રેરણા મળે છે, જે વ્યક્તિને પોતાના લક્ષ્યો સુધી પહોંચવામાં સહાય કરે છે. ટૂંકમાં કહીએ તો, ખુશી જીવનને અર્થપૂર્ણ, સંતુલિત અને સુંદર બનાવે છે.અન્ય લોકો સાથે ખુશી શેર કરવાનો બીજો રસ્તો સોશિયલ મીડિયા હોઈ શકે છે.આંતરરાષ્ટ્રીય ખુશી દિવસ માટે આ એક ખાસ શક્તિશાળી સાધન બની શકે છે, કારણ કે તે લોકોને તેમની પ્રવૃત્તિઓ અને તેઓ જે ખુશી લાવે છે તેને સેકન્ડોમાં વિશ્વભરમાં શેર કરવા અને ફેલાવવાની મંજૂરી આપે છે. આપણ

દૈનિક જીવનમા ખુશી જાળવવા માટેની નાની-નાની આદતો પર ધ્યાન આપવું જરૂરી છે. સવારની શરૂઆત સકારાત્મક રીતે કરો, ઉઠતાં વેત જ સ્મિત કરો અને દિવસ માટે આભાર માનો. નાની જીતોને ઉજવો અને નાના કામ પૂરાં થયા પછી પોતાને અભિનંદન આપો. પ્રકૃતિ સાથે જોડાઓ, દરરોજ થોડો સમય બહાર વિતાવો સૂર્યપ્રકાશ, વૃક્ષો, પંખીઓ મનને શાંતિ આપે છે.

ડિજિટલ બ્રેક લો અને ફોન કે સોશિયલ મીડિયા પરથી થોડો સમય દૂર રહીને મનને આરામ આપો. સકારાત્મક શબ્દો બોલો સાથે બીજાને પ્રોત્સાહન આપો, પ્રશંસા કરો તે તમને પણ ખુશ બનાવશે. હસવાનું ભૂલશો નહીં, રોજિંદા જીવનમાં હાસ્ય ઉમેરો, તે તણાવ દૂર કરે છે. રોજ થોડો સમય પોતાને માટે રાખો વાંચન, સંગીત કે ધ્યાન કરો. આ નાની આદતો સતત અપનાવવાથી ખુશી જીવનનો સ્વાભાવિક ભાગ બની જાય છે. આ વર્ષની થીમ સોશિયલ મીડિયા અને ખુશી વચ્ચેના સંબંધની શોધ કરે છે, જે આપણા સુખાકારી માટેના સંભવિત પડકારો તેમજ આપણે બધા સારા માટે ટેકનોલોજીનો ઉપયોગ કેવી રીતે કરી શકીએ તે પર પ્રકાશ પાડે છે.સોશિયલ મીડિયાનો ઉપયોગ કરવાનો કોઈ એક ''સાચો'' રસ્તો નથી, પરંતુ આપણે તેનો ઉપયોગ કેવી રીતે કરીએ છીએ અને ઓનલાઈન એકબીજા સાથે કેવી રીતે વર્તીએ છીએ તે અંગે નાના, વિચારશીલ નિર્ણયો ખરેખર ફરક લાવી શકે છે.જ્યારે આપણે સામૂહિક રીતે કાર્ય કરીએ છીએ, ત્યારે આપણે ઓનલાઈન અને ઓફલાઈન બંને રીતે એક સુખી, દયાળુ વિશ્વ બનાવી શકીએ છીએ વ્યકિતગત સ્તરે ખુશી કોઈપણ દિવસને વધુ સારો બનાવી શકે છે અને કોઈપણ વ્યકિતના જીવનમાં ઘણું મૂલ્ય ઉમેરી શકે છે! પરંતુ જો ખુશીને ફક્ત સ્થાનિક સ્તરે જ નહીં પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરે પણ પ્રશંસા અને પ્રશંસા કરવામાં આવે તે જરૂરી છે. ગ્રોસ નેશનલ હેપ્પીનેસ રજૂ કરવામાં આવ્યું છે જ્યારે ભૂટાનના ચોથા રાજા દ્વારા ''એકંદર રાષ્ટ્રીય સુખ'' વાક્ય ઉચ્ચારવામાં આવે છે, ત્યારે તેઓ ટકાઉ વિકાસ અને આર્થિક વિકાસ કરતાં સર્વાંગી અભિગમનું મૂલ્યાંકન કરવા માટે વલણ અપનાવે છે, સુખાકારીના બિન-આર્થિક પાસાઓને સમાન મહત્વ આપે છે. ૨૦૦૬માં સંયુકત રાષ્ટ્રમાં ''હેપ્પીટાલિઝમ'' ઝુંબેશ શરૂ થાય છે. જેને ઈલિયન અને લુઈસ ગેલાર્ડો દ્વારા સ્થાપિત, હેપ્પીટાલિઝમ પ્રોજેક્ટ સમગ્ર વિશ્વમાં ખુશી, સુખાકારી અને સ્વતંત્રતાના કારણને આગળ વધારવા માટે રચવામાં આવ્યો છે.

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
મો.૯૮૨૫૦૭૮૦૦૦

### વિશ્વના ટોપ ટેન ખુશ દેશો

વર્ડ હેપ્પીનેસ રિપોર્ટ ૨૦૨૬ના સર્વે અનુસાર વિશ્વના આ ૧૦ દેશો સૌથી વધુ ખુશ જોવા મળેલ છે, જેમાં ટોપ ૧૦ માં ફિનલેન્ડ, ડેનમાર્ક, આઈસલેન્ડ, સ્વીડન,નેધરલેન્ડ, કોસ્ટ રિકા, નોર્વે, ઈઝરાયલ, લઝમબર્ક અને મેક્સિકો નો સમાવેશ થાય છે. કુલ ૧૪૭ દેશોમાં આ સર્વે કરીને રિપોર્ટ યાદી બહાર પાડી છે.

**આ વર્ષની થીમ 'સંભાળ અને વહેંચણી' છે, જે સુખી વાતાવરણ બનાવવા માટે જોડાણ, સહાનુભૂતિ અને એકબીજાને ટેકો આપવાના મૂલ્ય પર ભાર મૂકે છેઃ ફિનલેન્ડને સતત નવમા વર્ષે વિશ્વનો સૌથી ખુશ દેશ તરીકે સ્થાન આપવામાં આવ્યું**

# જૂનાગઢના માઁઈ ભક્તો ચૈત્રી નવરાત્રિના આરંભ સાથે જ ''માઁ''ની ભક્તિમાં લીન

## જપ, તપ, અનુષ્ઠાન અને હોમ હવનના પ્રારંભ : મંદિરોમાં ભાવિકોની ભીડ

**અબતક, દર્શન જોષી, જૂનાગઢ**

જગત જનની આદ્યશકિતની પૂજા, અર્ચના, જપ, તપ કરવાના પાવન પર્વ એવા ચૈત્રી નવરાત્રીનો ગઈકાલથી પ્રારંભ થયો છે, ત્યારે જુનાગઢ નગર સહિત સમગ્ર જિલ્લામાં આવેલા માતાજીના મંદિરો, મઢોમાં માતાજીના દર્શન કરવા ભાવિક ભક્તજનોની ભારે ભીડ જોવા મળી રહી છે, બીજી બાજુ માઈ ભક્તો દ્વારા જપ, તપ, અનુષ્ઠાન અને હોમ હવનનો પણ પ્રારંભ કરી દીધો છે.



ચૈત્રી નવરાત્રીનું આજે બીજું નોરતું છે, ત્યારે જૂનાગઢના ગિરનાર રોડ ઉપર આવેલ વાઘેશ્વરી મંદિર, ગાયત્રી મંદિર, દાણાપીઠમાં આવેલા મહાલક્ષ્મી માતાજીનું મંદિર, કૃષિ યુનિવર્સિટી અને ખામધ્રોળ રોડ પર આવેલ ખોડીયાર મંદિર અને ગરવા ગિરનાર ઉપર આવેલા શક્તિપીઠ એવા માં અંબાજીના મંદિરે ચૈત્રી નોરતા નિમિત્તે માતાજીને ખાસ શણગાર કરવામાં આવી રહ્યા છે. આ સાથે વિવિધ પૂજન, અર્ચન અને આરતી સહિતના ધાર્મિક કાર્યક્રમોના આયોજન કરાયા છે.જૂનાગઢ સહિત સમગ્ર જિલ્લામાં આવેલા માતાજીના મંદિરો અને મઢોને રંગબેરંગી રોશની અને ધજાકા, પતાકા તથા આસોપાલવ સહિતના પાનથી સુશોભિત કરાયા છે, મંદિરોમાં વિશેષ પૂજન, અર્ચનની સાથે વિશેષ આરતી અને ગરબા તથા ધાર્મિક આયોજનો કરવામાં આવ્યા છે. જગતજનની મા જગદંબાને રીઝવવા અને આશીર્વાદ મેળવવાના પાવન પવિત્ર ચૈત્રી નોરતાનો ગઈકાલથી પ્રારંભ થતાં ભાઈ ભક્તો દ્વારા ઉપવાસ, એકટાણા સાથે વિવિધ રીતે અનુષ્ઠાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

# સુરેન્દ્રનગર મનપાના વેરા વસુલાત કેન્દ્ર રજાના દિવસોમાં પણ રહેશે ચાલુ

## ૩૧મી સુધીમાં બાકીની મિલકત વેરો, વ્યવસાય વેરો ભરપાઈ કરવા હાંકલ

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર મહાનગરપાલિકા દ્વારા આગામી તા.૩૧ માર્ચ ૨૦૨૬ સુધી શનિ-રવિ અને જાહેર રજાના દિવસો દરમિયાન પણ વેરા વસૂલાત કેન્દ્રો શરૂ રાખવામાં આવ્યા છે. શહેરીજનો જાહેર રજાના દિવસો દરમિયાન પણ બાકીનો મિલકત વેરો, વ્યવસાય વેરો તથા પાણી વેરાની ભરપાઈ સુરેન્દ્રનગર મહાનગરપાલિકાની મુખ્ય કચેરી, ઉત્તર ઝોન, દક્ષિણ ઝોન તથા જોરાવરનગર લાઈબ્રેરી ખાતે કાર્યરત વેરા વસુલાત કેન્દ્ર ખાતે સવારે ૧૦.૩૦ થી સાંજના ૫.૦૦ વાગ્યા સુધી વેરો ભરપાઈ કરી શકશે. આ ઉપરાંત શહેરીજનો પોર્ટલ પરથી પણ ઓનલાઈન વેરો ભરપાઈ કરી શકશે. અત્રે ઉલ્લેખનીય છેકે આગામી તા.૩૧ માર્ચ ૨૦૨૬ સુધીમાં બાકી રહેલા મિલકત વેરો, વ્યવસાય વેરો તથા પાણી વેરાની ભરપાઈ ન કરનારની મિલકત સીલ કરવાની કાર્યવાહી કરવામાં આવશે તેમજ પાણી તથા ગટર કનેક્શન પણ કાપી નાખવામાં આવશે.

# આવતીકાલનું રાશિફળ

**તા.૨૧.૩.૨૦૨૬ શનિવાર, સંવંત ૨૦૮૨, ચૈત્ર સુદ ત્રીજ, અશ્વિની નક્ષત્ર, ઐંદ્ર યોગ, તૈતિલ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ મેષ (અ,લ,ઈ) રહેશે**

**મેષ (અ,લ,ઈ) :** અંગત સંબંધોમાં સારું રહે, મનની વાત સારી રીતે વ્યક્ત કરી શકો, દિવસ લાગણી સભર રહે .

**વૃષભ (બ,વ,ઉ) :** તમારી જાત સાથે સંવાદ કરી શકો, મનોમંથન કરી શકો, મુશ્કેલીમાંથી માર્ગ મળે, મધ્યમ દિવસ.

**મિથુન (ક,છ,ઘ) :** કોઈ કોઈ કાર્યમાં રુકાવટ આવતી જણાય, અટકેલા કાર્ય માટે બુદ્ધિપૂર્વક કુનેહથી રસ્તા કાઢવા પડે.

**કર્ક (ડ,હ) :** નોકરિયાતવર્ગને સ્થિરતા પ્રાપ્ત થાય, ધંધો રોજગાર શોધતા મિત્રો માટે સારો દિવસ, પ્રગતિ થાય.

**સિંહ (મ,ટ) :** તમારા કાર્યમાં અંતરાયો દૂર કરી આગળ વધી શકો, મિત્રોની મદદ મળી રહે, લોકોની પ્રશંશા મળે, શુભ દિન.

**કન્યા (પ,ઠ,ણ) :** અગાઉ કરતા માહોલ જુદો લાગે, ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે, દિવસ એકંદરે સારો રહે.

**તુલા (ર,ત) :** દામ્પત્યજીવનમાં સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો,ભાગીદારીમાં કામ હોય તો સફળતા મળે.

**વૃશ્ચિક (ન,ય) :** કેટલીક બાબતોમાં મનમાં દ્વિધા રહ્યા કરે, ચોક્કસ નિર્ણય પર ના આવી શકો, કેટલીક બાબત છોડી ના શકો.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** વિવાહયોગ્ય મિત્રો માટે શુભ સમય, સારી વાત આવી શકે છે, શુભ કાર્ય માટે સમય સાથ આપતો જણાય.

**મકર (ખ,જ) :** નવી વસ્તુની ખરીદી થાય, દિવસ આનંદ પ્રમોદ માં વીતે, જરૂરી ગેઝેટ્સ વસાવી શકો કે વ્યવસ્થા કરી શકો.

**કુંભ (ગ,સ,શ) :** સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક, વેપારીવર્ગને સારું રહે, નોકરિયાતને મધ્યં રહે, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.

**મીન (દ,ચ,ઝ,થ) :** સામાજિક કૌટુંબિક કાર્ય થાય, પરિવાર સાથે આનંદ માણી શકો, વાણી વિચારથી લોકો ને પ્રભાવિત કરી શકો.

# બગસરામાં આંગણવાડીના બહેનોએ પડતર પ્રશ્નો ઉકેલવાની માંગ સાથે આપ્યું આવેદન

## ત્રણ દિવસની માસ સીએલ પર ઉતરી કર્યા વિરોધ





**અબતક, સમીર વિરાણી, બગસરા**

બગસરામાં આંગણવાડીની બહેનોએ સી ડી પી ઓને આવેદન આપવામાં આવ્યુ હતું અને ત્રણ દીવસ માટે માશ સિવિલ પર ઉતરીને વિરોધ વ્યકત કરેલ હતો.ત્યાર તમામ મહિલાઓ ધરણા પણ કરવામાં આવ્યા હતા. અને સુત્રોચાર કરી હમારી માંગે પૂરી કારોના નારા લગાવ્યા હતા. ત્રણ દિવશ માસ સિવિલ પર ઉતરી ધરણા પર બગસરા શહેરના ભૂતનાથ મહાદેવ મંદિર ખાતે બેસવામાં આવ્યા હતા.આ તમામ માગણીઓને સુખદ અંત આપો તેવી માંગણી સાથે મહિલાઓ દ્વારા હમ સબ એક હે હમારી માંગણી પુરી કરો તેવા નારા સાથે આવેદન આપવામાં આવ્યું હતું. અને જો અમારી માંગણી પુરી નહિ કરવામાં આવે તો આમો આ આંદોલનને વધુ જલદ રૂપ આપીશું તેવી ચીમકી ભાવનાબેન ભટ્ટી જિલ્લા આંગણવાડી પ્રમુખએ આપવામાં આવી હતી.

# દ્વારકાઃ ચૈત્રી નવરાત્રિએ માઁઈભકતો દ્વારા વિશેષ પૂજા-આરતી

**અબતક, મહેન્દ્ર કકકડ, દ્વારકા**



ચૈત્રી નવરાત્રિ અંગે દેશભરની સાથો સાથ દેવભૂમિ દ્વારકા જીલ્લામાં પણ માઈભકતોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. દેવીભકતો સવારથી જ તેમના કુળદેવી માતાજીના મંદિરોમાં તેમજ જિલ્લાના પ્રમુખ શકિત સ્થાનો પર ભીડ જોવા મળી હતી. ભકતો દ્વારા ઘટસ્થાપન તથા વિશેષ પૂજા શરુ કરવામાં આવી છે. ચૈત્રી સપ્તશનિના પાઠ, મંત્ર, જાપ, માળા, ગાયત્રી ચાલીસા, સિધ્ધકુંજિકા સ્ત્રોત્ર દેવીકવચ જેવા પાઠ તથા માળા અને અષ્ટમીનો હવન પણ કરે છે.

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૨૦-૦૩-૨૦૨૬ શુક્રવાર**

૧૨:૦૦ થી ૦૨:૩૦ ગુજરાતી મુવી (ઝમકુડી)
૦૨:૩૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (કાજલ ઓઝા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (પનીર અફઘાની)+(પનીર બેગમ બહાર)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.સુશીલ કારિઆ)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૩૦ ગુજરાતી નાટક (મારી વાઈફ મારી કોમ)
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલ જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૧-૦૩-૨૦૨૬ શનિવાર**

૦૭:૦૦ થી ૧૦:૦૦ સાળંગપુર (શ્રી કષ્ટભંજન દેવ)લાઈવ
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## અબતક પંચાગ

**તા.૨૧-૩ -૨૦૨૬ શનીવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** ચૈત્ર શુદ ત્રીજ
**નક્ષત્ર** અશ્વીની
**યોગ** ઐન્દ્ર **કરણઃ** તૈતિલ
**સુર્યોદય** ૬.૫૧ **સુર્યાસ્તઃ** ૬.૫૮
**ચંદ્ર રાશી** મેષ
**રાશિ અક્ષર** અ.લ.ઈ.
**દિશાશૂળ** પૂર્વ દિશા તરફ
**રાહુકાળ** સવારે ૯ થી ૧૦.૩૦
**દિવસનાચોઘડીયા** કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ
**રાત્રીનાચોઘડીયા** લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૩૧ થી ૧.૧૯

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૮૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | | | ૨ | | | | | ૩ |
| ૧ | | | | | ૯ | | | |
| | | | | | | | ૨ | |
| | | | ૩ | | ૭ | | | ૫ |
| | | | | | | | ૬ | |
| | ૭ | ૫ | ૮ | | | | ૨ | |
| | | ૮ | | | ૫ | | | |
| | | ૭ | | | | | ૬ | |
| | ૬ | ૩ | | ૮ | | | ૪ | ૭ |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૮૬ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૪ | ૫ | ૧ | ૬ | ૯ | ૩ | ૭ | ૮ |
| ૧ | ૮ | ૬ | ૩ | ૭ | ૨ | ૪ | ૫ | ૯ |
| ૯ | ૭ | ૩ | ૮ | ૫ | ૪ | ૧ | ૨ | ૬ |
| ૪ | ૨ | ૯ | ૫ | ૧ | ૮ | ૬ | ૩ | ૭ |
| ૩ | ૫ | ૮ | ૬ | ૪ | ૭ | ૨ | ૯ | ૧ |
| ૬ | ૧ | ૭ | ૨ | ૯ | ૩ | ૮ | ૪ | ૫ |
| ૮ | ૯ | ૧ | ૪ | ૩ | ૫ | ૭ | ૬ | ૨ |
| ૭ | ૩ | ૨ | ૯ | ૮ | ૬ | ૫ | ૧ | ૪ |
| ૫ | ૬ | ૪ | ૭ | ૨ | ૧ | ૯ | ૮ | ૩ |

# બુધ મહારાજ ૨૧ માર્ચથી માર્ગી બની રહ્યા છે

અગાઉ અત્રે લખ્યા મુજબ ગ્રહણ પછીનો એક માસ યુદ્ધની દ્રષ્ટિએ ભારે ગણાય એ મુજબ મિડલ ઈસ્ટમાં અને પાકિસ્તાન અફઘાન યુદ્ધ ચાલુ છે અને હજુ આગામી દિવસોમાં અન્ય મોરચે પણ સાવધાની રાખવી જરૂરી બનશે ! બીજી બાજુ વાટાઘાટ અને અર્થવ્યવસ્થાના સ્વામી બુધ મહારાજ ૨૧ માર્ચ થી માર્ગી બની રહ્યા છે જે ૨૧ તારીખ કે એના પછી વાટાઘાટોના દરવાજા ખોલી આપશે અને અર્થવ્યવસ્થા માટે પણ સારું કામ કરશે એ આશા આગામી દિવસોમાં આપણે રાખી શકીએ પરંતુ ૩ માર્ચ પછીનો એક માસ અવ્યસ્થા ભરેલો રહે તે મેં અત્રે અગાઉ જ લખેલ હતું. વ્યકિતગત રીતે જોઈએ તો પણ આ સમય ચોક્કસ નિર્ણય પર આવવામાં તકલીફ પડે મનમાં અસમંજસ રહે અને કોઈ કાર્ય સાવ શાંતિ થી પાર પડતું ના જણાય જે માટે દૈવી આરાધના જરૂરી બને વળી હાલમાં ચૈત્રી નવરાત્રી ચાલુ છે તેમાં આરાધના કરવાથી જીવનમાં સફળતા તરફ પ્રયાણ કરી શકાય.



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

# ગોંડલમાં વાવાઝોડુ અને વરસાદ વચ્ચે અનેક વૃક્ષો ધરાશાયી



ગોંડલમાં બપોર બાદ હવામાન પલટાયું હતુ.અને વાવાઝોડા અને ગાજવીજ સાથે વરસાદ વરસતા લોકો ઘર મા પુરાયા હતા.ભારે તેજ પવન અને વરસાદ ને પગલે રાજમાર્ગો સુમસામ બન્યા હતાં.

વાવાઝોડા ને કારણે શહેર માં અનેક વૃક્ષો ધરાશઇ થયા હતા.મોટા હોર્ડીંગ નાં લીરા ઉડ્યા હતા.કોલેજચોક માં મધુરમ પાન ઉપર આવેલુ હોર્ડીંગ ધરાશઇ થયુ હતુ. પતરા કાગળ ની માફક ઉડ્યા હતા.બસસ્ટેન્ડ માં આવેલ તોતિંગ વૃક્ષ ધરાશઇ થતા સર્વિસ સ્ટેશન તથા ઓરડી સહિત નો ભાગ તુટી પડ્યો હતો. ગોંડલ નાં ડૈયા, શિવરાજગઢ, મોવિયા સહિત નાં ગ્રામ્ય વિસ્તાર માં ભારે પવન સાથે વરસાદ પડ્યો છે.

# લીંબડી: ઘાઘોસર સોલરમાં અનેક મોડયુઅલ પ્લેટો-ચેનલો ઉડી





**અબતક, અશ્ચિનસિંહ રાણા, લીંબડી**

લીંબડી તાલુકા ના ભલગામડા અંકેવાળિયા તથા ચોરણિયા સહિત આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં વહેલી સવારે ફુંકાયુ વાવાઝોડું ફુંકાયુ હતું. જેમાં ભલગામડા ગામે સીમમાં ખેડૂતો ના કપાસ જીરૂ અને એરંડા ના ખળા માં આવેલા પાક ને અરસ થતા ખેડૂતો ને આર્થિક નુકસાન વેઠવાનો નો વારો આવ્યો છે. ચાલુ વર્ષે અગાઉ દિવાળી સુધી સતત ભારે વરસાદ થી મોટા ભાગના ખેડૂતો નો બીટી કપાસ તથા જુવાર તલ એરંડા સહિત ના મોટા ભાગના પાકો નુ ધોવાણ થતા ખેડૂતો ને ભારે નુકસાની વેઠવાનો વારો આવ્યો હતો. રવી પાક નુ વાવેતર તૈયાર થઈ જતાં આજે વહેલી સવારે આવેલા ભારે ચક્રવાત વાવાઝોડા એ તારાજી વેરતા ખેડુતો ને મોઢામાં આવેલો કોળીયો ઝુંટવાયો છે. આ સાથે ચક્રવાતે લીંબડી અને ઘાઘોસર ગામની સીમમાં આવેલા જુનીપેર સોલર પ્લાન્ટ ને ચક્રવાતે ભરડો લેતા ભારે નુકસાન થયું છે. પ્રાપ્ત થતી વિગતો મુજબ આ પ્લાનમાં અનેક મોડ્યુઅલ પેનલ ચેનલો તથા અન્ય પાર્ટસ ઉડી જતા ભારે નુકસાન થયું છે. વહેલી સવારે ફૂંકાયેલા ભારે પવન અને વાવાઝોડા એ તારાજી વેરી છે. સોલર પ્લાન્ટ ની અનેક પ્લેટો પવન મા ઉડી ગઈ છે તો અનેક પ્લેટો વળી જતા બારે નુકસાન થયું હોવાનું જાણવા મળી રહ્યું છે.

# સોરઠમાં કમોસમી વરસાદે ધરતીપુત્ર પર આફત વરસાવી

## કેરીના પાકને નુકશાન 'ખાખડી' ખરી પાણીમાં વહી

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**



જુનાગઢ સહીત સમગ્ર પંથકમાં કમોસમી વરસાદે ચિંતામાં વધારો કર્યો છે. ગઈકાલે આખો દિવસ વાદળીયું વાતાવરણ રહ્યા બાદ સાંજના ભારે પવન સાથે કમોસમી વરસાદ થતાં જુનાગઢ શહેરના રોડ ઉપર પાણી વહેતા થયા હતા. તો ભેસાણમાં ભારે વરસાદ સાથે કરા પડ્યા હતા. આફત નોતરતા આ કમોસમી વરસાદના કારણે ઘઉં, જીરુ, ધાણા, ચણા અને શાકભાજી સહિતના ઉભા પાકને ભારે નુકસાની વેઠવી પડે તેવી સ્થિતિ સર્જાય છે, આ સાથે અમુક આંબાવાડિયામાં મોર અને ખાખડી ખરી પડી હોવાનું ખેડૂપુત્રો જણાવી રહ્યા છે, તો કમોસમી વરસાદને લઈને તંત્ર સતર્ક બન્યું છે. અને પરિસ્થિતિ ઉપર નજર રાખી રહ્યું છે.ચૈત્ર મહિનાના આગ જરતા તડકા અને ભારે ગરમી વચ્ચે છેલ્લા બે ત્રણ દિવસથી જુનાગઢ શહેર સહિત સમગ્ર પંથકમાં વાતાવરણે પલટો લીધો હતો, અને હળવાથી ભારે પવન સતત વહેતા ગરમીનો અહેસાસ ઓછો થતો હતો.

ચૈત્ર મહિનામાં કમોસમી વરસાદ થતાં ખેતરોમાં કાપણી પર આવેલા ઊભા રવિ પાક અને કાપણી થઈ પડેલા પાકો પલળી ગયા હોવાની તથા ખેડૂતોના ઘઉં, જીરુ, ધાણા, શાકભાજી સહિતના પાકને નુકશાન થતા મોઢે આવેલો કોળિયો ઝૂંટવાઈ ગયો હોવાનું ચિંતિત ધરતી પુત્રો જણાવી રહ્યા છે. કેરીના હબ ગણાતા જુનાગઢ જિલ્લાના આંબાવાડીઓના ખેડૂતોની હાલત પણ કમોસમી વરસાદના કારણે ચિંતાજન્ય બની હોવાનું સંભળાઈ રહ્યું છે, ખેડૂઓના જણાવ્યા મુજબ, પવન અને માવઠાના લીધે આંબા પર બેસેલ મોર અને નાની ખાખડીઓ ખરી જવા પાણી છે, જેના કારણે અમુક આંબાવાડિયા ૫૦ ટકા જેઠાણી કેરીનું ઉત્પાદન ઓછું આવશે, જેથી ખેડૂતોને માવઠાના કારણે મોટો આર્થિક માર શહન કરવો પડશે.

આમ જોઈએ તો, ચૈત્ર મહિનાના તડકા અને ગરમીમાં કમોસમી વરસાદના કારણે લોકોને ગરમીમાં અંશતઃ રાહત થવા પામી છે. તો બીજી બાજુ આ કમોસમી વરસાદના કારણે ઉભા પાક તથા કાપેલા પાકને ભારે નુકસાન પહોંચ્યું હોવાનું ખેડૂતો જણાવી રહ્યા છે. ત્યારે આ કમોસમી વરસાદે ખેડૂત પુત્રોને માથે હાથ બેસીને રોવા જેવી પરિસ્થિતિ ઉત્પન્ન કરી છે.

# ધ્રાંગધ્રામાં ભારે પવન સાથે વૃક્ષો જમીન દોસ્ત

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**



ધ્રાંગધ્રા શહેરમાં કમોસમી હવામાન બદલાવના કારણે ભારે પવન સાથે વરસાદી ઝાપટાં વરસતા શહેરના વિવિધ વિસ્તારોમાં અસર જોવા મળી હતી. ખાસ કરીને ભાર્ગવી સોસાયટી વિસ્તારમાં ગાજવીજ સાથે આવેલા તેજ પવનના ઝાપટામાં એક મોટું વૃક્ષ ધરાશાયી થઈ ગયું હતુ આ બનાવને પગલે રસ્તા પર અવરજવર માટે અડચણ ઉભી થઈ હતી. જોકે, ઘટનાની જાણ થતા જ ધ્રાંગધ્રા નગરપાલિકા તંત્ર તાત્કાલિક સક્રિય બન્યું હતું. પાલિકાની ટીમે ઘટનાસ્થળે પહોંચી ઝડપભેર કામગીરી હાથ ધરી વૃક્ષને રસ્તા પરથી દૂર કર્યું હતું અને ટૂંક સમયમાં જ માર્ગ ફરીથી વાહન વ્યવહાર માટે ખુલ્લો મુકાયો હતો નગરપાલિકાની આ ઝડપી કામગીરીને કારણે કોઈ મોટી દુર્ઘટના ટળી હતી તેમજ સ્થાનિક નાગરિકોએ પણ રાહતનો શ્વાસ લીધો હતો હવામાન વિભાગ દ્વારા આગામી દિવસોમાં પણ આવી પરિસ્થિતિ સર્જાય તેવી આગાહી કરવામાં આવી હોવાથી નાગરિકોને સાવચેતી રાખવા સૂચના આપવામાં આવી છે.

# જેતપુરમાં ત્રણ વૃક્ષ અને એક વિજપોલ પડ્યાં, ખેતરોમાં પાણી ભરાઈ ગયા



**અબતક, કરણ બારોટ, જેતપુરઃ** જેતપુરમાં ગુરૂવારે બપોરે એકાએક કાળા ડીબાંગ વાદળો ઘેરાય આવ્યા અને ધૂળની ડમરી સાથે ભારે પવન ફૂંકાયો અને થોડીવારમાં વરસાદ પણ વરસ્યો જેમાં શહેરમાં ત્રણ જગ્યાએ વૃક્ષો અને એક વિજપોલ ધરાશયી થઈ ગયો હતો. જાણે ચોમાસુ શરૂ થયું હોય તેવો માહોલ બની ગયો હતો. શહેરમાં સામાન્ય ઝાપટું પડ્યું હતું જ્યારે પંથકમાં મેવાસા, જેપુર, હરિપર, વીરપુર તેમજ બાવાપીપળીયા વગેરે ગામોમાં ખેતરમાં પાણી ભરાઈ ગયા હતા તેવો વરસાદ પડતાં ખેતરમાં ઘઉં, ચણા, ધાણા તેમજ મરચાંના પાકને નુકશાની થયાની દહેશત સેવાઈ રહી છે.ભારે પવને કારણે શહેરના ધોરાજી રોડ પર બે જગ્યાએ વૃક્ષ ધરાશયી થઈ ગયા હતા.

# ધ્રાંગધ્રા અગરિયા પરિવારોના ઝૂંપડા ઉડ્યાં

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**



ધ્રાંગધ્રા પંથકના રણકાંઠા વિસ્તારમાં મોડી રાત્રે આવેલા અચાનક વાવાઝોડાએ અગરિયા પરિવારોને ભારે મુશ્કેલીમાં મૂકી દીધા છે. ભારે પવન અને વરસાદના કારણે મીઠું પકવતા અગરિયા પરિવારોના ઝૂંપડા તૂટી પડ્યા છે તેમજ સોલર પેનલોને પણ ગંભીર નુકસાન થયું છે હવામાન વિભાગ દ્વારા ચાર દિવસ માટે કમોસમી વરસાદની આગાહી કરવામાં આવી હતી આ આગાહી વચ્ચે ગત મોડી રાત્રે આશરે ૩:૩૦ વાગ્યાના સમયે ધ્રાંગધ્રા પંથકમાં અચાનક જોરદાર પવન સાથે વાવાઝોડું ફૂંકાયું હતું. લગભગ વીસ મિનિટ સુધી પવનનો તાંડવ ચાલુ રહ્યો હતો, ત્યારબાદ વરસાદ પણ શરૂ થયો હતો આ વાવાઝોડાની સૌથી વધુ અસર રણકાંઠાના રામકથા વિસ્તારમાં જોવા મળી હતી, જ્યાં મીઠું પકવતા આશરે ૧૨૦૦થી વધુ અગરિયા પરિવારો વસવાટ કરે છે. ભારે પવનના કારણે અનેક ઝૂંપડા ધરાશાયી થયા હતા અને જીવનજીવિકા માટે ઉપયોગમાં લેવાતી સોલર પેનલો તૂટી જતા પરિવારો મુશ્કેલીમાં મુકાયા છે પ્રાથમિક અંદાજ મુજબ અગરિયા પરિવારોને લાખો રૂપિયાનું નુકસાન થયું હોવાનું સામે આવ્યું છે. અચાનક આવેલા આ વાવાઝોડાએ ગરીબ અગરિયા પરિવારોની હાલત કફોડી બનાવી દીધી છે અને તેઓ સરકાર પાસેથી સહાયની આશા રાખી રહ્યા છે.

# લાઠ ગામે ભારે પવનને કારણે ટ્રેક્ટર અને થ્રેસર કેનાલમાં ખાબક્યાં

## ૧૫ ફુટ ઉંડા કેનાલમાં પડતા ટ્રેક્ટર અને થ્રેસરમાં ભારે નુકશાનની થઈ



**અબતક, કીરીટ રાણપરીયા, ઉપલેટા**

લાઠ ગામને ખેડુત જીજ્ઞેશ ભાઈ ઉકાણીનું ટ્રેકટર અને થ્રેસર ખેતરેથી કામ પતાવી ઘર તરફ આવી રહ્યા હતા ત્યારે કેનાલ રોડ પર પડેલા ખાડાને કારણે ટ્રેકટર અને થ્રેસર કેનાલમાં પડી જતા ડ્રાઈવરનો બચાવ થયો હતો.

પ્રાપ્ત થતા વિગતો મુજબ ગઈકાલે ઉપલેટા પંથકમાં કમોસમી વરસાદને કારણે ખેતરોમાં પડેલ વરસાદ કારણે ખેડુતો ખેતીમાં ઉપયોગમાં લેવાતા ટ્રેકટર અને થ્રેસર મશીન લઈ કેનાલ રોડ પરથી લાઠ ગામે આવી રહ્યા હતા.

ત્યારે રસ્તામાં પડેલા ખાડાને કારણે ટ્રેકટર અને થ્રેસર૧૫ ફુટ ઉડી કેનાલમાં પડતા ડ્રાઈવર પ્રવિણ આલા રાઠોડ ચમત્કારી બચાવ થયો હતો તેને કોઈ ઈજા થવા પામેલ નહોતી પણ ટ્રેકટર અને થ્રેસરને ભારે નુકશાની જોવા મળી છે.

બનાવનું કારણ ડ્રાઈવર પ્રવિણભાઈ રાઠોડે જણાવેલ કે કેનાલ રોડ ઉપર મોટા ખાડા પડી જવાને કારણે વાહન ચલાવવા ભારે મુશ્કેલી પડે છે. ખેતરે જવાનો અન્ય કોઈ રસ્તો ન હોવાથી ફરજીયાત ત્યાં જ પસાર થવું પડે છે.

ઘટનાની જાણ થતા ગામની જાગૃત સરપંચ પૃથ્વીસિંહ ચુડાસમા ઘટના સ્થળે દોડી ગયા હતા. ઘટનાની વિગતો ડ્રાઈવર પાસેથી મેળવી હતી. જયારે સ્થાનીક પત્રકારો તે સરપંચ પૃથ્વીસિહ જણાવેલ કે કેનાલ વાળા રસ્તે કોઈ ભયજનક બોર્ડ મારેલ નથી રસ્તામાં મોટા મોટા ખાડા પડી ગયા છે.

તે વહેલસર બસ રોડની મરામત કરવામાં આવે તો આવા અકસ્માતો અટકી શકે.

# ઉપલેટા, પાનેલી, ભાયાવદર પંથકમાં માવઠાથી વ્યાપાક નુકસાનઃ એક ઈંચ વરસાદ પડ્યો



**અબતક, કીરીટ રાણપરીયા, ઉપલેટા**

હવામાન ખાતાની આગાહીને પગલે ગઈ કાલે બપોર બાદ પવન સાથે વરસાદ અને કરા પડતા ઉપલેટા પંથકના પાનેલી, ભાયાવદર, લાઠ સહિતના વિસ્તારોમાં એક ઈંચ જેવો વરસાદ પડી જતા ખેતરોમાં રહેલા તૈયાર પાકને ભારે નુકશાની થવા પામી છે.

ગઈકાલે બપોર બાદ શહેર તેમજ ગ્રામ્ય પંથકના ભાયાવદર, ઢાંક, પાનેલી કોલકી મજેઠી, નાગવદર સહિત ઉપલેટા પંથકમાં ભારે પવન સાથે વરસાદ અને કરા પડતા ખેતરમાં પડેલા ઘંઉ, ચણા, ધાણા, એરડાના પાકન ભારે નુકશાની પહોંચી છે. કમોસમી વરસાદને કારણે ખેતરમાં પડેલા ઘંઉના ઢગલા તથા પાક ઉપર તૈયાર રહેલા ધાણા, એરંડા, ચણા ઉપર વરસેલા વરસાદને કારણે ખેડુતોને ભારે નુકશાની થવા પામી હતી. લાઠ ગામે ખેતરોમાં પાણી ભરાઈ ગયા હતા. ધાણાના પારસ પલળી જતા ખેડુત ચિંતામાં ગરકાવ થઈ ગયા હતા જયારે પાનેલીમાં તૈયાર ચણા અને ઘંઉના પાક ઉપર કમોસમી વરસાદ વરસતા પાકને નુકશાની થવા પામી છે. જયારે શહેર વિસ્તારમાં વરસાદની કારણે બપોરે પ વાગ્યા બાદ ભારે ઠંડો પવન ફુકાયો હતો. રાત્રે ઉપલેટા પંથકમાં ઠંડી પવનને કારણે રસ્તાઓ સુમસામ જોવા મળતા હતા નાગવદર ગામે તૈયાર પડેલા ધાણા, ઘંઉ સહિતના પાકોને નુકશાન થતા ખેડુતોએ સર્વ કરી સહાયની માંગ પણ ઉઠાવી હતી. ગઈકાલે પડેલા કમોસમી વરસાદને કારણે ખેતરોમાં ઉભેલા ઘંઉ ઢળી ગયા હતા.

# ધારીમાં માવઠાએ કેરીની મીઠાશને કરી 'ખાટી'



**અબતક, મેહુલ ત્રિવેદી, ધારી**

હવામાન વિભાગની પૂર્વ આગાહી અનુસાર ધારી ચલાલા તેમજ આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં બપોર બાદ વાવાઝોડા સ્વરૂપે વરસાદની એન્ટ્રી થઈ હતી. ફુલ પવન તેમજ વીજળીના કડાકા ભડાકા સાથે તોફાની વરસાદની શરૂઆત થઈ હતી.

વરસાદ શરૂ થતા જ ખેડૂતો ચિંતામાં મુકાઈ ગયા હતા ખાસ કરીને કેરી ઘઉં ચણા તલ બાજરી સહિતના પાકોમાં નુકસાન જવાની સંભાવનાઓ વધી રહી છે ..

ભારે પવનને લઈને ધારી ચલાલા રોડ ઉપર એક વૃક્ષ ધરાસાઈ થયું હતું ચલાલા મા ભારે પવનને લઈને બેનરો પણ ઊડ્યા હતા.વરસાદ પડતા જ વીજળી ગુલ થઈ હતી વાહન ચાલકો ને વરસાદને લઈને તકલીફ પડી હતી ધારી તાલુકાના મોરજર ડાંગાવદર ગોવિંદપુર સરસીયા સહિતના વિસ્તારોમાં વરસાદ હતો...

ભર ઉનાળ મા ચોમાસાનો અહેસાસ કરાવતા કાળા ડિબાગ વાદળો અચાનક આકાશમાં આવી ગયા હતા અને ભારે પવન પણ ફૂંકાયો હતો વીજળીના કડાકા ભડાકા સાથે મોટાભાગના એરિયામાં વરસાદ પડ્યો હતો.


ચેટીચાંદ નિમિત્તે હાર્દિક શુભેચ્છા...



જય જલદેવતા,
જય જ્યોતીસ્વરૂપ
અમર કુબેરોલાલ,
જય ઝુલેલાલ

જિતેશભાઈ પુનવાણી
GST એક્સપર્ટ
Mo. 98251 95157



પશ્ચિમ રેલવે સ્પેશિયલ ટ્રેનોની વધારાની ટ્રિપ્સ લંબાવશે

| ટ્રેન નં. | ક્યાંથી | ક્યાં સુધી | દોડવાનો દિવસ | લંબાવાશે |
|---|---|---|---|---|
| ૦૯૨૦૭ | બાંદ્રા ટર્મિનસ | ભાવનગર ટી. | શુક્રવાર | ૩૧.૦૭.૨૦૨૬ |
| ૦૯૨૦૮ | ભાવનગર ટી. | બાંદ્રા ટર્મિનસ | ગુરૂવાર | ૩૦.૦૭.૨૦૨૬ |
| ૦૯૦૧૭ | બાંદ્રા ટર્મિનસ | વેરાવળ | રવિવાર | ૨૬.૦૭.૨૦૨૬ |
| ૦૯૦૧૮ | વેરાવળ | બાંદ્રા ટર્મિનસ | સોમવાર | ૨૭.૦૭.૨૦૨૬ |
| ૦૯૫૩૦ | ભાવનગર ટી. | ધોળા | દૈનિક (બિનઆરક્ષિત) | ૩૧.૦૭.૨૦૨૬ |
| ૦૯૫૨૯ | ધોળા | ભાવનગર ટી. | દૈનિક (બિનઆરક્ષિત) | ૩૧.૦૭.૨૦૨૬ |
| ૦૯૨૧૫ | ગાંધીગ્રામ | ભાવનગર ટી. | દૈનિક (બિનઆરક્ષિત) | ૩૧.૦૭.૨૦૨૬ |
| ૦૯૨૧૬ | ભાવનગર ટી. | ગાંધીગ્રામ | દૈનિક (બિનઆરક્ષિત) | ૩૧.૦૭.૨૦૨૬ |

સમય, વિરામો અને રચના સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે

ઉપરોક્ત તમામ આરક્ષિત ટ્રેનોની વિસ્તૃત પ્રવાસોનું બુકિંગ **૨૦.૦૩.૨૦૨૬** થી બધા PRS કાઉન્ટરો અને IRCTC વેબસાઈટ પર ખુલશે. ઉપરોક્ત ટ્રેનો ખાસ ભાડા પર ખાસ ટ્રેન તરીકે દોડશે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in

અમને લાઈક કરો અને ફોલો કરોઃ
facebook.com/WesternRly
X.com/WesternRly
Instagram.com/WesternRly
https://www.youtube.com/@WesternRly
https://bit.ly/WesternRailwayOfficial

કૃપા કરીને તમામ આરક્ષિત ટિકિટો માટે મૂળ આઈડી પ્રૂફ સાથે રાખો



**શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, કાલાવડ(શીતલા)**
**શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ માર્કેટ યાર્ડ**
**જાહેર નોટીસ**

શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ,કાલાવડના કાર્યક્ષેત્રના વિસ્તારમાં નિયંત્રીત ખેતપેદાશો જેવીકે અનાજ, કઠોળ, તેલીબીયા, મસાલા, કપાસ તેમજ શાકભાજી વિગેરેનો વેપાર કરતા / કરવા ઈચ્છતા સર્વેને જણાવવાનું કે

(૧) બજાર સમિતિ-કાલાવડનું સને ૨૦૨૫-૨૬નું વર્ષ તા.૩૧/૩/૨૦૨૬ ના રોજ પુર્ણ થશે.
(૨) બજાર સમિતિ-કાલાવડનુ સને ૨૦૨૬/૨૭ નું વર્ષ તા.૧-૪-૨૦૨૬ થી શરુ થતું હોય, તા. ૩૧-૩-૨૦૨૬ પહેલા લાયસન્સ માટે અરજીઓ કરવાની રહેશે.
(૩) તા.૩૧-૩-૨૦૨૬ પછી અરજી કરનારની અરજી સ્વીકારવી કે કેમ? તે બજાર સમિતિના નિર્ણયને આધીન રહેશે.
(૪) અગાઉના વર્ષની બાકી રહેતી માર્કેટ ફી બજાર સમિતિની ઓફીસે, ઓફીસ સમય દરમ્યાન ભરી જવી ત્યાર બાદજ લાયસન્સ માટેની અરજી સ્વીકારવામાં આવશે.
(૫) સને ૨૦૨૬/૨૭ ની લાયસન્સ અરજી સાથે ગત વર્ષના (૨૦૨૫-૨૬) ના ચોપડા પત્રકો બતાવવાના રહેશે.
(૬) સહકારી સંસ્થાઓએ લાયસન્સ મેળવવાની અરજી સાથે ઠરાવની નકલ તથા ગત વર્ષના થયેલ ઓડીટની નકલ ફરજીયાત આપવાની રહેશે.
(૭) લાયસન્સ અરજી સાથે અરજી કરવાના વ્યકિત/ પેઢીએ પાસપોર્ટ સાઈઝના ફોટો- ૨, પાનકાર્ડની નકલ, આધારકાર્ડની નકલ, જીએસટી સર્ટી. તથા રહેઠાણના સરનામા અંગેના માન્ય પુરાવાની નકલ રજુ કરવાની રહેશે. તેમજ ધંધાના સ્થળના આધાર પુરાવા આપવાના રહેશે.તથા તોલમાપનુ પ્રમાણપત્ર, ફરજીયાત આપવાની રહેશે.
(૮) લાયસન્સ માટે નીયત નમુના મુજબના અરજી ફોર્મ બજાર સમિતિની ઓફીસેથી મળશે.
(૯) બજાર સમિતિની નિયંત્રીત ખેતપેદાશોનો લાયસન્સ વગર વેપાર કરતા ઈસમો સામે ગુજરાત ખેતઉત્પન્ન બજારધારા અધિનિયમ ૧૯૬૩ ની જોગવાઈ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.
(૧૦) નવુ લાયસન્સ લેનાર વેપારીએ પોતાના લેટરપેડ ઉપર અરજી કરવાની રહેશે.
(૧૧) અધુરી વિગતવાળી લાયસન્સ અરજીઓના મંજુર કરવામાં આવશે.

રમણીકભાઈ જે.ગઘેથરીયા, સેક્રેટરીશ્રી
મૌલીકભાઈ ડી. નથવાણી, ચેરમેનશ્રી

શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, કાલાવડ(શિતલા)

### તંત્રી લેખ

# કુપોષણ સામેના જંગમાં ગુજરાત જીત ભણી

કુપોષણ સામેના જંગમાં ગુજરાત જીત ભણી આગળ વધી રહ્યું છે.એક વર્ષમાં કુપોષણના દરમાં ૯.૧ ટકાનો ઘટાડો થયો છે.રાજ્ય સરકારના સર્વગ્રાહી અભિગમ અને રિયલ ટાઈમ મોનિટરિંગને કારણે ગુજરાતમાં કુપોષણના દરમાં મોટો ઘટાડો નોંધાયો છે.

પરિવાર અને સમાજની સક્રિય ભાગીદારી થકી ગુજરાત સુપોષિત બનવા તરફ આગળ વધી રહ્યું છે.

કેન્દ્ર સરકારના'પોષણ ટ્રેકર' ડેટા મુજબ, જાન્યુઆરી ૨૦૨૫ માં રાજ્યમાં ઓછા વજનવાળા બાળકોની ટકાવારી ૨૦.૫ ટકા હતી, જે જાન્યુઆરી ૨૦૨૬ માં ઘટીને ૧૧.૪ ટકા થઈ છે. આમ, એક જ વર્ષમાં ૯.૧ ટકાનો માતબર ઘટાડો જોવા મળ્યો છે. આ સુધારો જૂના આંકડાઓની સરખામણીમાં ગુજરાતની તેજ ગતિએ થઈ રહેલી પ્રગતિ દર્શાવે છે.

કુપોષણ એ માત્ર આરોગ્યનો જ નહીં, પરંતુ સામાજિક ચિંતાનો વિષય છે. બાળ સંકલિત વિકાસ યોજના અંતર્ગત આપવામાં આવતો આહાર એ બાળકની દૈનિક જરૂરિયાતનો ત્રીજો ભાગ પૂરો પાડે છે, પરિવાર અને સમાજની સક્રિય ભાગીદારી થકી આપણે સૌ સાથે મળીને રાજ્યને સુપોષિત બનાવી શકીશું.

અરવલ્લી જિલ્લામાં કુપોષિત બાળકોની સંખ્યામાં ઘટાડો નોંધાયો છે. મોડાસા તાલુકામાં સૌથી વધુ ૧૦.૯ ટકા અને બાયડમાં ૯.૫ ટકાનો ઘટાડો નોંધાયો છે. સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા એક વર્ષમાં કુપોષણમાં સરેરાશ ૫.૭ ટકાનો ઘટાડો થયો છે, જેમાં ખેડબ્રહ્મા તાલુકામાં સૌથી વધુ ૧૨.૫ ટકાનો સુધારો જોવા મળ્યો છે.કુપોષણ મુક્ત ગુજરાતના સંકલ્પને સાકાર કરવા રાજ્ય સરકાર પ્રયત્નશીલ છે. ૬ માસથી ૩ વર્ષના બાળકોને 'બાલશક્તિ', સગર્ભા/ધાત્રી માતાઓને 'માતૃશક્તિ' અને કિશોરીઓને 'પૂર્ણાશક્તિ' પેકેટ્સનું વિતરણ કરવામાં આવે છે.

દેશ માટે વિકાસનું મોડેલ મનાતા ગુજરાતમાં ભાવિ પેઢી એટલે કે બાળક કુપોષિત રહે તે કોઈ કાળે પાલવે એમ નથી. રાજ્યને કુપોષિતના મ્હેણાંમાંથી મુક્ત કરવા દ્વારા હાથ ધરવામાં આવેલા વિવિધ પગલાંઓને સફળતા મળી રહી છે.

---

**સેવા જ સમર્પણ**

# ભાયાવદરના નરેન્દ્ર સોલંકીએ ૧૪ હજારથી વધુ માળાઓ થકી પક્ષીઓને આપ્યો આશરો

## ૧૦૦ ગામડા અને ૨૦૦ થી વધુ શાળાઓમાં માળાનું સ્વખર્ચે વિતરણ કરી ચકલીના ચી ચીને ઘર આંગણે લાવ્યા

**અબતક, કીરીટ રાણપરીયા, ઉપલેટા**

ચકલી ઘર આંગણા નું પંખી છે. વર્ષો થયા તે માનવજાત સાથે તે હળી મળીને રહે છે. સિમેન્ટ કોક્રીટ ના મકાનો ની નવી રચનાને લીધે ચકલીઓના ઘર છીનવાઈ ગયા છે. ચકલીઓને પોતાનો માળો બાંધવા માટે યોગ્ય જગ્યા ન મળતી હોવાથી ચકલીઓની સંખ્યા ઘટી છે.






આ અંગે જણાવતા નરેન્દ્રભાઈ ફળદુએ જણાવ્યુ હતું કે ૧૫ વર્ષ પહેલા મેં એક ચકલીનો માળો જોયો ત્યારે મારા મનમાં વિચાર આવ્યો કે આ શું? ચકલીઓને ઘર નથી મળતું.....નાનપણમાં આપણા ઘર આંગણે ૪૦ થી ૫૦ ની ચકલીઓના ટોળા જોવા મળતા હતા. અત્યારે બે થી ત્રણ ચકલી જોવા મળે છે. આવો વિચાર આવતા આ બે ત્રણ ચકલી ની જગ્યાએ ફરીથી ૪૦ થી ૫૦ ની સંખ્યા કરવી છે એવો સંકલ્પ કરી તેમણે ચાલી ને બચાવવાના આ અભિયાનની શરૂઆત કરી હતી.

એક નાનકડા વિચાર સાથે લીધેલો સંકલ્પ આજે અનેક ચકલીઓને રહેઠાણ પુરા પાડી રહ્યો છે. નરેન્દ્રભાઈ ફળદુએ ૨૦૧૦માં ૧૦૦૦ માળા ખરીદી સંપૂર્ણ ગામમાં લગાડ્યા, ત્યારબાદ ૨ હજાર, ૫ હજાર થી આગળ વધતા ગયા. હાલ અંદાજે ૧૨ હજારથી પણ વધુ ચકલીઓના માળા દર વર્ષે તેઓ લગાડે છે અને તેમના અભિયાનને વેગ આપી આજે ચકલી દિવસે ૧૪ હજાર ચકલી ઘર લગાડી વધુમાં વધુ લોકો સુધી પહોંચાડવા છેલ્લા દસ વર્ષથી વિશ્વ ચકલી દિવસની ધામધૂમ પૂર્વક ઉજવણી કરે છે. બાળકો નાનપણથી જ ચકલી અને પર્યાવરણ બાબતે જાગૃત બને એ માટે નરેન્દ્રભાઈ વધુ ધ્યાન આપે છે. આ માટે તેઓ તેમની ટીમ સાથે દર વર્ષે આજુબાજુના ૨૦ જેટલા ગામડા અને ૨૦ જેટલી સ્કૂલમાં બાળકોને ચકલી બચાવો વિશેની માહિતી આપી અને ચકલીના માળા લગાડે છે. ૨૦૧૦ થી અત્યાર સુધીમાં તેઓ અરણી, સાજડીયારી, ટીંબડી, ખજુરડા, સીદસર, તરવડા, સહિતના આજુબાજુના ૧૦૦ કરતાં વધુ ગામોમાં અને ૨૦૦ કરતાં વધુ સ્કૂલોમાં ચકલી ઘર લગાડી આ અંગે નાના- મોટા સૌને માર્ગદર્શન આપી ચુક્યા છે. દર વર્ષે વિશ્વ ચકલી દિવસના કાર્યક્રમમાં બાળકો ઉત્સાહપૂર્વક રસ લઈ સહભાગી બનતા થાય અને પર્યાવરણ અને પ્રકૃતિ તરફ વળે એ માટે નરેન્દ્રભાઈ દ્વારા એક રેલીનું આયોજન કરવામાં આવે છે, આ ઉપરાંત બાળકોને નિઃશુલ્ક ચકલીના માળાનુ વિતરણ પણ કરવામાં આવે છે. આ ચકલી બચાવો અભિયાનમાં તેમના પત્ની અને બંને બાળકો પણ જોડાયેલા છે. તેમનો દીકરો શ્યામ ગામમાં જ્યારે રાત્રે માળા લગાડવાના હોય ત્યારે સાથે જઈ મદદરૂપ બને છે અને દરેક સ્કૂલમાં પણ સાથે જાય છે.

ચકલી દિવસ માટે તેમણે જણાવ્યું હતુ કે બાળકોને જો નાનપણથી જ આપણે પ્રકૃતિ તરફ વાળીશું અને પ્રકૃતિનું સાચું જ્ઞાન આપશું તો ભવિષ્યમાં તે પ્રકૃતિને બચાવવા માટેના સુંદર કાર્યો કરી શકશે.

---

# જૂનાગઢ જિલ્લા પંચાયતનો કાર્યકાળ પૂર્ણ થતા કલેક્ટરને વહીવટદાર તરીકે નિમાયા

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢ જિલ્લા પંચાયતમાં વહીવટદાર શાસન શરૂ થયું છે. જિલ્લા પ્રમુખનો કાર્યકાળ પૂર્ણ થઈ જતા જિલ્લા કલેકટરને વહીવટદાર તરીકે નીમવામાં આવ્યા છે, જ્યારે તાલુકામાં પ્રાંત અધિકારીની નિમણુંક કરવામાં આવી છે.

ગત તા.૧૭ માર્ચના રોજ જૂનાગઢ જિલ્લા પંચાયતની ટર્મ પૂર્ણ થવા પામી છે, જેને લઈને જિલ્લા પંચાયતના પ્રમુખ, ઉપપ્રમુખની સાથે કારોબારી સહિતની વિવિધ સમિતિ અને સદસ્યનો સત્તા કાળ સમાપ્ત થવા આવ્યો છે. ત્યારે જુનાગઢ જિલ્લા પંચાયતનો વહીવટ વહીવટદાર હસ્તક થવા પામ્યો છે, અને સરકાર દ્વારા જિલ્લા પંચાયતના વહીવટદાર તરીકે જિલ્લા કલેકટરની નિમણૂંક કરવામાં આવી છે,

આ સાથે તાલુકામાં પ્રાંત અધિકારીની નિમણુંક કરવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે.

જુનાગઢ જિલ્લા પંચાયતમાં વહીવટદાર શાસન લાગુ થતા, હવે ગ્રામ્ય કક્ષાના પ્રશ્નો અને રજૂઆતના નિરાકરણ, વિકાસ કામો સહિતની વિવિધ મંજૂરીઓ વહીવટદાર દ્વારા થવા પામશે.

---

# જૂનાગઢઃ એસટી વિભાગીય કચેરીમાં પ્રાર્થના અને રાષ્ટ્રગીત સાથે થયો કામકાજનો પ્રારંભ

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢ એસટી. વિભાગીય નિયામકના સુચન અને એસ.ટી. વેલ્ફેર કમિટી જુનાગઢ દ્વારા સ્વભંડોળમાંથી જૂનાગઢની વિભાગીય કચેરીની દરેક શાખામા લાઉડ સ્પીકર સિસ્ટમ ફીટ કરવામા આવી છે, અને વિભાગીય કચેરી - જુનાગઢ ખાતે આજ તા.૨૦-૩- ૨૦૨૬ ના સવારથી દરરોજ ઓફિસની શરૂઆતમા તમામ શાખા ના કર્મચારીઓ, અધિકારીઓ દૈનિક સમુહ પ્રાર્થનાની સાથે રાષ્ટ્રગીત અને રાષ્ટ્રગાન સાથે કર્યું હતું.કર્મચારીઓમાં પરસ્પર આત્મીયતા અને ભાઈચારાની ભાવના વધારે સુદ્રઢ થાય, કર્મચારીઓમાં રાષ્ટ્રભાવના વધુ સુદ્રઢ બને, ભારત આઝાદ થયા બાદ ગત વર્ષે ભારત રાષ્ટ્ર દ્વારા ''વંદે માતરમ''ને પોતાનુ રાષ્ટ્રગીત જાહેર કર્યા ના ૭૫ વર્ષની ઐતિહાસિક ઉજવણી કરેલ તે સાચા અર્થમાં સાર્થક થાય, આ સાથે કર્મચારીઓ કામગીરીમાં વધારે એકાગ્રતા દાખવી ગુણવત્તા યુક્ત ક્વોલીટી વર્ક તરફ ટીમ વર્ક કરે, અને પ્રાર્થના, રાષ્ટ્રગીત અને રાષ્ટ્રગાન થકી ઓફિસનું વાતાવરણ વધારે રમણીય અને આનંદદાયક અનુભૂતિ કરાવનાર બની રહે તેમજ કર્મચારીઓના શિસ્ત, સમયબદ્ધતા માં સુધારો થાય, તેવા ઉમદા ઉદેશ્ય સાથે વિભાગીય કચેરી - જુનાગઢ ખાતે આજે કાર્યાલયના સમયના શરૂઆતમા તમામ શાખાના કર્મચારીઓ, અધિકારીઓ દૈનિક સમુહ પ્રાર્થના, રાષ્ટ્રગીત અને રાષ્ટ્રગાન કર્યું હતું.

---

# કેશોદમાં પર્યાવરણ જાગૃતિ માટે ચકલીના માળા અને કુંડાનું વિતરણ

## યુવા ફોર નેચર અભિયાન ૬ એપ્રિલ સુધી ચાલશે, ભાજપ યુવા મોરચાની પહેલ

**અબતક, જય વિરાણી, કેશોદ**

કેશોદમાં પર્યાવરણ જાગૃતિને પ્રોત્સાહન આપતા એક સરાહનીય ઉપક્રમ અંતર્ગત ભારતીય જનતા પાર્ટી પ્રદેશ યુવા મોરચા દ્વારા યુવા ૪ નેચર અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાન ૨૦ માર્ચથી ૬ એપ્રિલ સુધી ચાલશે. જેમાં યુવાનોમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ લાવવા વિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવી રહ્યા છે.આ અભિયાનના ભાગરૂપે કેશોદ શહેરના આંબાવાડી વિસ્તારમાં કેશોદ શહેર ભાજપ યુવા મોરચાની ટીમ દ્વારા માળા અને કુંડાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પ્રદેશ યુવા મોરચાના આગેવાનો તેમજ કેશોદ યુવા મોરચાના કાર્યકરો ઉત્સાહભેર જોડાયા હતા. માળા અને કુંડાઓનું વિતરણ કરીને પર્યાવરણ સુરક્ષા માટે લોકોમાં જવાબદારીની ભાવના વિકસે તેવો સંદેશ આપવામાં આવ્યો હતો.યુવા મોરચાના આગેવાનો જણાવ્યું હતું કે યુવા ૪ નેચર અભિયાનનો મુખ્ય હેતુ પર્યાવરણનું સંરક્ષણ, ગ્રીન કવર વધારવું અને આવનારી પેઢી માટે સ્વચ્છ અને હરિયાળો પર્યાવરણ ઉભું કરવાનું છે. આ પ્રકારના કાર્યક્રમો દ્વારા યુવાનોને સક્રિય રીતે જોડવામાં આવી રહ્યા છે.




સ્થાનિક રહેવાસીઓએ પણ આ પહેલને આવકારી અને આવા કાર્યક્રમો સતત યોજાતા રહે તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી.

---

# અમરેલી જિલ્લામાં ભારે પવનથી વીજ પુરવઠો પ્રભાવિતઃ ૨૦૭ ફીડર બંધ

## અનેક વિસ્તારોમાં અંધારપટ્ટ છવાઈ ગયો, પીજીવીસીએલની ટીમે યુધ્ધના ધોરણે કામગીરી

**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

અમરેલી જિલ્લામાં ભારે પવનથી વીજપુરવઠો પ્રભાવિત થયો હતો કુલ ૧૦૭૯ માંથી ૨૦૭ ફીડર બંધ, થયા હતા. કેટલાક વિસ્તારોમાં વીજપોલ ધરાશાઈ થતા અંધારપટ છવાઈ ગયો હતો.

અમરેલી જિલ્લામાં અચાનક ફૂંકાયેલા ભારે પવનના કારણે વીજ પુરવઠા વ્યવસ્થામાં મોટો વિક્ષેપ સર્જાયો છે. પવનની તીવ્રતા વધતા અનેક જગ્યાએ વીજ લાઈનો અને વીજપોલને નુકસાન પહોંચ્યું છે,પીજીવીસીએલની ટીમોએ તાત્કાલિક કામગીરી શરૂ કરતાં મોટા ભાગના વિસ્તારોમાં વીજ પુરવઠો ફરી શરૂ કરવામાં આવ્યો છે. જોકે મોડી રાત સુધી ૯૮ ફીડર બંધ થયા હતા.ધારી, વાડિયા અને સાવરકુંડલા પંથકમાં પવનની અસર વધુ જોવા મળી હતી. આ વિસ્તારોમાં આશરે ૧૫ જેટલા વીજપોલ ધરાશાઈ થયાના અહેવાલ સામે આવ્યા છે, જેના કારણે અનેક ગામોમાં હજુ પણ વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવામાં મુશ્કેલીઓ પડી રહી છે. પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને પીજીવીસીએલની ટીમો યુદ્ધના ધોરણે રાત્રે પણ કામગીરીમાં લાગી ગઈ છે. તંત્ર દ્વારા વહેલી તકે વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

---

# તાલાલામાં સિંધી સમાજ દ્વારા ઝૂલેલાલ જન્મોત્સવ ''ચેટી ચાંદ''ની આસ્થાભેર ઉજવણીઃ સાંજે શોભાયાત્રા- નાતજમણ

**અબતક લીલાધર હરવાણી તાલાલા**

સિંધી સમાજના આરાધ્યદેવ ભગવાન ઝુલેલાલ જન્મોત્સવ ચેટી ચાંદ ની તાલાલા માં સિંધી સમાજ દ્વારા આસ્થા ભૈર ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે.

તાલાલા શહેરમાં આજે વહેલી સવારે દરિયાલાલ ની જ્યોત સાથેચેટી ચાંદ ઉત્સવનો પ્રારંભ કરવામાં આવ્યો હતો વહેલી સવારે દરિયાલાલ ની હિરણ નદીના કાંઠે પૂજા કરવામાં આવી હતી,

સાંજે જુલેલાલજીની શોભાયાત્રા પ્રહલાદભાઈ ના ઘેરથી પ્રસ્થાન કરશે અને શહેરમાં પરિભ્રમણ કરશે ઘેર ઘેર શોભાયાત્રા નું સ્વાગત કરવામાં આવશેઅને સાંજે લોહાણા મહાજન વાડી ખાતે સમૂહ ભોજન સહિતના કાર્યક્રમો સાથે જુલેલાલ જયંતિની ઉજવણી નો ધાર્મિક માહોલ તાલાળામાં પ્રવૃત્તિ રહ્યો છે આ કાર્યક્રમને સફળ બનાવવા સીધી સમાજના આગેવાન લીલાધરભાઈ હરવાણી ચુનીભાઈ હરવાણી અને પ્રહલાદભાઈ સહિતના આગેવાનો જહેમત ઉઠાવી રહ્યા છે



---

# પડધરી કવિશ્રી દાદ કોલેજમાં વિદ્યાર્થીઓને 'કચરામાંથી ઉર્જા' વિષયે અપાયું માર્ગદર્શન

## એનએસએસની સાત દિવસીય શિબિરમાં મહાનુભાવોએ કોલેજીયનોને શિખવ્યાં જીવન ઘડતરના પાઠ

**અબતક, ભૌમિક તળપદા, પડધરી**

પડધરી કવિશ્રી દાદ સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ખાતે રાષ્ટ્રીય સેવા યોજના વિભાગ દ્વારા સાત દિવસીય ખાસ વાર્ષિક શિબીરમાં તા.૧૮/૦૩/૨૦૨૬ શિબીરના સમાપન પ્રસંગે શિબીરાર્થીઓ વેસ્ટનો ઘટાડો અને મહતમ એનર્જી તથા એનર્જી કંઝર્વેશનનું મહત્વ સમજે અને પોતાના જીવનમાં અમલમા મૂકે તેવા ઉમદા હેતુથી ઝીરો વેસ્ટ એન્ડ મેક્સીમમ એનર્જી-સ્માર્ટ હેબીટ ફોર સસ્ટેનેબલ લાઈફએ વિષય ઉપર વ્યાખ્યાનનું આયોજન કરવામા આવેલ હતુ. રાજકોટ આત્મીય યુનિવર્સીટીના ડાયરેક્ટર ડો.રવિ ટાંકે સમગ્ર ટીમ સાથે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. રાષ્ટ્રીય સેવા યોજના વિભાગના પ્રોગ્રામ ઓફિસર ડો.અશ્વિનકુમાર પરમાર દ્વારા ઉપસ્થિત તજજ્ઞ ડો. રવિ ટાંકનું ખાદીના રૂમાલ દ્વારા સ્વાગત કરવામાં આવ્યુ હતું. આચાર્ય ડો.કમલ છાયા દ્વારા શિબીરાર્થીઓને આજના વ્યાખ્યાનના મહત્વ વિષે સમજાવી ઝીરો વેસ્ટ, મેકસીમમ એનર્જીને કેવી રીતે જીવનમા સામેલ કરી શકાય તે અંગે જણાવ્યુ હતુ. પાવર પોઈન્ટ પ્રેઝેન્ટેશન દ્વારા પાણી, પ્લાસ્ટીક, પેટ્રોલીયમ પેદાશો, જમીનની ફળદ્રુપતા વગેરે જેવા એનર્જીના સ્રોત વિશે ઉંડાણપૂર્વક માહીતી પૂરી પાડવામા આવી હતી.



દૈનિક જીવનમા ઉર્જા બચત અને પર્યાવરણ સુરક્ષા, આત્મજાગૃતિ અને જવાબદારીની ભાવના વિકસાવવા, વિવિધ પ્રવૃતિ દ્વારા નવીન વિચારો અને સહભાગિતાને પ્રોત્સાહન આપવુ, ગુણવતા, મૂલ્યકેન્દ્રિતતા અને ઉતમતા અંગે જાગૃતિ લાલવા, એનર્જી સેવીંગ અને વેસ્ટ રીસોર્સીસ અંગે અનુરોધ કરવામા આવ્યો હતો. કાર્યક્રમનું સંચાલન કોલેજના ગુજરાતી વિષયના પ્રાધ્યાપક ડો.ભાવેશ ચાંડેગરા દ્વારા કરવામા આવ્યુ હતુ. રાજકોટની એમ.જે.કુંડલીયા કોલેજના સીનીયર પ્રાધ્યાપક ડો. મનીષ રાવલે તજજ્ઞ તરીકે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ખાદીના રૂમાલ દ્વારા કોલેજના આચાર્ય દ્વારા સ્વાગત કરવામાં આવ્યુ હતું.

સમગ્ર વ્યાખ્યાનના કાર્યક્રમનું સંચાલન કોલેજના મદદનીશ પ્રાધ્યાપક ડો.કુસુમબેન ચોટલીયા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સરકારી પ્રાથમિક શાળાના આચાર્ય અમિનાબેન સમા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું આયોજન આચાર્ય ડો.કમલ છાયાના માર્ગદર્શન હેઠળ પ્રોગ્રામ ઓફિસર ડો.અશ્વિનકુમાર પરમાર દ્વારા કરવામાં આવેલ હતું.

---

# વિસાવદરમાં દાઉદી વ્હોરા સમાજ દ્વારા રમજાન ઈદની ઉજવણી

## માનવ સેવા સમિતિ, રોટરી કોમ્યુનિટી કોપરના આગેવાનોએ વ્હોરા સમાજના ધર્મગુરુ નું સાલ ઓઢાડી સન્માન

**અબતક ગિજુભાઈ વિકમા વિસાવદર**

વિસાવદરમાં દાઉદી વ્હોરા સમાજ દ્વારા ૧૯માર્ચ ગુરુવારે રમજાન ઈદની ઉજવણી કરવામાં આવી હતી, ઈદ નિમિત્તે માનવસેવા સમિતિ અને રોટરી કોમ્યુનિટી કોપર્સના આગેવાનોએ દાઉદી વ્હોરા સમાજ ની ઈદ નિમિત્તે વ્હોરાધર્મગુરુ આમિલજી ને સાલ ઓઢાડી પુષ્પગુચ્છ વ્હોરા સમાજને ઈદની મુબારકબાદી પાઠવી હતી.

માનવ સેવા સમિતિના પ્રમુખ રમણીકભાઈ દુધાત્રા, ચીફ ઓફિસર વઘાસિયા, પત્રકાર સી વી જોશી દ્વારા વક્તવ્ય સાથે કોમી એકતા ના સંદેશ સાથે શુભેચ્છા પાઠવી હતી આ કાર્યક્રમમાં સબીરભાઈ હથિયારી, અબૂલી ભાઈ હીરાની, સેક્રેટરી હુસેનભાઈ ત્રાવાળી, નગર સેવક ભરતભાઈ સોલંકી, ભાવેશભાઈ ડોબરીયા, રમીજ મેતર,રોટરી કોમ્યુનિટી કોર્પસના સભ્યો રમણીકભાઈ દુધાત્રા, ઈલિયાસ મોદી, કૌશિક પરી ગોસ્વામી, આસિફ બાપુ કાદરી અબાસી ખેતી ઓશુભાઈ હમીરકા ,શ્યામભાઈ ચાવડા સહિતના મોટી સંખ્યામાં આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા



---

# અમરેલીમાં અબ્દુલ કલામ બગીચો ખંઢેર હાલતમાંઃ રમત-ગમતના સાધનો પણ ગાયબ

## ગંદકીના ગંજ, કચરાના ઢગલાને કારણે લોકોને પરેશાની

**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

અમરેલી શહેરમાં બટારવાળી માં આવેલ લગભગ ૨૦ વર્ષ પહેલા બનાવવામાં આવેલ બગીચો હાલમાં સંપૂર્ણ ખંઢેર હાલતમાં જોવા મળી રહ્યો છે. શહેરના વિકાસ અને બાળકોના રમકડાં માટે બનાવવામાં આવેલ આ બગીચો છેલ્લા ઘણા વર્ષોથી અવગણનાનો ભોગ બન્યો છે, જેના કારણે અહીં ગંદકી અને કચરાના ગંજ ખડકાયેલા જોવા મળે છે.આ બગીચાને ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ એપીજે ડો અબ્દુલ કલામના નામ પર અબ્દુલ કલામ બગીચો તરીકે નામ આપવામાં આવ્યું હતું. શહેરના બે દિગ્ગજ નેતાઓ દ્વારા આ બગીચાનું ભવ્ય ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું અને લોકોમાં આશા જાગી હતી કે વિસ્તારના બાળકો માટે આ બગીચો સારો રમતો સ્થળ બનશે, પરંતુ દુર્ભાગ્યવશ, ઉદઘાટન થયા બાદ તુરંત જ બગીચામાં મુકાયેલા બાકડા, હીંચકા તેમજ બાળકોના રમતગમતના સાધનો ગાયબ થઈ ગયા હતા. ત્યારબાદથી બગીચાની યોગ્ય સંભાળ લેવામાં આવી નથી, જેના કારણે આજે બગીચો સંપૂર્ણ ખંઢેર બની ગયો છે.




બગીચાની બાજુમાં જ આંગણવાડી આવેલ હોવાથી નાના બાળકો અને મહિલાઓ માટે આ વિસ્તાર મહત્વનો હોવા છતાં અહીં ગંદકીના ઢગલા અને કચરાના ગંજ પડેલા હોવાથી સ્થાનિક લોકોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે, ત્યારે નગરપાલિકા દ્વારા તાત્કાલિક બગીચાની સફાઈ કરી તેનો પુનઃવિકાસ કરવામાં આવે અને બાળકો માટે ફરીથી રમકડાંના સાધનો મુકવામાં આવે તેવી સ્થાનિકો દ્વારા માંગ કરવામાં આવી છે. જેથી આ વિસ્તારના લોકો અને બાળકોને સ્વચ્છ અને સુરક્ષિત બગીચો મળી શકે.

---

# અમરેલી જિલ્લામાં કાલે રૂ.૬૮૪.૭૮ કરોડના વિકાસ કાર્યોનું ખાતમુહુર્ત

## રાજુલા, જાફરાબાદ પંથકમાં માર્ગ વ્યવસ્થા, માળખાકીય સુવિધા મજબુત થશે

**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે તા. ૨૧ માર્ચે કુલ અંદાજે રૂ. ૬૮૧.૭૮ કરોડના ૧૪ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવશે. આ વિકાસકાર્યો અમરેલી સહિત રાજુલા અને જાફરાબાદ પંથકમાં માર્ગ વ્યવસ્થા, શહેરી સુવિધાઓ અને આધારભૂત માળખાકીય સુવિધાઓને વધુ મજબૂત બનાવશે.

આ કાર્યક્રમમાં માર્ગ અને મકાન વિભાગ (રાજ્ય) હસ્તક રૂ. ૬૩૮.૨૬ કરોડના ત્રણ મહત્વના પ્રોજેક્ટોનું ખાતમુહૂર્ત કરવામાં આવશે. જ્યારે માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) હસ્તક રૂ. ૨૪.૪૫ કરોડના આઠ વિકાસકાર્યો, બાગાયત વિભાગ હસ્તક રૂ. ૧૦ કરોડનું એક કામ, સાવરકુંડલા નગરપાલિકા હસ્તક રૂ. ૭.૫૭ કરોડનું એક કામ તથા ઉદ્યોગ અને ખાણ વિભાગ હસ્તક રૂ. ૧.૫૦ કરોડનું એક કામનો સમાવેશ થાય છે. ઉપરાંત જાફરાબાદ ચારનાળા અને રાજુલા-બાઢડા-થોરડી માર્ગ સહિતના માર્ગ વિકાસના કાર્યો પણ હાથ ધરાશે, જેના કારણે સમગ્ર પંથકમાં પરિવહન વ્યવસ્થા વધુ સુગમ બનશે. સાથે બાબરામાં પણ ઉદ્યોગ અને ખાણ ખનિજ વિભાગ હેઠળ બાબરા તાલુકાના વાંકિયા-નીલવડા ક્લસ્ટર રોડનું રૂ. ૧.૫૦ કરોડના ખર્ચે ખાતમુહૂર્ત પણ કરવામાં આવશે.

### અમરેલીને મળશે નવો બાયપાસ,મોટા ઝિંઝુડા ખાતે બગાયત માટે સેન્ટર ઓફ એક્સેલન્સ બનશે

અમરેલી શહેર માટે મહત્વપૂર્ણ ગણાતો રાધેશ્યામ ચોકડીથી માચીયાળા સુધીનો નવો બાયપાસ માર્ગ બનાવાશે, જેનું અંદાજિત મૂલ્ય રૂ. ૨૭૦ કરોડ છે. આ બાયપાસ માર્ગ પૂર્ણ થતાં શહેરમાં ટ્રાફિકનો ભાર ઘટશે અને વાહન વ્યવહાર વધુ સરળ બનશે. આ સિવાયસાવરકુંડલાના ભેંસાણ સરોવર ખાતે રૂ. ૭.૫ કરોડના ખર્ચે મલ્ટી પર્પઝ હોલ અને ચિલ્ડ્રન પાર્કનું નિર્માણ કરવામાં આવશે, જેનાથી શહેરમાં સામાજિક તથા મનોરંજન માટેની સુવિધાઓમાં વધારો થશે. સાવરકુંડલાના મોટા ઝીંઝુડા ખાતે રૂ. ૧૦ કરોડના ખર્ચે સેન્ટર ઓફ એક્સલન્સ બનાવાશે, જે બાગાયત ક્ષેત્રના વિકાસ માટે મહત્વપૂર્ણ સાબિત થશે.માર્ગ અને મકાન વિભાગ (પંચાયત) દ્વારા સાવરકુંડલા ધારથી હઠીલાવાવ, મેવાસા એપ્રોચ રોડ, ખડસલી એપ્રોચ રોડ, વીરડી નાળ રોડ, કુંકાવાવ-નાજાપુર રોડ, લુવારાથી જૂના ગોરડકા રોડ તેમજ કુંકાવાવના રામપુરથી સરધારપુર રોડ સહિતના કુલ રૂ. ૨૪.૪૫ કરોડના માર્ગ વિકાસ કાર્યો હાથ ધરાશે.

# વિરનગરના સરકારી ખરાબામાં ઓઈલ મીલ શરૂ કરી દેવાઈ: લેન્ડગ્રેબિંગ હેઠળ ગુનો

**હરેશ રાદડિયાએ રેવન્યુ સર્વે નં.-૩૮ની કિંમતી જમીન પર અડિંગો જમાવી મહાદેવ મિની ઓઈલ મીલનું બાંધકામ શરૂ કરી દીધું'તું**

**અબતક, રાજકોટ**

જમીન કૌભાંડમાં આખા ગુજરાતમાં રાજકોટ હરહંમેશ ચર્ચાના કેન્દ્રમાં રહેતું હોય છે. સરકારી ખરાબા પર કબ્જા સહિતના બનાવો છાસવારે સામે આવતા હોય છે ત્યારે આવા વધુ એક બનાવમાં જસદણના વિરનગરમાં સરકારી ખરાબામાં કબ્જો કરી ઓઈલ મિલ શરૂ કરી દેનાર શખ્સ સામે લેન્ડગ્રેબિંગ એક્ટ હેઠળ ગુનો નોંધાયો છે. સર્વે નં.૩૮ ની કિંમતી જમીન પર હરેશ રાદડિયાએ કબ્જો કરી ઓઈલ મિલનું બાંધકામ કરી વેપાર શરૂ કરી દિધો હતો. સરકારી નોટીસનો અનાદર કરી દંડ પણ ન ભરતા અંતે મામલતદાર ફરીયાદી બનતાં જસદણ પોલીસે ગુનો તપાસ આદરી હતી.

બનાવ અંગે જસદણ મામલતદાર એમ.કે.બલીયાએ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે હરેશ પ્રેમજી રાદડીયા (રહે. વિરનગર, જસદણ) નું નામ આપતાં આટકોટ પોલીસે લેન્ડગ્રેબિંગ એક્ટ હેઠલ ગુનો નોંધી તપાસ આદરી હતી. વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, જસદણના વિરનગર ગામના સરકારી ખરાબાના રે.સ.નં. ૩૮ પૈકી ની હૈ.૦-૦૨-૧૦ ચો.મી. આટકોટ-રાજકોટ રોડ કાંઠાની જમીનમાં હરેશ રાદડીયાએ અનઅધિકૃત કબજો કરી મહાદેવ મીની ઓઈલ મીલનું બાંધકામ કરી વેપાર કરવાની સાથે વાણિજય ઉપયોગ શરૂ કરી દિધો હતો. આરોપીએ સરકારી જમીન પચાવી પાડેલ હોય જેથી તત્કાલીન જસદણ સર્કલ ઓફીસર દ્વારા વિગતવાર દરખાસ્ત રજુ કરતા સામાવાળા વિરૂધ્ધ જમીન મહેસુલ કાયદાની કલમ-૬૧ હેઠળ દબાણ કેસ દાખલ કરવામાં આવેલ અને તત્કાલીન મામલતદારએ દબાણદાર સામે લે.રે.કો.ક. ૬૧ હેઠળ કાર્યવાહી હાથ ધરી રૂબરૂ સાંભળવા નોટીસ આપી દબાણદારને રૂબરૂ સાંભળવામાં આવેલ હતો. આરોપીએ સરકારી ખરાબાની જમીનમાં દબાણ કરેલ હોવાનું સાબિત કરતાં આરોપીએ તે માની જંત્રીના ૧ ટકા લેખે રૂા.૨૫૦ દંડ અને દબાણવાળી જમીન સ્વખર્ચે ખુલ્લી કરવા હુકમ કરવામાં આવેલ છે. આરોપી દબાણદારએ સરકારી જમીનમાં કોઈ પરવાનગી વિના મનસ્વી રીતે દબાણ કરી ઓઈલમીલ બનાવી વાણિજય ઉપયોગ કરતા હોય જેથી તા.૦૫/૦૪/૨૦૨૫ ના રોજ જમીન મહેસુલ કાયદાની કલમ હેઠળ નોટીસ આપવામાં આવેલ અને નોટીસના દિવસ-૫ માં સરકારી જમીન પરનું દબાણ સ્વેચ્છાએ ખુલ્લુ કરવા જણાવવામાં આવેલ, તેમ છતા દબાણ ખુલ્લુ કરવામાં આવેલ નથી. જેથી તા.૦૯/૦૨/૨૦૨૬ દબાણદાર સામે સુઓમોટો કરી ગુજરાત જમીન પચાવી પાડવા (પ્રતિબંધ) અધિનિયમ-૨૦૨૦ હેઠળ કાર્યવાહી કરવા દરખાસ્ત કરતા રાજકોટ કલેકટર દ્વારા સામાવાળા સામે લેન્ડ ગ્રેબિંગ એકટ હેઠળ પોલીસ ફરીયાદ નોંધાવવા આદેશ કરતા રૂ.૨.૮૩ લાખની સરકારી જમીન પર કબ્જો કરનાર શખ્સ સામે કાર્યવાહી કરવામાં આવેલ છે. બનાવ અંગેની ફરીયાદ પરથી જસદણ પોલીસે ગુનો નોંધી જસદણ એએસપી ડો. નવીન ચક્રવર્તી અને ટીમે તપાસનો ધમધમાટ આદર્યો હતો.

**સરકારી નોટિસની પણ દરકાર ન લીધી: અંતે મામલતદાર ફરીયાદી બનતાં જસદણ પોલીસે ગુનો નોંધ્યો: એએસપી ડો.નવીન ચક્રવર્તીએ તપાસ આદરી**

# અંબાજી મંદિરના ભંડારામાં મહેફીલ કરવામાં વધુ છ સામે ફરિયાદ

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢના ગિરનાર પર આવેલ શક્તિપીઠ એવા અંબાજી માતાજીના મંદિરના ભંડારામાં દારૂની મહેફીલ માણી માંસાહાર કરનાર ૨ સગીર સહિત ૬ સામે ધાર્મિક લાગણી દુભાવ્યાની ફરીયાદ ભવનાથ પોલીસ મથકે નોંધાતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે. પોલીસ માંથી પ્રાપ્ત વિગતો મુજબ, ફરિયાદી આવળભાઈ કરશનભાઈ ખટાણાએ પેનડ્રાઈવમાં રજુ કરેલા વિડીયોમાં દેખાતા આરોપીઓ અભિષેક કિશોરસિંહ ચૌહાણ, જીગ્નેશ રવજી ડાભી, છગન બચુ ડાભી, નિખિલ કિશોર મેઘનાથી સહિત બે સગીર વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદી હિન્દુ ધર્મનુ પાલન કરતા હોય અને અંબાજી માતાજીનું મંદિર શક્તિપીઠ હોય, અને આ અંબાજી માતાજીના મંદિરના ભંડારાના આરોપીઓએ દારૂનું સેવન કરી, ગાળાગાળી કરી, નોનવેજ ખાધેલ હોવાનું દેખાઈ આવતું હોય, જેથી ફરીયાદીની હિન્દુ તરીકે ધાર્મિક લાગણી દુભાઈ છે. જેથી આરોપીઓ સામે ગુન્હો દાખલ કરવામાં આવે.ફરીયાદની ફરિયાદના આધારે ભવનાથ પોલીસે બે સગીર સહિત કુલ ૬ ઈસમો સામે ગુન્હો નોંધી વધુ તપાસ પીએસઆઈ ડામોરે હાથ ધરી છે.

# ગોંડલના મોટા દડવા ગામે લૂંટ ચલાવી ફરાર થઈ ગયેલો લૂંટારો ૨૬ વર્ષે ઝડપાયો

**રાજકોટ રૂરલ એલસીબી ટીમની કાર્યવાહી: બાતમીના આધારે અશોક સાથળીયાને અમરેલીથી દબોચી લેવાયો**

**અબતક, રાજકોટ**

ગોંડલના મોટા દડવા ગામે ૨૬ વર્ષ પૂર્વે લૂંટને અંજામ આપી ફરાર થઈ ગયેલા આરોપીને રાજકોટ રૂરલ એલસીબી ટીમે અમરેલી ખાતેથી દબોચી લીધો હતો. ખેડૂતને માર મારી તલની લૂંટ ચલાવી ભૂગર્ભમાં ઉતરી ગયેલા અશોક સાથળીયા ઝડપાતા ૨૬ વર્ષ જુના ગુનાનો ભેદ ઉકેલાયો હતો.



રેન્જ આઈજી નિર્લિપ્ત રાય અને જિલ્લા પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર દ્વારા નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને ગોંડલ તાલુકા પોલીસ મથકમાં વર્ષ ૨૦૦૦ની સાલમાં નોંધાયેલ લૂંટ-ધાડના ગુનાના ફરિયાદી બાવાભાઈ શામજીભાઈ ચોવટીયા (રહે મોટા દડવા,ગોંડલ)ના ખેતરમાં પ્રવેશ કરી આઠ મણ તલ જેની કિંમત રૂ. ૩૦૦૦ ની લૂંટ કરી ફરિયાદીને માર મારી આરોપીઓ નાસી ગયાનો બનાવ નોંધાયો હતો. જે ગુનામાં છેલ્લા ૨૬ વર્ષથી ફરાર આરોપીઓ અંગે બાતમીદારો મારફત સચોટ હકીકત મેળવી એલસીબી શાખાના એએસઆઈ ઈન્દ્રસિંહ જાડેજા અને અનિલભાઈ ગુજરાતીએ અમરેલી શહેર ખાતેથી આરોપી અશોક ઓઘાભાઈ સાથળિયા (ઉવ ૪૭ રહે. શીતળાધાર મફતિયાપરા, સરદાર ગૌશાળા પાછળ, કોઠારીયા સોલવન્ટ, રાજકોટ)ની ધરપકડ કરી હતી.

આ કામગીરી રૂરલ એલસીબી પીઆઈ વી વી ઓડેદરા, પીએસઆઈ કે એમ ચાવડા, એચ સી ગોહિલ, આર વી ભીમાણી, પી એન ભરવાડ, એએસઆઈ બાલકૃષ્ણભાઈ ત્રિવેદી, ઈન્દ્રસિંહ જાડેજા, જયવિરસિંહ રાણા, અનિલભાઈ ગુજરાતી, હેડ કોન્સ્ટેબલ પ્રહલાદસિંહ રાઠોડ, ભગીરથસિંહ જાડેજા અને કોન્સ્ટેબલ રણજીતભાઈ બોરડ દ્વારા કરવામાં આવી હતી.

# જેતપુરમાં મહિલા વ્યાજખોર બેફામ: મૂડી કરતા વધુ વ્યાજ વસુલી વધુ નાણાંની પઠાણી ઉઘરાણી

**ઘરખર્ચ માટે નાણાંની જરૂરિયાત ઉભી થતાં ગરીબ પરિવાર વ્યાજના ભરડામાં ફસાયો: ૫૦ હજાર ૧૦% વ્યાજે લીધા બાદ ૬૦ હજાર ચૂકવ્યા**

**અબતક, રાજકોટ**

જેતપુરના નવાગઢમાં રહેતા ગરીબ પરિવારને ઘરખર્ચ માટે પૈસાની જરૂરિયાત ઉભી થતાં વ્યાજના વિષચક્રમાં ફસાવવાનો વારો આવ્યો હતો. મહિલા વ્યાજખોરે રૂ. ૫૦ હજાર ૧૦% વ્યાજે ધીરી પરિવાર પાસેથી રૂ. ૬૦ હજાર વ્યાજ પેટે પડાવી લીધા હતા. બાદમાં વારંવાર ઘરે જઈ પૈસાની ઉઘરાણી કરી ધમકીઓ આપી કોરો ચેક પણ પડાવ્યો હતો. વ્યાજખોર દંપતીના ત્રાસથી કંટાળી દંપતી વાડી વિસ્તારમાં આવેલ મંદિરે રહેવા જતો રહ્યો હતો પણ વ્યાજખોરો ત્યાં પણ જઈ વધુ ૫૦ હજારની ઉઘરાણી કરી હતી. જે મામલે યુવાનની ફરિયાદ પરથી જેતપુર પોલિસેં ગુનો નોંધ્યો હતો.

બનાવ અંગે જેતપુરના નવાગઢમાં વિવેકાનંદ સોસાયટીમાં રહેતા ૨૦ વર્ષીય યુવાન હાર્દિકગીરી રમેશગીરી મેઘનાથીએ આરોપી તરીકે જેતપુરના સરદાર ચોક પાસે રહેતા પ્રજ્ઞાબેન રમેશગીરી મેઘનાથી અને રમેશગીરી શિવગીરી મેઘનાથીનું નામ આપતાં જેતપુર ઉદ્યોગનગર પોલિસેં મની લેન્ડ એક્ટની કલમો હેઠળ ગુનો નોંધી કાર્યવાહી આદરી હતી.

યુવકે જણાવ્યું હતું કે,મારા પરીવારમા મારા પિતા રમેશગીરી, માતા કાજલબેન (જે બોલી શકતા નથી), મારો મોટો ભાઈ ભાવેશગીરી તથા મારા કાકા પ્રફુલગીરી છે. અમારા ઘરમાં હું અને મારો મોટો ભાઈ બે જ કમાવાવાળા છીએ. હું છુટક મજુરી કરુ છું. આશરે દોઢેક વર્ષ પહેલા અમારે ઘરખર્ચ માટે પૈસાની જરૂરીયાત ઉભી થતા લોન લેવાની જરૂર પડેલ હતી. ત્યારે મને જાણવા મળેલ કે, પ્રજ્ઞાબેન રમેશગીરી મેઘનાથી વ્યાજે પૈસા આપે છે. જેથી મે મારા પિતાને વાત કરી પ્રજ્ઞાબેનને મળી રૂ. ૧૦ હજાર આપવા જણાવ્યું હતું. જેથી પ્રજ્ઞાબેનએ મને ૧૦% વ્યાજ કપાત કરી રૂ. ૯ હજાર આપેલ હતા. બાદ મારે ફરી પૈસાની જરૂર પડતા એકાદ મહીના બાદ ફરી મે પ્રજ્ઞાબેન પાસેથી રૂ. ૧૦ હજાર લેતા તેમણે વ્યાજ કપાત કરી ૯ હજાર આપેલ હતા. જે બાદ હું સમયસર વ્યાજ ચૂકવતો હતો. ત્રણ મહિના બાદ ફરી પૈસાની જરૂરિયાત ઉભી થતાં મારા મારા પિતા ૩૦ હજાર વ્યાજે લેવા ગયેલ હતા. જેથી પ્રજ્ઞાબેનએ અગાઉના વ્યાજના બે હજાર અને ૩૦ હજારના ૧૦% લેખે ત્રણ હજાર મળી કુલ પાંચ હજાર વ્યાજ કપાત કરી ૨૫ હજાર આપેલ હતા. જેથી કુલ ૫૦ હજાર સામે અમે ૬૦ હજાર રૂપિયા વ્યાજ પેટે ચુકવેલ હતા. તેમ છતા પ્રજ્ઞાબેન તથા તેમના પતિ રમેશગીરી મેઘનાથી અમારા ઘરે અવાર-નાવાર આવી હજુ અમારે રૂ. ૫૦ હજાર એક સાથે ચુકવવા પડશે અથવા વ્યાજ ચુકવતા રહેવુ પડશે તેમ કહી પૈસાની ઉઘરાણી કરી ધમકીઓ આપવા લાગેલ હતા.

બાદ એક દિવસ પ્રજ્ઞાબેન અને તેના પતિ રમેશગીરી અમારા ઘરે ઉઘરાણી કરવા આવેલ અને દબાણ કરી મારા પપ્પાની સહી કરાવી તેમના પંજાબ નેશનલ બેંકના એકાઉન્ટનો કોરો ચેક પડાવી લીધેલ હતો. તેમજ રમેશગીરીએ મારા મોટાભાઈ ભાવેશગીરીને પૈસા આપી દેજો નહીતર મજા નહીં આવે તેમ ધમકી આપેલ હતી. બાદ પ્રજ્ઞાબેનએ ફોન કરીને ગાળો આપી ધમકાવેલ હતો જે મારા ભાઈએ મને વાત કરેલ હતી. બાદ પ્રજ્ઞાબેનએ મને ફોન કરી ગાળો આપી તારે જ્યાં જાવું હોય ત્યાં જા પૈસા તો આપવા જ પડશે તેમ ધમકી આપેલ હતી. જે અંગેનુ કોલ રેકોર્ડીંગ પણ મારી પાસે છે.

વધુમાં યુવાને જણાવ્યું હતું કે, વ્યાજખોર દંપતીના ત્રાસથી કંટાળી મારા માતા-પિતા મોટા ગુંદાળા ગામે વાડી વિસ્તારમાં આવેલ બાટેશ્વર મહાદેવ મંદીર ખાતે છેલ્લા ત્રણેક મહિનાથી રહેવા જતા રહેલ છે. ગઈ તા.૦૭/૦૩/૨૦૨૬ ના રોજ પ્રક્ષાબેન તથા તેના પતી રમેશગીરી મોટા ગુંદાળા ગામેં ધસી જઈ મારા માતા-પીતા પાસે પૈસાની ઉઘરાણી કરવા લાગેલ હતા અને ધમકીઓ આપેલ હતી. દરમિયાન જેતપુર સીટી પોલિસેં યોજેલા લોક દરબારમાં જતાં યુવકને હિંમત આવી હતી અને તેણે વ્યાજખોર દંપતી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

**વધુ ૫૦ હજારની માંગણી કરી ઘરે ધસી જઈ વારંવાર ઉઘરાણી કરી: ઘરછોડી વાડી વિસ્તારમાં મંદિરે રહેવા જતાં રહેલા દંપતીને ધમકાવ્યા, ગુનો નોંધાયો**

# ઘરેલુ એલપીજી ગેસના બાટલાની કાળાબજારી કરતા ઈસમને ઝડપી પાડતી ગીર સોમનાથ પોલીસ

**રહેણાંક મકાનની ઓરડીમાં છુપાવેલા ૯ ભરેલા અને ૨૪ ખાલી બાટલા સાથે નિવેશ સેવરા પોલીસના સકંજામાં**

**અબતક જયેશ પરમાર, ગીરસોમનાથ**

ગીર સોમનાથ જિલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજાની સૂચના અને એસ.ઓ.જી. ઈન્ચાર્જ પી.આઈ. ડી.એમ. કાગડાના માર્ગદર્શન હેઠળ પોલીસે ગેસના બાટલાની ગેરકાયદેસર કાળાબજારી કરતા એક શખ્સને ઝડપી પાડ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશન વિસ્તારના નાવદ્રા ગામની સીમમાં રહેતા નિવેશ હીરાભાઈ સેવરા નામના શખ્સના રહેણાંક મકાન પાસે આવેલી ઓરડીમાં પોલીસ સ્ટાફે સંયુક્ત બાતમીના આધારે દરોડો પાડ્યો હતો.



તપાસ દરમિયાન કોઈપણ પાસ-પરમીટ વગર ગેરકાયદેસર રીતે રાખેલ એલપીજી ગેસના બાટલાનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ૨૪ નંગ જુદી-જુદી કંપનીના ઘરેલુ એલપીજી ગેસના ખાલી બાટલા, ૦૯ નંગ જુદી-જુદી કંપનીના ગેસ ભરેલા બાટલા કબજે કર્યા છે. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં આરોપીએ કબૂલાત કરી હતી કે તે આ જથ્થો કાળાબજારીમાં ઊંચા ભાવે વેચવા માટે રાખતો હતો.

# દસાડા હેડ કોન્સ્ટેબલ ભરત મેમકીયા લાંચ સ્વીકારે તે પહેલા જ એસીબીએ ઝડપી લીધો

**દારૂના ગુન્હામાં માર નહીં મારવાના તથા બીજા અન્ય કેસોમાં નામ નહી ખોલવા રૂ.૮૦૦૦૦ની લાંચ માંગી તી**

**અબતક ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લામાં સરકારી અધિકારીઓ તેમજ કર્મચારીઓ અરજદારો કે લોકો પાસેથી કામ માટે લાંચ લેતા હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. જેને ધ્યાને લઈને અમદાવાદ એસીબી ટીમ દ્વારા છટકું ગોઠવી રોકડ રકમની લાંચ લેવા આવેલ દસાડા પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



આ અંગે મળતી માહિતી મુજબ દસાડા પોલીસ મથકે ફરિયાદી વિરુદ્ધ પ્રોહીબિશનનો ગુન્હો નોંધાયો હતો.જે કેસમાં માર નહીં મારવાના તથા બીજા અન્ય કેસોમાં ફરિયાદીનું નામ નહીં ખોલવા માટે દસાડા પોલીસ મથકમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ ભરતભાઈ કાનજીભાઈ મેમકીયાએ રૂ.૮૦,૦૦૦ ની લાંચ માંગી હતી પરંતુ ફરિયાદી લાંચની રકમ આપવા માંગતા નહોતા આથી અમદાવાદ એસીબી પોલીસને જાણ કરી હતી. જેના ભાગરૂપે અમદાવાદ એસીબી પી.આઈ. એન.બી.સોલંકી સહિતના સ્ટાફે દસાડા ખાતે આવેલ વી.એમ. કોમ્પ્યુટરરાઈઝ વે-બ્રીજ ખાતે ટ્રેપ (છટકું) ગોઠવી હતી જેમા નક્કી થયા મુજબ હેડ કોન્સ્ટેબલ ભરતભાઈ મેમકીયાએ ફરિયાદી પાસે રોકડ રૂ.૮૦,૦૦૦ ની લાંચ માંગી હતું પરંતુ કોઈ કારણોસર આ રકમ સ્વીકારી નહોતી અને તે દરમિયાન જ અમદાવાદ એસીબી ટીમ દ્વારા હેડ કોન્સ્ટેબલને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ભાવનગરના ત્રણ બુટલેગરોની પાસા હેઠળ અટકાયત

**લખન મકવાણા, ભરત કનકને સાબરમતી અને પારસગીરી ગોસ્વામી ને રાજકોટની જેલમાં ધકેલાયા**



**અબતક આનંદ રાણા, સિહોર**

ભાવનગર જિલ્લા પોલીસવાળા નિતેશ પાંડેય દ્વારા સપાટો બોલાવી ત્રણ બુટલેગરોને પાછા હેઠળ અટકાયત કરી છે.જેમાં લખન મકવાણા, ભરત કનક ને સાબરમતી અને પારસગીરી ગોસ્વામી ને રાજકોટની જેલમાં ધકેલવામા આવ્યા છે. ભાવનગર શહેર અને જિલ્લામાં દારૂ અને જુગાર સહિતની ગેરકાયદે પ્રવૃત્તિ ને ડામી દેવા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય દ્વારા પગલા લેવા આપેલી સુચનાને પગલે ભાવનગર શહેરના કૈલાશ સોસાયટીમાં રહેતો લખાણ રૂપે લખો જીવરાજ મકવાણા શ્યામ નગરમાં રહેતો પારસ ગીરી ઉર્ફે પીન્ટુ મહેશ ગીરી ગોસ્વામી અને મહુવાનો ભરત છગન કનક સહિત ત્રણે બુટલેગરો સામે કરેલી પાસાની દરખાસ્તને જિલ્લા કલેકટરે મંજૂરીની મહોર મારતા પાસાનું વોરંટી ઈસ્યુ કરવામાં આવતા જે વોરંટની એલસીબી શાખા દ્વારા બજવણી કરવામાં આવી હતી જેમાં લખન મકવાણા, ભરત કનક ને સાબરમતી અને પારસગીરી ગોસ્વામી ને રાજકોટની જેલમાં ધકેલવામા આવ્યા છે.

# લાઠીના યુવાને ઝેરી દવા ગટગટાવી જીવન ટૂંકાવ્યું

**રાજકોટની ખાનગી હોસ્પિટલમાં યુવકે દમ તોડ્યો, પરિવારમાં શોક છવાયો**

**અબતક, રાજકોટ**

અમરેલી જિલ્લાના લાઠી તાલુકા મથકે રહેતા ૨૬ વર્ષીય આશાસ્પદ યુવકે ગઈકાલે પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવી લેતા ચકચાર મચી ગઈ છે. ગંભીર હાલતમાં યુવકને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ટૂંકી સારવાર બાદ તેનું મોત નીપજતા પરિવારમાં શોક છવાયો છે. પ્રાપ્ત વિગતો મુજબ, અમરેલી જિલ્લાના લાઠીની અસ્તાપીર શેરીમાં રહેતા ચિંતનભાઈ દિનેશભાઈ ગળથીયા (ઉં. ૨૬) ગઈકાલે સાંજે આશરે ૪:૦૦ વાગ્યાની આસપાસ પોતાના ઘરે હતા. આ સમયે કોઈ અગમ્ય કારણોસર તેમણે ઝેરી દવા પી લીધી હતી. ઘટનાની જાણ પરિવારજનોને થતા જ તેઓ તાત્કાલિક ચિંતનભાઈને અમરેલી સિવિલ હોસ્પિટલ લઈ ગયા હતા. જોકે, તેમની હાલત વધુ નાજુક જણાતા તેમને વધુ સારવાર માટે રાજકોટ ખાનગી હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા. જ્યાં ચાલુ સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક ચિંતનભાઈ પોતાનું ગેરેજ ચાલવતા હતા. પોતે એક ભાઈ અને એક બહેનમાં મોટા હતા અને યુવાનના મોતથી ગળથીયા પરિવારમાં અરેરાટી વ્યાપી ગઈ છે. હાલ આ યુવાને કયા કારણોસર આ આત્મઘાતી પગલું ભર્યું તે દિશામાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ધ્રાંગધ્રાના રામપરામાં પાણીના મુદ્દે મહિલાઓ પર હુમલો

**પિતા-પુત્ર સહિત બંને સામે નોંધાતો ગુનો**

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા તાલુકાના રામપરા ગામમાં પાણી ભરવા ગયેલી મહિલાઓ સાથે ગાળો બોલી ઝઘડો કરી મારામારી કરવામાં આવી હોવાની ગંભીર ઘટના સામે આવી છે. આ મામલે કમલભાઈ બંસીભાઈ સોવસિયા દ્વારા ધ્રાંગધ્રા પોલીસ સ્ટેશનમાં નામજોગ આરોપીઓ હેમુ મેરુ થરેશા અને જયેશ હેમુ થરેશા સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે ફરિયાદ મુજબ, ગામમાં પાણી ભરવા ગયેલી મહિલાઓને આરોપીઓ દ્વારા અશ્લીલ ભાષામાં ગાળો બોલી અપમાનિત કરવામાં આવી હતી. મહિલાઓ સાથે કરવામાં આવેલા આ વર્તન અંગે જ્યારે કમલભાઈ બંસીભાઈ સોવસિયાએ વિરોધ નોંધાવ્યો ત્યારે આરોપીઓ ઉશ્કેરાઈ ગયા હતા અને બોલાચાલી બાદ ધક્કામુક્કી કરી શારીરિક હુમલો કર્યો હતો આ હુમલામાં કમલભાઈને હાથ તેમજ નાકના ભાગે ઈજાઓ પહોંચી હોવાની ફરિયાદમાં નોંધ કરવામાં આવી છે. ઘટનાને પગલે વિસ્તારમાં તણાવપૂર્ણ માહોલ સર્જાયો હોવાનું પણ જાણવા મળી રહ્યું છે ફરિયાદી દ્વારા આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે પોલીસ દ્વારા ફરિયાદના આધારે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. હાલ બંને આરોપીઓ ફરાર હોવાનું જાણવા મળ્યું છે અને તેમને ઝડપી પાડવા માટે પોલીસ દ્વારા ચક્રો ગતિમાન કરવામાં આવ્યા હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળી રહ્યું છે.

# કોટડાસાંગાણીના રાજપરા ગામે સીમમાં દેશી દારૂ ગાળવાની ભઠ્ઠી ઝડપાઈ

**દેશી દારૂ, આથો, મહિન્દ્રા પીકઅપ વાહન, જનરેટર સહીત રૂ.૪.૧૩ લાખનો મુદ્દામાલ કબ્જે : બુટલેગર સંજય ભાલાળાની શોધખોળ**

**અબતક, રાજકોટ**

કોટડાસાંગાણી પોલિસની ટીમે રાજપરા ગામની સીમમાં દરોડો પાડી દેશી દારૂ ગાળવાની ભઠ્ઠી ઝડપી પાડી હતી. અહીંથી પોલિસેં દેશી દારૂ, આથો, બેરલ, મહિન્દ્રા પીકઅપ વાહન, જનરેટર સહીત રૂ.૪.૧૩ લાખનો મુદ્દામાલ કબ્જે કરી બુટલેગર સંજય ભાલાળા ની શોધખોળ શરૂ કરી હતી. દરોડાની પ્રાપ્ત વિગત અનુસાર કોટડા સાંગાણી પોલીસ મથકના એએસઆઈ વિશાલભાઈ ગઢાદરા, સિધ્ધરાજસિંહ જાડેજા, હેડ કોસ્ટેબલ અરવિંદભાઈ ડુમાદિયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં કોમ્બિંગ નાઈટમાં હતા. દરમિયાન તા.૧૯-૦૩-૨૬ ની રાત્રિના સવા બે વાગ્યે ખાનગી રાહે હકીકત મળી હતી કે, કોટડા સાંગાણી તાલુકાના રાજપરા ગામે સંજય બાબુભાઈ ભાલાળા રાજપરા ગામની સીમમાં ગારાવાળા મેલડી માના મંદિર તરફ જવાના રસ્તે ખરાબાની જગ્યામાં ગેરકાયદે દેશી દારૂ બનાવવાની પ્રવૃત્તિ કરી રહ્યો છે. જે બાતમીના આધારે કોટડા સાંગાણી પોલીસની ટીમે રાજપરા ગામની સીમમાં ગારાવાડી મેલડીમાંના મંદિર તરફ જવાના રસ્તે ખરાબાની જગ્યામાં દરોડો પાડતા ત્યાંથી કોઈ હાજર મળી આવ્યું ન હતું પરંતુ અહીં એક ભઠ્ઠી ચાલુ હાલતમાં જોવા મળી હતી. જે ભઠ્ઠીમાં દેશી દારૂ ગાળવામાં આવતો હોય તેવું ધ્યાને પડતા કોટડા સાંગાણી પોલીસની ટીમે અહીંથી સો લીટર દેશી દારૂનો ગરમ આથો, ૨૦૦૦ લીટર ઠંડો આથો, બેરલ, લોખંડની ટાંકી, અઢી સો લીટર દેશી દારૂ, એક મહિન્દ્રા બોલેરો પીકઅપ વાહન જેના નંબર જીજે-૧૩-એડબ્લ્યુ-૬૯૫૭ અને જનરેટર મળી કુલ રૂ.૪,૧૩,૫૦૦ નો મુદ્દામાલ કબજે કરી આરોપી સંજય બાબુભાઈ ભાલાળાની શોધખોળ શરૂ કરી હતી.

# ધ્રાંગધ્રા: છેતરપિંડીના ગુનાને સિવિલ મેટર ગણી ત્રણ શખ્સોના રિમાન્ડ નામંજૂર


**અબતક સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા શહેરમાં છેતરપિંડીથી જમીનનો દસ્તાવેજ કરી લેવાયાની ફરિયાદમાં નવો વણાંક સામે આવ્યો છે જેમાં ધ્રાંગધ્રા શહેરના કુંભારપરા વિસ્તારમાં રહેતા પ્રેમજીભાઈ લકુમને આર્થિક મદદ માટે છ લાખ રૂપિયા લીધા બાદ બે શખ્સોએ છેતરપિંડી આચરી પ્રેમજીભાઈની જમીનમાં ૨૫ ટકાનો દસ્તાવેજ કરવામાં આવ્યો હતો આ બંને શખ્સો સહજત દસ્તાવેજ કરનાર અને સાક્ષી તરીકે સહી કરનાર કુલ ચાર વિરુધ ધ્રાંગધ્રા સીટી પોલીસ મા ગુનો નોધાયો હતો જ્યારે ધ્રાંગધ્રા સીટી પોલીસે સંજયભાઈ સરૈયા, ચંદ્રેશભાઈ ગોલતર અને સુરેશભાઈ રાતડિયાને ઝડપી લઈ કોર્ટમાં રજૂ કરી ત્રણ દિવસના રિમાન્ડની માંગણી કરી હતી પરંતુ ધ્રાંગધ્રા કોર્ટે દસ્તાવેજ રજીસ્ટાર સામે થયો હોવાથી આ પ્રકરણ છેતરપિંડી નહીં હોવાનું અને આખોય કેસ સિવિલ મેટર હોવાનું અવલોકન કરી ત્રણેયના રિમાન્ડ નામંજૂર કરી જેલ હવાલે કરવામાં આવ્યા હતા.

# મિનિ વાવાઝોડામાં વૃક્ષ-વિજપોલ-હોર્ડિંગ્સ ધરાશાયી



તસવીર : લિતેશ ચંદારાણા, વાંકાનેર









**ઔદ્યોગિક એકમોના શેડના પતરા અને માટેલના મેળામાં મંડપ ઉડી ગયા**

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી જીલ્લામાં અચાનક બદલાયેલા હવામાનને કારણે મીની વાવાઝોડા જેવી પરિસ્થિતિ સર્જાઈ હતી. ભારે પવન અને કમોસમી વરસાદથી વૃક્ષો, વીજપોલ, હોર્ડિંગ્સ તેમજ ઔદ્યોગિક શેડને નુકસાન થયું હતું. આ ઉપરાંત વિવિધ સ્થળોએ મંડપ ઉડી જતા અફરાતફરી મચી હતી, ત્યારે કુદરતી કહેર વચ્ચે સદનસીબે કોઈ જાનહાનિ નોંધાઈ નથી.

ગીચ વિસ્તારોમાં વૃક્ષો ધરાશાયી થયા, વીજપોલ તૂટી પડ્યા અને અનેક સ્થળોએ હોર્ડિંગ્સ જમીનદોસ્ત થઈ ગયા હતા, જેના કારણે લોકોમાં ભયનો માહોલ સર્જાયો હતો. વાંકાનેર તાલુકાના માટેલ ખાતે આવેલા ખોડિયાર ધામમાં ચૈત્રી નવરાત્રી મેળા દરમિયાન અચાનક જોરદાર પવનને કારણે મંડપ ઊડી ગયા હતા. ભક્તોમાં ભાગદોડ મચી ગઈ હતી અને મેળાના વેપારીઓ પોતાના સ્ટોલ બચાવવા મંડપ પકડીને ઉભા રહેતા નજરે પડ્યા હતા. તે ઉપરાંત મોરબી શહેરના આલાપ રોડ પર નવજીવન પાર્ક નજીક ચાલી રહેલી ભાગવત કથામાં પણ મંડપનો ડોમ ઉડી જતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

નવલખી પોર્ટ વિસ્તારમાં દરિયા કાંઠા વિસ્તારમાં પવનનો પ્રચંડ વેગ જોવા મળ્યો હતો, જ્યાં પાણીની ટાંકી ફંગોળાઈ ગઈ હતી અને દરિયો પણ ગાંડોતુર થયો હતો. લાલપર નજીક મહાકાય હોર્ડિંગ્સ તૂટી પડતાં રસ્તા પર કચરો ફેલાઈ ગયો હતો, મોબાઈલ ટાવરની સીડી તૂટી લટકતી જોવા મળી હતી, જે અત્યંત જોખમકારક પરિસ્થિતિ સર્જાઈ હતી. એક વૃક્ષ પડતા જ્યાં તેની નીચે પાર્ક કરેલી કાર દબાઈ ગઈ હતી. તદુપરાંત રાજપર રોડ પર આવેલા એક પાર્ટી પ્લોટમાં મંડપ પડી જવાની ઘટના બની હતી.

ઉપરાંત, મોરબી પંથકના ઘુંટુ, લીલાપર, લાલપર, ઢુંવા તેમજ આસપાસના ઔદ્યોગિક વિસ્તારોમાં સિરામિક, પેપરમિલ અને પોલીપેક કારખાનાઓના શેડના પતરા હવામાં ઉડી ગયા હતા.

વાંકાનેર શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં આકાશમાં કાળા ડિબાંગ વાદળો ઘેરાવાની સાથે જોતજોતામાં જ ભારે પવન ફૂંકાવા લાગ્યો હતો. પવનની ગતિ એટલી તેજ જોવા મળી રહી છે કે જાણે મિની વાવાઝોડું આવ્યું હોય તેવો માહોલ સર્જાયો હતો. આ વાવાઝોડાની સાથે જ વિસ્તારમાં ઠેરઠેર કમોસમી વરસાદ તૂટી પડ્યો હતો અને આશ્ચર્યની વાત એ છે કે ઘણી જગ્યાએ વરસાદની સાથે બરફના મોટા કરા પણ પડ્યા હતા. અચાનક શરૂ થયેલા વરસાદને કારણે વાહનચાલકો અને રાહદારી સલામત સ્થળે ખસી ગયા હતા. હવામાન વિભાગે અનેક વિસ્તારોમાં છૂટા-છવાયા વરસાદની આગાહી કરવામાં આવી છે.

વાંકાનેર પંથકમાં પડેલા આ કમોસમી વરસાદ (માવઠા) અને બરફના કરાને કારણે ખેડૂતોની ચિંતામાં ભારે વધારો થયો છે. અત્યારે ખેતરોમાં રવિ પાક તૈયાર થઈને ઊભો છે અથવા તો લણણીની તૈયારીમાં છે. જીરું, ઘઉં, ચણા, ધાણા અને એરંડા જેવા પાકોને આ કરા અને ભારે પવનથી વ્યાપક નુકસાન પહોંચવાનો અંદાજ છે. ખેડૂતોના મોઢે આવેલો કોળિયો છીનવાઈ જવાની નોબત આવતા ખેડૂત આલમમાં નિરાશા વ્યાપી ગઈ છે.

### ''પ્રોજેક્ટ દ્રષ્ટિ'' અંતર્ગત

## નિરામય ચેરી. ટ્રસ્ટ દ્વારા ૧૩૦૦થી વધુ વિદ્યાર્થીઓને ચશ્માનું વિતરણ



**અબતક, ઋષિ મહેતા**

મોરબીમાં નિરામય ચેરીટેબલ ટ્રસ્ટ, ભારતકેર અને એચડીએફસી બેંકના સંયુક્ત સહયોગથી 'પ્રોજેક્ટ દ્રષ્ટિ' અંતર્ગત ચશ્મા વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. ટી.કે. હોટેલ ખાતે યોજાયેલ આ કાર્યક્રમમાં મોરબી જીલ્લાના ૧૩૯૮ વિદ્યાર્થીઓને નિઃશુલ્ક ચશ્મા અર્પણ કરવામાં આવ્યા હતા. આ પ્રોજેક્ટ અંતર્ગત મોરબી, રાજકોટ અને જામનગર જીલ્લાની વિવિધ શાળાઓમાં કુલ૩૦,૦૯૪ વિદ્યાર્થીઓની આંખોની તપાસ કરવામાં આવી હતી, જેમાંથી ૫૧૯૦ વિદ્યાર્થીઓને દ્રષ્ટિની ક્ષતિ જણાઈ હતી. મોરબી જીલ્લામાં આશરે ૧૪ ટકા વિદ્યાર્થીઓમાં દ્રષ્ટિની સમસ્યા જોવા મળી હતી, જ્યારે રાજકોટ અને જામનગરમાં આ પ્રમાણ લગભગ ૨૦ ટકા જેટલું નોંધાયું હતું.

આ પ્રસંગે ડો.ગૌરવ શુકલા, ડો. અશ્વિનભાઈ નકુમ, વ્હાબભાઈ જીંદાણી, ડો. સંજય શાહ, જીલ્લા શિક્ષણ અધિકારી કમલેશ મોતા તેમજ દિનેશભાઈ વડસોલા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં જીલ્લાના આશરે ૪૦ સરકારી અને માધ્યમિક શાળાના પ્રિન્સિપાલોને ચશ્માના બોક્સ સોંપવામાં આવ્યા હતા.

## રમત-ગમત ક્ષેત્રે પણ દીકરીઓએ પોતાની આગવી ઓળખ ઉભી કરી: કલેકટર કે.બી. ઝવેરી

### બેટી બચાવો, બેટી પઢાવો, અભિયાન અંતર્ગત રમત ગમત ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર ૪૮ દીકરીઓનું સન્માન

**અબતક,ઋષી મહેતા**

મોરબી જીલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી દ્વારા રમતવીર દીકરીઓના કૌશલ્યને બિરદાવવા અને રમતગમત ક્ષેત્રે તેમને પ્રોત્સાહિત કરવાના ઉમદા હેતુથી 'બેટી બચાવો, બેટી પઢાવો' યોજના અંતર્ગત સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જીલ્લા કલેક્ટર કે.બી. ઝવેરીના અધ્યક્ષસ્થાને અને મોરબી મહાનગરપાલિકાના કમિશનર સ્વપિનલ ખરેની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં જીલ્લાની ૪૮ જેટલી





તેજસ્વી દીકરીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ સન્માન સમારોહમાં કબડ્ડી, ટેકવેન્ડો, ખો-ખો, જુડો, કરાટે અને બેડમિન્ટન જેવી વિવિધ રમતગમત સ્પર્ધાઓમાં રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે ઉત્કૃષ્ટ દેખાવ કરનાર ખેલાડી કન્યાઓને મહાનુભાવોના હસ્તે સ્મૃતિચિહ્ન અને પ્રશસ્તિપત્ર આપી તેમનું વિશિષ્ટ બહુમાન કરાયું હતું. કલેક્ટરે આ તકે દીકરીઓને અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, મોરબીની દીકરીઓ રમતગમતના મેદાનમાં પણ પોતાની આગવી ઓળખ ઉભી કરી રહી છે, જે સમગ્ર જીલ્લા માટે ગૌરવની બાબત છે

આ અવસરે જીલ્લા મહિલા અને બાળ અધિકારી જલ્પાબેન ત્રિવેદી, જીલ્લા રમતગમત અધિકારી રવિભાઈ રાઠોડ, વિવિધ રમતના કોચ, વાલીઓ તેમજ દીકરીઓ ઉપસ્થિત રહી હતી.

## ટંકારાના છત્તર ગામે રીસામણે રહેલી પરિણીતાને રાજકોટ સ્થિત સાસરીયાનો સિતમ

### દારૂના નશામાં પતિનો દહેજની માંગ અને મારપીટ સહિતના આક્ષેપો સાથે મોરબી મહિલા પોલીસમાં ફરિયાદ

**અબતક, ઋષિ મહેતા**

ટંકારા તાલુકાના છત્તર ગામની યુવતીની પતિ સહિત સાસુ-સસરા અને બે નણંદ વિરુદ્ધ ગુનો નોંધ્યો છે. ટંકારા તાલુકાના છત્તર ગામે રહેતા અને રાજકોટ-જામનગર રોડ મનહરપુર ખાતે સાસરું ધરાવતા મનિષાબેન અક્ષયભાઈ વાનકીયા પતિ અક્ષયભાઈ ભુપતભાઈ વાનકીયા, સાસુ ભાનુબેન ભુપતભાઈ વાનકીયા, સસરા ભુપતભાઈ વાઘજીભાઈ વાનકીયા, નણંદ સોનલબેન અને ક્રિષ્નાબેન સહિત સાસરિયાઓ સામે મોરબી મહિલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી કે, પતિ અક્ષયભાઈને દારૂની લત લાગી જતા મારપીટ અને શંકા-કુશંકાના કારણે પીડિતાને શારીરિક તથા માનસિક ત્રાસ આપતો હતો. સાસુ-સસરા અને નણંદો પણ પતિને ચડામણી કરતા અને દહેજમાં પૈસા તથા ઘરેણાં લાવવાની માંગણી કરતા હતા. ગત ૧૪ ફેબ્રુઆરીએ પતિ અને નણંદોએ મળીને મારપીટ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી, જેના કારણે પીડિતા બેભાન થઈ ગઈ હતી. બાદમાં તેને ઘરેથી કાઢી મુકાતા તે માવતરે આવી ગઈ હતી. ફરિયાદી મનીષાબેને વધુમાં આક્ષેપ કર્યો છે કે પતિએ તેની સોશિયલ મીડિયા આઈડીનો દુરુપયોગ કરી તેના ચારિત્ર્યને બગાડવાનો પ્રયાસ કર્યો હતો તથા બાળકોને મળવા પણ દીધા નહોતા. હાલ પીડિતા પોતાના માવતરે રહે છે જ્યારે તેના બંને સંતાનો પતિ પાસે છે. ત્યારે સમગ્ર મામલે મોરબી મહિલા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

## વાંકાનેરના વિરપર ગામે ૧૦૦૦ લીટર દારૂના આથા સાથે બુટલેગર ઝડપાયો

**અબતક, ઋષી મહેતા,**

વાંકાનેર તાલુકાના વિરપર ગામે પોલીસે પૂર્વ બાતમીને આધારે પાડેલ દરોડા દરમ્યાન ૧૦૦૦ લીટર ઠંડા આથા અને ૪૫ લીટર દેશી દારૂ સાથે એક બુટલેગરને ઝડપી પાડ્યો છે. કુલ રૂ.૩૪,૦૦૦/-ના મુદ્દામાલ સાથે પકડાયેલ આરોપી વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી વાંકાનેર તાલુકા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.



વાંકાનેર તાલુકા સર્વેલન્સ ટીમને પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે વિરપર ગામની સીમમાં આવેલા વડીયા વિસ્તારમાં દરોડો પાડ્યો હતો. જ્યાં ખરાબામાં દેશી દારૂ બનાવવાની ભઠ્ઠી ચલાવવામાં આવી રહી હતી, દરોડા દરમિયાન પોલીસે સ્થળ ઉપરથી ૧૦૦૦ લીટર ઠંડો આથો તથા ૪૫ લીટર તૈયાર દેશી દારૂ ઝડપી લેવાયો હતો. પોલીસે સ્થળ પર જ ઠંડો આથો નાશ કરી કુલ રૂ.૩૪,૦૦૦/- નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ સાથે આરોપી વિશાલભાઈ ભરતભાઈ જંજવાડીયા રહે. જોધપર નદી તા.જી.મોરબી વાળાની અટક કરી હતી.

## સાંકડા રસ્તાઓમાં પણ હવે ફાયરનું વાહન પહોંચી શકશે

### આધુનિક સુવિધાસભર ફાયર ટેન્કરના વાહનનો ઉમેરો

**અબતક, ઋષિ મહેતા**

મોરબી મહાનગરપાલિકાના ફાયર વિભાગમાં મિની ફાયર ટેન્ડરનો સમાવેશ કરવામાં આવ્યો છે. ગીચ વસાહતો અને સાંકડા રસ્તાઓમાં ઝડપી કામગીરી માટે આ વાહન ખૂબ ઉપયોગી સાબિત થશે. રાજ્ય સરકારની સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ આ સુવિધા આપવામાં આવી છે, જે આપત્તિ વ્યવસ્થાપનને વધુ મજબૂત બનાવશે.





મોરબી શહેરમાં આગ જેવી આકસ્મિક પરિસ્થિતિઓમાં ઝડપી કામગીરી માટે મહાનગરપાલિકાના ફાયર વિભાગમાં મિની ફાયર ટેન્ડર ઉમેરવામાં આવ્યું છે. સાંકડા રસ્તાઓ અને ગીચ વિસ્તારોમાં મોટા ફાયર વાહનો પહોંચી શકતા નથી, ત્યારે આ નાનું વાહન ઝડપથી ઘટનાસ્થળે પહોંચી આગ પર પ્રાથમિક કાબૂ મેળવશે. ચીફ ફાયર ઓફિસરના જણાવ્યા મુજબ આ વાહનથી આવન જાવનનો સમય ઘટશે અને જાન-માલનું નુકસાન ઓછું થશે. લેડર, હોઝ રીલ સહિત આધુનિક સાધનોથી સજ્જ આ ટેન્ડર ખાસ કરીને પોળ અને ગીચ વસાહતોમાં ખૂબ ઉપયોગી રહેશે. રાજ્ય સરકારની સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અને ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપનીના માર્ગદર્શન હેઠળ મળેલી આ સુવિધાથી મોરબી ફાયર વિભાગ વધુ સજ્જ બન્યો છે.

## પીપળિયા પાસે બોલેરોમાં લઈ જવાતા ત્રણ પશુઓને ગૌ રક્ષકોએ બચાવી લીધા

### પશુઓને કચ્છથી મોરબી તરફ કતલખાને લઈ જવાતા હતા

**અબતક, ઋષી મહેતા**

મોરબી જીલ્લામાં ગૌરક્ષકોએ બોલેરો ગાડીનો પીછો કરીને ત્રણ પશુઓને ક્રૂરતાથી બાંધી કતલ માટે લઈ જવાના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો હતો. જેમાં મોરબી વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ સહિતની અન્ય સંસ્થાઓના ગૌરક્ષકોના સહયોગથી તેમજ પોલીસને સાથે રાખી એક આરોપીને ઝડપી લેવાયો હતો. આ સાથે પકડાયેલ આરોપી બિરુદ્ધ પોલીસે ગુનો નોંધી આગળની તપાસની તજવીજ શરૂ કરી છે.



તા.૧૯ માર્ચની વહેલી સવારે કચ્છથી માળિયા મારફતે મોરબી તરફ બોલેરો પીકઅપ રજી.નં. જીજે-૦૩-બીડબલ્યુ-૫૦૮૫માં પશુઓને ક્રૂરતાપૂર્વક બાંધી કતલખાને લઈ જવાતી હોવાની બાતમી મળતા ગૌરક્ષકો સતર્ક થયા હતા. બાતમીના આધારે ગાડીનો પીછો કરીને પીપળીયા ચાર રસ્તા નજીક નાયણકા ગામ પાસે વાહન અટકાવવામાં આવ્યું હતું. ત્યારે બોલેરોની તલાસી લેતા તેમાંથી ત્રણ પશુઓ મળી આવ્યા હતા, જેને અમાનવીય રીતે બાંધી લઈ જવાતા હતા. આ સાથે પકડાયેલ બોલેરો ચાલક આરોપી પાસે કોઈ પરમિટ કે કાયદેસર દસ્તાવેજ ન હોવાનું બહાર આવ્યું હતું. જેથી ગૌરક્ષકો દ્વારા મોરબી તાલુકા પોલીસના સહયોગથી આરોપીને ઝડપી લઈ ગાડી કબ્જે કરી પશુઓને મુક્ત કરવામાં આવ્યા હતા.આ કામગીરીમાં મોરબી વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ અખિલ વિશ્વ ગૌવર્ધન પરિષદ દિલ્હી, હિન્દુ યુવા વાહિની તેમજ રાજકોટ, કચ્છ, ધાંગધ્રા, લીંબડી, ચોટીલા તથા હળવદ ગૌરક્ષક સંગઠનોના કાર્યકરોનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું હતું. આ સાથે પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## નવયુગ નર્સિંગ કોલેજમાં ઓથ સેરેમનીની ઉજવણી

### વિદ્યાર્થીઓએ માનવસેવા માટે પ્રતિબધ્ધતા વ્યકત કરી

**અબતક, ઋષી મહેતા**

મોરબી સ્થિત નવયુગ નર્સિંગ કોલેજ ખાતે વિદ્યાર્થીઓ માટે ઓથ સેરેમની-૨૦૨૬નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ સેવા, કરુણા અને સમર્પણના પવિત્ર શપથ લઈને માનવસેવા માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. તેમજ નવા વિદ્યાર્થીઓ માટે શપથ ગ્રહણ સમારોહ ભવ્ય અને શિસ્તબદ્ધ માહોલમાં યોજાયો હતો. કાર્યક્રમનો પ્રારંભ મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્યથી કરવામાં આવ્યો હતો અને ઉપસ્થિત મહેમાનોનું પુષ્પગુચ્છ તથા સ્મૃતિચિહ્નથી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઋષભઊર્જા મેડિકલ કોલેજના ડીન ડો. નીરજકુમાર બિસ્વાસ, એડિશનલ ડીન ડો. હિરેન સંઘાણી, જાણીતા બાળરોગ નિષ્ણાત અને સાહિત્યકાર ડો. સતીશ પટેલ, ડો. દીપક અઘારા, ડો.



મહેન્દ્ર ફેફર અને ડો. ચિરાગ વડગાસિયા ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત સંસ્થાના પ્રમુખ પી.ડી. કાંજિયા, મેનેજિંગ ટ્રસ્ટી બળદેવભાઈ સરસાવડીયા, એડમિન હેડ શક્તિભાઈ જોશી અને પ્રિન્સિપાલ નિલેશ મિરાણીની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. કાર્યક્રમ દરમિયાન મહેમાનોએ વિદ્યાર્થીઓને પ્રેરણાદાયક સંબોધન આપ્યા હતા. ડો. સતીશ પટેલે સેવા અને કરુણાભાવને નર્સિંગ ક્ષેત્રનું મૂળ મંત્ર ગણાવ્યો હતો, જ્યારે ડો. નીરજકુમાર બિસ્વાસે માનવતા અને સંવેદનાનું મહત્વ સમજાવ્યું હતું. ડો. હિરેન સંઘાણીએ દર્દીઓ સાથે આત્મીયતા રાખવાની સલાહ આપી હતી અને ડો. મહેન્દ્ર ફેફરે વ્યાવસાયિક શિસ્ત અને પ્રેક્ટિકલ કૌશલ્ય પર ભાર મૂક્યો હતો. સંસ્થાના પ્રમુખ પી.ડી. કાંજિયાએ વિદ્યાર્થીઓને નિષ્ઠાપૂર્વક સેવા આપી ઉત્તમ કારકિર્દી બનાવવાની શુભેચ્છાઓ પાઠવી હતી.

આ સાથે વિદ્યાર્થીઓએ ફ્લોરેન્સ નાઈટીંગેલના આદર્શોને અનુસરી લેમ્પ લાઈટિંગ વિધિ કરી અને 'ઓથ સોંગ' સાથે માનવસેવાના પવિત્ર શપથ લીધા હતા. કાર્યક્રમ દરમિયાન સ્તુતિ, ક્લાસિકલ નૃત્ય અને સંગીતની સુંદર રજૂઆતો દ્વારા સાંસ્કૃતિક માહોલ પણ સર્જાયો હતો. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાના સ્ટાફ અને આયોજનકર્તાઓએ મહેનત કરી હતી. અંતે આભાર વિધિ અને 'વંદે માતરમ'ના ગાન સાથે સમારોહની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

# લીલીયામાં દિવાલ ધરાશાયી થતા રોડ કલાકો સુધી બંધ રહ્યો, રેકડી પણ હવામાં ઉડી

## અમરેલી, ધારી, ચલાલામાં ભારે પવનથી ધુળની ડમરી ઉડી, લાઠીમાં તારાજી સર્જાઈ



## કોટડાસાંગાણી ભારે પવન સાથે માવઠાના મારથી અનેક વીજપોલ જમીનદોસ્ત

**અબતક, સલીમ પતાણી, કોટડાસાંગાણી**

કોટડાસાંગાણીઃ કોટડાસાંગાણી પંથકમાં આજે અચાનક વાતાવરણમાં આવેલા પલટાએ ખેડૂતો અને ગ્રામજનોની ચિંતામાં વધારો કર્યો છે. ભારે પવન અને ગાજવીજ સાથે શરૂ થયેલા કમોસમી વરસાદને કારણે સમગ્ર પંથકમાં જનજીવન અસ્તવ્યસ્ત બન્યું છે. કુદરતી પ્રકોપના કારણે અનેક સ્થળોએ વીજપોલ અને વર્ષો જૂના વૃક્ષો ધરાશાયી થવાના અહેવાલો પ્રાપ્ત થયા છે.

ખેડૂતોનો મોંઢે આવેલો કોળિયો છીનવાયો આ કમોસમી વરસાદને કારણે ખેતીને વ્યાપક નુકસાન પહોંચ્યું છે. ખેતરોમાં ઉભેલા અને લણણીના આરે આવેલા પાક જેવા કેઃ ડુંગળી અને લસણ ચણા અને જીરું ધાણા

આ તમામ રવિ પાકોમાં ભારે નુકસાન વેઠવાનો વારો આવતા ખેડૂતોની આર્થિક કમર તૂટી ગઈ છે.

ભારે પવનની ગતિ એટલી તેજ હતી કે માણેકવાડા ગામ સહિત અનેક વિસ્તારોમાં વીજળીના થાંભલાઓ જમીનદોસ્ત થઈ ગયા છે. વીજ લાઈનોના વાયરો તૂટી પડવાને કારણે સુરક્ષાના ભાગરૂપે સમગ્ર પંથકનો વીજ પુરવઠો બંધ કરી દેવામાં આવ્યો છે, જેનાથી ગ્રામ્ય વિસ્તારોમાં અંધારપટ છવાયો છે. રસ્તાઓ પર વૃક્ષો પડવાને કારણે વાહનવ્યવહાર પર પણ અસર પડી છે.





**અબતક, હર્ષ ઠાકર, અમરેલી**

અમરેલી શહેર સહિત જિલ્લાના વિવિધ વિસ્તારોમાં આકાશમાં કાળાં ઘેરા વાદળો છવાઈ જતા પ્રચંડ પવન સાથે ધૂળની ડમરીઓ ઉડવા લાગી હતી.

અચાનક આવેલા પ્રચંડ પવન અને ધૂળની ડમરીઓને કારણે રસ્તાઓ પર વિઝિબિલિટી ખૂબ જ ઘટી ગઈ હતી. જેના કારણે વાહનચાલકોને રસ્તો સ્પષ્ટ દેખાતો ન હોવાથી ભારે મુશ્કેલી પડી હતી. કેટલાક વાહનચાલકોને તો વાહનો રસ્તા પર જ થંભાવી દેવા પડ્યા હતા. અમરેલી રાજકમલ ચોકમાં હોર્ડિંગ ઉડી ગયા હતા

લીલીયામાં અમરેલી મેઈન રોડ ઉપર દિવાલ ધરાશાઈ થઈ જતા રોડ



કલાકો સુધી બંધ રહ્યો હતો જેને લીલીયા પોલીસે હટાવી રસ્તો શરૂ કરાવ્યો હતો,

તો સરદાર ચોકમાં ભારે પવનમાં બરફની રેકડી પણ કાગળની માફક ઊડી હતી, સાથે ત્યાં એક મહાકાય વૃક્ષ પણ ધરાશાઈ થયું હતું.

લાઠીમાં ભારે પવનના કારણે શહેર તેમજ આસપાસના વિસ્તારોમાં ભારે પવનના કારણે કેટલીક જગ્યાઓ પર વર્ષો જુના વૃક્ષો ધરાશાઈ થઈ ગયા છે, લાઠી ગગડયા ચોકમાં વૃક્ષ પડતા કલાકો સુધી રસ્તો બંધ રહ્યો હતો, જેને સ્થાનિક પોલીસે હટાવી રસ્તો શરૂ કરાવ્યો હતો

અમરેલી શહેર ઉપરાંત ધારી, ચલાલા, વડિયા , લાઠી લીલીયા સહિતના વિસ્તારોમાં મીની વાવાઝોડા સાથે માવઠાની આગમન થયું હતું.

## જેતલસરમાં પાકનો યાર્ડમાં લઈ જવાની તૈયારી થતી હતી ત્યારે વરસાદ પડતા નુકશાન



**અબતક, કુલદીપ જોશી, જેતલસર**

રાજ્યમાં હવામાન વિભાગની આગાહી વચ્ચે જેતલસર અને તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ભરઉનાળે આવેલા કમોસમી વરસાદે ખેડૂતોની આખી સીઝનની મહેનત પર પાણી ફેરવી દીધું છે. ખાસ કરીને ખેતરમાં કાપીને તૈયાર રાખેલો અને માર્કેટ યાર્ડમાં લઈ જવાની તૈયારીમાં રહેલો પાક પલળી જતાં ખેડૂતોને લાખો રૂપિયાનું નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે.

પાક પલળી જવાથી તેની ગુણવત્તા બગડશે અને બજારમાં પૂરતા ભાવ નહીં મળે તેવી ચિંતામાં જગતનો તાત ડૂબ્યો છે. સ્થાનિક ખેડૂતે પોતાની વ્યથા ઠાલવતા જણાવ્યું હતું કે, ‘‘અચાનક આવેલા વરસાદને કારણે અમને માલ ઢાંકવાનો પણ સમય મળ્યો નથી. દેવું કરીને વાવણી કરી હતી.

## મોટીમારડથી પાટણવાવ જતા રોડ પર વૃક્ષ પડયું



**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**

આ રોજ આજરોજ ની વરસાદને પવનના કારણે મોટીમારડથી પાટણવાવ જતા રસ્તા ઉપર વૃક્ષ ધરાશય થતા રસ્તો બંધ હોવાના કારણે ખબર પડતા વિરલભાઈ પન્ના દ્વારાતાત્કાલિક ખસેડવાની કામગીરી કરી હાથ ધરવામાં આવી હતી રસ્તો ખુલ્લો કરવામાં આવ્યોહતો

## શનાળા ગામે મકાન ઉપર વીજળી પડતા છતમાં ગાબડું પડ્યું

**અબતક, રાજુ રામોલિયા, કાલાવડ**

કાલાવડ શહેર અને તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં કમોસમી ભારે પવન અને વીજળીના કડાકા ભડાકા સાથે ભારે વરસાદ પડતા ખેડૂતોના જીવ તાળવે ચોંટયા. તાલુકાના શનાળા ગામે મકાન ઉપર વીજળી પડી મકાન માં બખોરુ પડ્યું ગયું કોઈ જાનહાનિ નો થતા પરિવારજનોનો આબાદ બચાવ થયો.

કાલાવડ શહેર અને તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં બાલંભડી, માછરડા, ગુંદા,ખંઢેરા, શિશાંગ, ફગાસ, જસાપર, મોટા વડાલા, નિકાવા, આણંદપર, વાવડી સહિતના ગામોમાં કમોસમી વરસાદ ખાબક્યો.



કાલાવડ તાલુકામા કમોસમી વરસાદ પડતા ધરતીપુત્રો થયા ચિંતિત ખેડૂતોનો પાક ધોવાઈ જવાની ભીતિ સેવાઈ રહી છે. તેમજ બાલંભડી ગામે કરા સાથે ભારે વરસાદ પડ્યો. ભારે પવન સાથે ધૂળ ની ડમરી ઉડી. વાવાઝોડા જેવો માહોલ સર્જાયો હતો. ખેડૂતોના ખેતરોમાં ઊભો પાક ઘઉં, ચણા, જીરું, લસણ, ડુંગળી, કલોન્જી, મેથી સહિતના પાકોમાં નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. એક કલાકમાં એક ઈંચથી વધુ વરસાદ પડતા ખેડૂતોના જીવ તાવડે ચોંટી ગયા.



## બગસરા પંથકમાં વૃક્ષ પડી ગયું, કરા અને પવન સાથે ૪૫ મીમી વરસાદ નોંધાયો

**અબતક, સમીર વરાણી, બગસરા**

અમરેલી જિલ્લાના બગસરા પંથકમાં અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો સમગ્ર પંથકમાં સવારથી જ વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું જે બાદ પવન અને કરા સાથે સતત બીજા દિવસે ૪૫ મિમિ જેટલો વરસાદ તૂટી પડ્યો હતો. આ કમોસમી માવઠાને કારણે બગસરા શહેરના મુખ્ય રસ્તાઓ પર પાણી ફરી વળ્યા હતા અને શહેરના જેતપુર રોડ ઉપર વૃક્ષો પણ ધારાશયી થયાં હતા જેના લીધે વાહનચાલકો અને રાહદારીઓને ભારે હાલાકી ભોગવવી પડી હતી. માત્ર શહેરમાં જ નહીં પરંતુ આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં પણ વરસાદના વાવડ મળતા ખેતીકામમાં રોકાયેલા લોકો મુશ્કેલીમાં મુકાયા હતા. ખેડૂતોએ રાત-દિવસ મહેનત કરીને પકવેલો પાક લણણી સમયે જ પલળી જતાં ખેડૂતોને આર્થિક નુકસાની સહન કરવાનો વારો આવ્યો છે.

## બાબરામાં વાતાવરણ પલ્ટાથી મેલડી માતાજીના માંડવાના ડોમ તુટયો



**અબતક, અપ્પુ જોશી, બાબરા**

બાબરા ખાતે અચાનક હવામાનમાં આવેલા ભયાનક પલટાએ અનેક જગ્યાએ ભારે નુકસાન સર્જાયું હતું. ખાસ કરીને મેલડી માતાજીના મંદિરે યોજાનાર માંડવા માટે વિશાળ આયોજન કરવામાં આવ્યું હતું. મોટા ડોમ, મંડપો અને સુવિધાઓ ઊભી કરવામાં આવી હતી, પળવારમાં ધરાશાયી થઈ ગઈ હતી. આયોજકોને મોટું આર્થિક નુકસાન સહન કરવું પડ્યું છે.

વલારડી ગામ ખાતે ગીરીબાપુની સપ્તાહના પ્રારંભ માટે પણ મોટા પાયે મંડપો અને ડોમ ઉભા કરાયા હતા, જે પવનના ઝપેટમાં આવી તૂટી પડ્યા હતા. ઉપરાંત અનેક સ્થળોએ ધાર્મિક કાર્યક્રમો, માતાજીના પ્રસંગો અને નવરાત્રી જેવી તૈયારીઓમાં પણ વ્યાપક નુકસાન નોંધાયું છે.

આ સાથે જ દયારામ બાપુ સર્કલ નજીક તેજ પવનમાં ધરાશાયી થઈ ગયું હતું અને બાજુમાં આવેલી કેબિન તેમજ મશીન પર પડીને ભારે નુકસાન સર્જ્યું હતું. વાવાઝોડાના કારણે બાબરાનાં ભીલડી વિસ્તારમાં અનેક વૃક્ષો ધરાશાયી થયા હતા, જેના કારણે માર્ગો બંધ થઈ ગયા હતા. આ દરમિયાન બાબરા પોલીસ સ્ટેશનના પીઆઈ એમ. આર. શેઠની ટીમે તાત્કાલિક કામગીરી હાથ ધરી રોડ પર પડેલા વૃક્ષોને દૂર કરી વાહન વ્યવહાર ફરી શરૂ કરાવ્યો હતો, જે ખરેખર સરાહનીય કામગીરી છે.તે ઉપરાંત અનેક સ્થળોએ વીજળીના થાંભલા પડી જતાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. જોકે પીજીવીસીએલ દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરી પવન શાંત થયા બાદ તાત્કાલિક વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવામાં આવ્યો હતો.



## લખતર અને ગ્રામ્ય વિસ્તારોમાં અનેક જગ્યાએ વૃક્ષ ધરાશાયી, હોર્ડિંગ્સ પડી ગયા


**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

લખતર તાલુકામાં વહેલી સવારે વાતાવરણમાં પલટા બાદ ભારે પવન ફુંકાતા નુકશાન થયું છે. આસપાસના ગામોમાં અનેક જગ્યાએ વૃક્ષો ધરાશાયી, હોર્ડિંગ્સ પડ્યા હતા અને પતરા ઉડી ગયા હતા.

ભારે પવનના કારણે હાઈવે પરથી પસાર થતા વાહન ચાલકોને પણ ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ભારે પવનના કારણે અનેક જગ્યાએ વીજળી પણ ગૂલ થઈ જતાં અંધારપટ્ટ છવાયો હતો. જ્યારે ખેડૂતોના રવિ પાકોને નુકસાન થયાની ભીતિ ખેડુતોએ વ્યક્ત કરી હતી.

## માણાવદરના ૬ વર્ષના મુસ્તુફા મેમણે રમજાનના 30 રોજા રાખી ઈબાદત કરી

**અબતક, જીગ્નેશ પટેલ, માણાવદર**



માણાવદરના મુસ્લીમ અગ્રણી ગફારભાઈ મેમણના પૌત્ર અને યાસીનભાઈ મેમણના પુત્ર મુસ્તુફાએ માત્ર ૬ વર્ષની ઉંમરે રમજાનના પુરે પુરા 30 રોજા રાખી અલ્લાહની બંદગી કરી છે. માત્ર ૬ વર્ષના મુસ્તુફાએ 30 રોજા પુરા કરી માણાવદર મુસ્લીમ સમાજ અને મેમણ સમાજ તેમજ અલ્લાહના બંદાઓનું ગૌરવ વધારેલ છે. તે બદલ ઠેર ઠેરથી મુસ્તુફાને અને તેમના માતા પિતા, દાદા દાદીને મુબારકબાદીની વર્ષા થઈ રહેલ છે.

## પ્રભાસ પાટણના ચાર વર્ષના બાળક અફઝલ બેલીમે રોજુ રાખી ઈબાદત કરી

**અબતક જયેશ પરમાર, સોમનાથ**



પ્રભાસ પાટણમાં પવિત્ર રમઝાન માસ દરમ્યાન ૪ વર્ષના બાળક અરમાન અફઝલ બેલીમના રમઝાન માસનું રોજું રાખી નમાઝ અદા કરી બંદગી કરી હતી. અને સર્વના ચેન-સુકુન - શાંતિ અને સલામતી માટેની ખાસ દુઆ કરી હતી.

## ઈડરમાં ગેસ એજન્સી પર બાટલા માટે લોકો વ્હેલી સવારથી જ લાંબી કતારોમાં ગોઠવાય ગયા

### પુરતો સ્ટોક હોવાની તંત્રની હૈયા ધારણા લોકોને ધરપત રાખવા અપીલ

**અબતક, સંજય દિક્ષીત, સાબરકાંઠા**

ઈરાન અને ઈઝરાયેલનું યુદ્ધ કેટલું લાંબુ ચાલશે કંઈ ખબર નથી પણ એ યુદ્ધની અસરો ગુજરાતમાં ધીમે ધીમે દેખાવા લાગી છે ગેસના પુરવઠાએ ગુજરાતને ધોળા દિવસે તારા દેખાડ્યા હોય એવી સ્થિતિનું નિર્માણ થયું છે ત્યારે તેની અસર સાબરકાંઠા જીલ્લામાં પણ પડી છે. જિલ્લાની ગેસ એજન્સીઓ બહાર વહેલી સવારથી જ ગ્રાહકોની લાંબી લાઈનો જોવા



મળી રહી છે. ઉનાળાના આકરા તડકામાં લોકો પોતાનો ધંધો-રોજગાર છોડીને કલાકો સુધી ગેસ સિલિન્ડર મેળવવા માટે રાહ જોઈ રહ્યા છે

ઈડરમાં પણ બાલાજી કોમ્પલેક્ષના પાછળના ભાગે ગેસ એજન્સીના પોઈન્ટ પર લોકો લાંબી કતારો લગાવી ઊભા રહ્યા હતા જ્યારે ભવિષ્યમાં ગેસ નહીં મળે તેવા ડરથી મોટી સંખ્યામાં લોકો અગાઉથી જ ગેસનો બાટલો મેળવી લેવા માટે પડાપડી કરી રહ્યા છે.

જોકે અહીંના ગેસ એજન્સીના સંચાલકો સ્પષ્ટપણે કહી રહ્યા છે કે તેમની પાસે ઘરેલુ ગેસ સિલિન્ડર પૂરતા પ્રમાણમાં આવી રહ્યા છે છતાં લોકો ગભરાઈને લાઈનો લગાવી રહ્યા છે.

## સાબરકાંઠાઃ વિજયનગર ભાજપ દ્વારા પ્રદેશ ઉપાધ્યક્ષ અશ્વિનભાઈ કોટવાળનું બહુમાન



**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**

ચિઠોડા ખાતે અશ્વિનભાઈ કોટવાળ (પ્રદેશ ઉપાધ્યક્ષ) અને ડો પંકજભાઈ આર. પટેલ (પૂર્વ મહામંત્રી ભાજપ વિજનગર/ પ્રિન્સિપાલ ઈડર આંજણા પાટીદાર આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ)નો ભારતીય જનતા પાર્ટી વિજયનગર દ્વારા સન્માન/શુભેચ્છા સમારોહ યોજાયો તેમાં ઉપસ્થિત ડો.પરેશ આર.પટેલ (પ્રમુખ ભાજપ વિજયનગર), નટવરસિંહ ભાટી, પ્રદ્યુમનસિંહ ભાટી(મહામંત્રી), કિરીટભાઈ સડાત (મહામંત્રી), તેજાભાઈ પટેલ, દિનેશભાઈ ધોબી, મયુરભાઈ શાહ (મંત્રી સા.કાં), કે.સી.પંચાલ તથા હોદ્દેદારો, સૌ પાર્ટીના પાયાના કાર્યકર્તાઓ અને સૌ ગ્રામજનો ઉપસ્થિત રહી અભિનંદન સહ શુભકામનાઓ પાઠવી હતી.

# ચોટીલા નજીક ત્રિપલ અકસ્માતમાં બેના મોત, ચાલક સહિત બે ગંભીર

## ઉભેલા ટ્રક સાથે પીકઅપ વાન અથડાઈ ટક્કર બાદ પાછળ આવી રહેલી કાર અકસ્માતનો ભોગ બની

**અબતક, રણજીતસિંહ ધાંધલ, ચોટીલા**

રાજકોટ-અમદાવાદ નેશનલ હાઈવે પર ચોટીલા નજીક ત્રિપલ અકસ્માત સર્જાયો છે. કાર, પીકઅપ વાન અને ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો જેમાં બે લોકોના ઘટનાસ્થળે મોત નીપજિયા હતા. જ્યારે ગંભીર રીતે ખવાયેલા બે લોકોને સારવાર તે ખસેડવામાં આવ્યા છે. પ્રાથમિક માહિતી મુજબ, ચોટીલાથી સાત કિલોમીટર દૂર જોલી એન્જોય વોટરપાર્ક પાસે પીકઅપ વાન આગળ જઈ રહી હતી. ત્યારે રસ્તા પર ઉભેલા ટ્રક સાથે અથડાઈ હતી. આ ટક્કર બાદ પાછળથી આવી રહેલી અમદાવાદ પાસિંગની કાર અકસ્માતનો ભોગ બની હતી, જેના કારણે ત્રિપલ અકસ્માત સર્જાયો હતો. વાહનોને ભારે નુકસાન થયું હતું.

આ અકસ્માતમાં બે વ્યક્તિના ઘટનાસ્થળે જ મોત થયા હતા. બે ઈજાગ્રસ્તોમાં બાળક અને કારનો ડ્રાઈવરનો સમાવેશ થાય છે. બંનેની હાલત ગંભીર જણાતા તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. પ્રાથમિક તપાસમાં પરિવાર અમદાવાદનો હોવાનું અને કાર પણ અમદાવાદ પાસિંગની હોવાનું જાણવા મળ્યું છે.અકસ્માતની જાણ થતા જ ચોટીલા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે ક્રેન અને સ્થાનિકોની મદદથી ક્ષતિગ્રસ્ત વાહનોને હટાવ્યા હતા. મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ચોટીલાની સરકારી હોસ્પિટલ મોકલવામાં આવ્યા છે. હાઈવે પર ઉભેલા ટ્રકને કારણે અકસ્માત સર્જાયો હોવાથી પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# પડધરીના જીલરીયા ગામે રીક્ષા પલ્ટી જતા મહિલાનું મોત

## દિયર અને ભાભી પ્લાસ્ટિકનો ભંગાર ભરી પડધરી જતા હતા ત્યારે નડ્યો અકસ્માતઃ પરિવારમાં ગમગીની

**અબતક, રાજકોટ**

પડધરી તાલુકાના મોવિયા ગામે રહેતા મનુભાઈ ઉર્ફે મુન્નાભાઈ ભાણજીભાઈ સોલંકી તેમના ભાભી રેખાબેન સાથે રીક્ષા માં પ્લાસ્ટિકનો ભંગાર લઈને પડધરી જતા હતા ત્યારે જીલરીયા-મેઘપર રોડ પર વળાંક પાસે રીક્ષા પલ્ટી મારી જતા રેખાબેન ને ગંભીર ઈજા થતા તેમનું મોત નીપજ્યું છે. રેખાબેન ના મોતથી પરિવારમાં શોકનુ મોજુ ફરી વળ્યું હતું. પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ, પડધરી તાલુકાના મોવૈયા ગામે રહેતા ટીનાભાઈ ભાણજીભાઈ સોલંકીએ ફરિયાદમાં જણાવ્યા મુજબ ગઈકાલે તેમનો નાનો ભાઈ મનાભાઈ ઉર્ફે મુન્નાભાઈ ભાણજીભાઈ સોલંકી અને મારા પત્ની રેખાબેન છકડો રીક્ષામાં પ્લાસ્ટિકનો ભંગાર લઈ પરત આવી રહ્યા હતા ત્યારે જીલરીયા ગામ નજીક વળાંકમાં છકડો રીક્ષા પલટી મારી જતા, રેખાબેનને માથામાં અને શરીરમાં ગંભીર ઈજા થતાં, ૧૦૮ની મદદથી પડધરી હોસ્પિટલે ખસેડીયા હતા

જ્યા ડોક્ટર તેમને મરણ જાહેર કર્યા હતા. જેથી પડધરી પોલીસને જાણ કરતા , પોલીસે રેખાબેનના મૃતદેહને પીએમ અર્થે ખસેડ્યો હતો. રેખાબેન ના મોતથી સોલંકી પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું. પડધરી પોલીસે ટીનાભાઈની ફરિયાદ નોંધી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.

# ગ્વાલિયરની મહિલા અને માસૂમ બાળકીને વેરાવળથી શોધી કાઢતી પોલીસ

## પોલીસ સ્ટેશનમાં ગુમ નોંધાયેલી શિવાની બડોતીયા અને પુત્રીને ગંગાનગર આવાસમાંથી શોધી કાઢી



**અબતક જયેશ પરમાર ગીર સોમનાથ**

મધ્યપ્રદેશના ગ્વાલિયર જિલ્લાના ગોલા મંદિર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ગત ફેબ્રુઆરી માસમાં ગુમ થયેલ ૨૩ વર્ષીય મહિલા શિવાની અજયભાઈ બડોતીયા (ઉ.વ. ૨૩) ને અને તેમની ૨ વર્ષની પુત્રી કૃતિકાને ગીર સોમનાથ પોલીસે વેરાવળથી શોધી કાઢ્યા છે. ગીર સોમનાથ એસ.પી. જયદીપસિંહ જાડેજાની સૂચના હેઠળ વેરાવળ સીટી પી.આઈ. જે.એન. ગઢવી અને સર્વેલન્સ સ્ટાફ તપાસમાં હતો. આ દરમિયાન એ.એસ.આઈ. એન.બી. બસીયા અને એ.જી. પરમારને મળેલી ચોક્કસ બાતમીના આધારે વેરાવળની ગંગાનગર આવાસ યોજનાના મકાનમાંથી મહિલા અને બાળકી મળી આવ્યા હતા. તપાસમાં ખુલ્યું હતુંકે મહિલા ગ્વાલિયરથી કોઈને કહ્યા વગર અરૂણ રજાક નામના શખ્સ સાથે વેરાવળ આવી ગઈ હતી. હાલ વેરાવળ પોલીસે માતા-પુત્રીનો કબજો મેળવી ગ્વાલિયર પોલીસને સોંપવા તજવીજ હાથ ધરી છે.

# મોવિયાથી ગુમ થયેલા માતા-પુત્રી કુકાવાવ ખાતેથી મળ્યા

## ગોંડલ તાલુકા પોલીસે માતા- પુત્રીને શોધી કાઢી પરિવાર સાથે મિલન કરાવ્યું

**અબતક, રાજકોટ**

ગોંડલ તાલુકાના મોવિયા ગામેથી ગુમ થયેલી માતા-પુત્રીને ગોંડલ તાલુકા પોલીસે વડિયા તાલુકાના કુકાવાવ ગામેથી શોધી કાઢી પરિવાર સાથે મિલન કરાવ્યું હતું. રાજકોટ એસપી વિજયસિંહ ગુર્જર અને ગોંડલના ઈન્ચાર્જ ડીવાયએસપી ડો. નવીન ચક્રવર્તી દ્વારા ગુમ અને અપરણ થનાર મહિલા તથા બાળકોને શોધી કાઢવા માટે સૂચના આપવામાં આવી હોય છે. જેના અનુસંધાને ગોંડલ તાલુકા પોલીસ મથકમાં થયેલી ગુમસુધાની એન્ટ્રી જેમાં ગોંડલ તાલુકાના મોવિયા ગામે રહેતા રસીલાબેન ભાવેશભાઈ રાઠોડ તથા તેમની બાળકી ધ્વનિ બંને મોવિયાથી ગુમ થયા હોય જે અંગે ગોંડલ તાલુકા પોલીસના થાણા અધિકારી આઈપીએસ પ્રખર કુમારની સીધા માર્ગદર્શન હેઠળ ગોંડલ તાલુકા પોલીસે તપાસ હાથ ધરી હતી.

પોલીસને તપાસ દરમિયાન માતા-પુત્રી બંને વડીયા તાલુકાના કુકાવાવમાં હોવાની માહિતી મળતા અહીં પહોંચી રસીલાબેન ભાવેશભાઈ રાઠોડ (ઉ.વ. ૨૭ )અને તેમની દીકરી ધ્વનિને શોધી કાઢી પરિવાર સાથે મિલન કરાવ્યું હતું. આ કામગીરીમાં આઈપીએસ પ્રખર કુમાર, પીએસઆઈ આર.જે. જાડેજા, એએસઆઈ હેમલભાઈ બોરીચા, પ્રતાપસિંહ સોલંકી, અજયસિંહ ઝાલા, જયદીપસિંહ રાણા અને કોન્સ્ટેબલ જયેન્દ્રભાઈ, રવિરાજસિંહ, જયદીપભાઈ અને રાજેન્દ્રસિંહ સાથે રહ્યા હતા.

# ખંભાળીયાઃ સામોર ગામે ખેતીની જમીન સબંધે મનાઈ હુકમ ફરમાવતી કોર્ટ

**અબતક, વિનાયક ભટ્ટ, ખંભાળિયા**

ખંભાળિયા તાલુકાના સામોર ગામે કરશન નગા ગોજીયાની રે.સ.નં.૨૩૪, હે. ૧-૩૦-૮૮ વાળી જમીન આવેલી છે. જે જમીન સ્થળ ઉપર અવલદોમ હોય જેને ગેરલાભ મેળવી દાના ડાડુ તથા દિનેશ માલદેએ હેભા નારણને ગેરકાયદે વેચાણ દસ્તાવેજ કરી નાખી ખરીદનારને રેકર્ડ ઉપરનો વાદીનો કાયદેસરનો કબ્જો ગેરકાયદે ટ્રાન્સફર કરી નાખતા વાદી દ્વારા પ્રથમ સબ રજીસ્ટ્રાર દ્વારા ફોજદારી ફરીયાદ સેટલમેન્ટ કમીશ્નર ગાંધીનગરની પરવાનગી મેળવી ગુન્હો દાખલ કરેલો હતો બાદ ખરીદનારે વેચાણ દસ્તાવેજના આધારે જી.ઈ.બી.માંથી ખેતી વિષયક કનેક્શન વાદીની માલીકીની જમીનમાં વાદીની સંમતી વગર મેળવેલું હતું. વાદીએ પ્રતિવાદીઓનું ગેરકૃત્ય થતુ અટકાવવા વાદગ્રસ્ત ખેતીની જમીન સંબંધે થયેલા વેચાણ દસ્તાવેજોને રદ બાતલ ઠરાવવા અને કોર્ટ દ્વારા કેસનો નિકાલ ન થાય ત્યાં સુધી વેચાણ થયેલ જમીન કોઈને ટ્રાન્સફર, એસાઈન ન કરે અને વાદીનો જમીનનો કબ્જો ખરીદનાર ઝુટવે નહીં તે મુજબની કાયમી મનાઈ હુકમ માંગેલો હતો.

ઉપરોક્ત કેસમાં દલીલના અંતે સીવીલ અદાલતે વાદીના વકીલ કે.એચ.ત્રીવેદીની દલીલ માન્ય રાખી સદર કેશનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી ''સ્ટેટસકવો''નો હુકમ (મનાઈ હુકમ) ફરમાવેલો છે.

સદર કેસમાં વાદી તરફે વકીલ તરીકે કે.એચ.ત્રીવેદી, ડી.ડી.લુણા, રાજવીરસિંહ જાડેજા, ધાર્મિક ઓડીચ તથા આસી. કરણ બી. સવજાણી રોકાયેલા હતા.

# ધોરાજીમાંથી અજાણ્યા મુસ્લિમ વૃદ્ધનો મૃતદેહ મળ્યોઃ વાલી વારસની શોધખોળ

**અબતક રમણીક ટોપીયા ધોરાજી**



ધોરાજી ગત ૧૨/૩/૨૬ના રોજ સ્થાનિક દ્વારા એક અજાણ્યા મુસ્લિમ વૃદ્ધને સરકારી હોસ્પિટલમાં ખસેડ્યા હતા જ્યાં ડોક્ટરે જોઈ તપાસી મૃત જાહેર કર્યા હતા. જેની જાણ ધોરાજી પોલીસને કરતા, પોલીસે અજાણ્યા મુસ્લિમ વૃદ્ધની ઓળખ માટે મૃતદેહના વર્ણનમાં જણાવ્યા મુજબ, વૃદ્ધને જમણા ગાલ પર કાળા તલનું નિશાન છે તથા જમણા કાન પર મસો , શરીરે પાતળા બંધાના, રંગે શ્યામ વર્ણ અને ઊંચાઈ આશરે ૫.૨ની છે.તેમજ કાળા કલરની કુર્તી અને કાળા કલરનું પેન્ટ પહેર્યુ હોવાનું જણાવ્યું છે.જો આ મૃતકને કોઈને ઓળખ થયા તો ધોરાજી પી.આઈ આર બી બલદાણીયા નો ૯૯૯૮૭૭૯૭૭૭

ઉપર અને ધોરાજી પોલીસ મથકના ૬૩૫૯૬૨૯૩૫૯ નંબર પર સંપર્ક કરવા અનુરોધ કર્યો છે.

# જામનગરમાં બે યુવાનો પર જૂની અદાવતનો ખાર રાખી હુમલો

## ઈજાગ્રસ્ત બન્ને યુવાનોને સારવારમાં ખસેડાયાઃ પોલીસ તંત્ર દોડતું થયું

**અબતક, સાગર સંઘાણી,જામનગર**

જામનગર શહેરના કાલાવડ નાકા બહાર પાંચ હાટડી વિસ્તારમાં ગઈકાલે રાતે નાસ્તો કરવા ગયેલા ફૈઝાન ફારૂકભાઈ પરમાર અને ફૈસ હનીફભાઈ મકવાણા નામના ઘાંચી જ્ઞાતિના બે યુવાનો પર જુની અદાવત નો ખાર રાખીને કેટલાક શખ્સો એ ધોકા, પાઈપ વડે ઘાતક હુમલો કરી દેતાં ભારે અફડા તફડીનો માહોલ સર્જાયો હતો.

આ હીચકારા હુમલામાં ઘાયલ થયેલા બન્ને યુવાનોને સારવાર અર્થે સરકારી જી.જી.હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ ની જાણ થતા ઘાંચી સમાજ ના યુવાનો મોટી સંખ્યામાં જી.જી.હોસ્પિટલમાં આવી પહોંચ્યા હતા. હાલ, સિટી-એ. ડિવિઝન પોલીસ દ્વારા ઈજાગ્રસ્ત બન્ને યુવાનો ના નિવેદન ના આધારે ફરિયાદ નોંધવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

# જામજોધપુરમાં પરિણીતાનો બીમારીથી કંટાળી આપઘાત

**અબતક, સાગર સંઘાણી, જામનગર**

જામનગર જિલ્લાના જામજોધપુર ટાઉનમાં વાળંદ ની વાવ પાસે રહેતી જાગૃતિબેન જયેશભાઈ સવજાણી નામની ૪૮ વર્ષની લોહાણા જ્ઞાતિની પરણીતાએ ગઈકાલે પોતાના ઘેર ઘઉંમાં નાખવાનો પાવડર પી લઈ આત્મહત્યાનો પ્રયાસ કરતાં તેણીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા પછી તેણી નું સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું છે.

આ બનાવ અંગે મૃતકના પતિ જયેશ રમણીકભાઈ સજાણીએ પોલીસ ને જાણ કરતાં જામજોધપુરના પોલીસ હેડ કોન્સ્ટેબલ આર.કે કંડોરીયા જી.જી. હોસ્પિટલમાં દોડી ગયા હતા, અને જાગૃતિબેનના મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસમાં જાહેર કરાયા અનુસાર મૃતકવમહિલા ને છેલ્લા કેટલાક સમયથી સાંધાના દુખાવાની બીમારી પીડાતી હતી, અને તેણીની દવા પણ ચાલતી હતી. પરંતુ તેનાથી કોઈ ફેર નહીં પડતાં બીમારીથી કંટાળી જઈ તેણીએ આત્મહત્યાનું પગલું ભરી લીધું હોવાનું પોલીસમાં જાહેર થયું છે.

# જામનગરમાં ચેક પરત ફરવાના કેસમાં આરોપીને ૧ વર્ષની જેલ

**અબતક, સાગર સંઘાણી, જામનગર**

જામનગરમાં શ્યામ ગ્રીન સોસાયટી, કાલાવડ રોડમાં રહેતા નેમીશ મહેશભાઈ બાવીસી પાસેથી જામનગર મા સત્યમ કોલોની મેઈન રોડ, પરીવાર એપાર્ટમેન્ટ પાછળ, પટેલ નગરી પ્લોટ નં. એ(૫), મા રહેતા ગોરીયા ચીરાગ ગોકળભાઈ ને નાણાની જરૂરીયાત ઉપસ્થીત થતા સંબંધ દાવે હાથ ઉછીના રૂપિયા બે લાખ લીધેલા હતા, જે રકમ ની ચુકવણી કરવા ચીરાગ ગોરીયા એ ચેક આપ્યો હતો.

જે ચેક પરત ફરતાં નેમીશ બાવીસી એ આરોપી ચીરાગ ગોરીયા સામે કોર્ટમાં ફરીયાદ નોંધાવી હતી.

જે કેસ જામનગરની કોર્ટ માં ચાલી જતાં કોર્ટ માં રજુ થયેલ મૌખીક લેખિત દસ્તાવેજી પુરાવો ધ્યાને લઈ તથા કાયદામાં કરવામાં આવેલ જોગવાઈ તથા ફરીયાદી તરફેની વિસ્તૃત દલીલ ધ્યાને લઈ એડી. ચીફ. જયુડી. મેજી. એમ.આર.લાલવાણીએ આરોપી ચીરાગ ગોકળભાઈ ગોરીયાને એક વર્ષની સજા તથા ચેક ની રકમ રૂા.૨,૦૦,૦૦૦ નો દંડ તથા ચેક ની રકમ ફરીયાદીને વળતર તરીકે ચુકવવા હુકમ કરેલ છે.

આ કેસમાં ફરીયાદી તરફે તરફે વકીલ અશોક એસ. ગાંધી રોકાયા હતા.

# ઉપલેટાઃ ચોરીના ગુનામાં બે વર્ષથી નાસતો તસ્કર કોલકીથી ઝડપાયો

**અબતક, કિરીટ રાણાપરિયા, ઉપલેટા**

ઉપલેટા પોલીસ મથકમાં બે વર્ષ પહેલા ચોરીના ગુનામાં સંડાવેલો રાજકોટમાં રામનાથપરા,ભવાની નગરમાં રહેતો રવિ રામજીભાઈ બાંભણિયા નામનો તસ્કાર બે વર્ષથી નાસતો ફરતો હતો.જેને ઉપલેટા પોલીસની ટીમે હ્યુમન સોર્સિસના આધારે ,ઉપલેટા બાય -પાસ કોલકી રોડ પરથી રવિ બાંભણિયાંને ઝડપી લઈ જરૂરી કાર્યવાહી હાથ ધરી છે.આ કામગીરી ઉપલેટા પી.આઈ બી આર પટેલ, એ.એસ.આઈ ધરમચંદ કટોચ, અરજણભાઈ પરમાર, હેડ કોન્સ્ટેબલ કૌશિકભાઈ જોષી, હરેશભાઈ જાંબુકિયા અને કોન્સ્ટેબલ મિતુલભાઈ ગરેજા સહિતના સ્ટાફે બજાવી છે.

# ધ્રોલના સગાડીયા ગામે અકસ્માતમાં પુત્રની નજર સામે માતાનું મોત

**અબતક, સંજય ડાંગર, ધ્રોલ**

ધ્રોલ પંથકમાં એક બાઈકની આડે ભૂંડ ઉતરતાં બાઈક ઉપર બેસીને જઈ રહેલા સગાડીયા ગામના માતા પુત્રને ગોજારો અકસ્માત નડ્યો હતો, અને માતાનું ગંભીર ઈજા થવાથી કરુણ મૃત્યુ નિપજ્યું છે, તેમજ પુત્રને પણ ઈજા થઈ છે.

ધ્રોલ તાલુકાના સગાડિયા ગામમાં રહેતો ધવલ ધીરજભાઈ પીપરીયા નામનો ૨૦ વર્ષનો યુવાન ગત ૧૫મી તારીખે રાત્રિના ૮.૩૦ વાગ્યાના અરસામાં પોતાના બાઈક પર માતા સોનલબેન પીપરીયા (૪૩) ને બેસાડીને સુધાધૂના ગામથી પોતાના ગામ સગડીયા પરત ફરી રહ્યો હતો.

જે દરમિયાન રસ્તામાં ભૂંડ બાઈકની આડે ઉતરતાં બાઈક ફંગોળાઈ ગયું હતું. જે અકસ્માતમાં બાઈકની પાછળ બેઠેલા સોનલબેનને માથાના ભાગે હેમરેજ સહિતની ગંભીર ઈજા થવાથી સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા. જયાં સારવાર દરમિયાન તેઓનું મૃત્યુ નીપજયું છે.

આ ઉપરાંત બાઈક ચાલક તેના પુત્ર ધવલ પીપરીયા ને પણ ઈજા થઈ હોવાથી હોસ્પિટલમાં સારવાર અપાઈ છે. આ અકસ્માતના બનાવવા અંગે ની જાણ થતાં ધ્રોલના પોલીસ હેડ કોન્સ્ટેબલ જે કે દલસાણીયા બનાવના સ્થળે અને હોસ્પિટલે દોડી ગયા હતા, અને ઈજાગ્રસ્ત યુવાન ધવલનું નિવેદન નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ભાયાવદર નગરપાલિકાનો વિકાસ વેગવાનઃ બે રોડના કરાયા ખાતમુહર્ત

## કેન્દ્રીય મંત્રી ડો. મનસુખભાઈ માંડવીયા અને ધારાસભ્ય મહેન્દ્ર પાડલીયા, ભાજપ આગેવાન ઈન્દ્રવિજયસિંહનું માર્ગદર્શન ભાયાવદરને ફળ્યું



**અબતક, હાર્દિક રાવલ, ભાયાવદર**

ભાયાવદર નગરપાલીકાનો વિકાસ વેગવાન બન્યો છે. કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયા, ધારાસભ્ય મહેન્દ્ર પાડલીયા, ભાજપ આગેવાન ઈન્દ્રવિજયસિંહનું માર્ગદર્શન ફળ્યું હોય તેમ પાલીકા દ્વારા બે રોડનું ખાતમુહુર્ત કરવામાં આવ્યા છે. ભાયાવદર શહેર માં ૨૦ ક જેટલા વિકાસ ના કામો શરૂ કરવામાં આવ્યા પ્રમુખ રેખાબેન સીણોજીયા ઉપપ્રમુખ સંજયભાઈ પરમાર કારોબારી સભ્ય માયાબેન વાછાણી બાંધકામ સમિતિના ચેરમેન સરજુભાઈ માકડીયા ના અધ્યક્ષતામાં શાક માર્કેટ થી જનતા ચોક થી માતાના મઢવાળા એવા બે રોડ નું ખાતમુહૂર્ત કરતા નગરપાલિકા ના શિક્ષણ સમિતિ ના ચેરમેન જગદીશભાઈ ભોજાણી આરોગ્ય સમિતિના ચેરમેન ભગવાનજી પરસાણીયા શહેર ભાજપ મહામંત્રી હાર્દિકભાઈ રાવલ ભાજપ ઉપપ્રમુખ અશોકભાઈ ખાંભલા હાજર રહી સી.સી રોડ નું કામ શરૂ કરવામાં આવ્યું હતું.

(પહેલા પાનાનું ચાલું)

### કમોસમી વરસાદ...

વધુ પાયમાલી તરફ ધકેલાશે.

માત્ર ગુજરાત જ નહી દેશભરમાં વાતાવરણમાં પલ્ટો જોવા મળ્યો છે. કયાંક બરફ વર્ષા થઈ રહી છે કે કયાંક ગરમીનો પ્રકોપ જોવા મળી રહ્યો છે. આજે દેશના ૧૫ રાજયોમાં કમોસમી વરસાદની આગાહી આપવામાં આવી છે.

### રીષિતભાઈ કોટેચા...

તેમાં જીવાત પડવાની શક્યતા રહેલી છે.

આ વર્ષે મરચામાં તીખાશનું પ્રમાણ વધ્યું છે, પરંતુ ભેજવાળા મરચાને કારણે ગૃહિણીઓ મૂંઝવણમાં મુકાઈ છે. ભેજવાળા મરચાને સુકવીને દળાવવામાં આવે તો પણ તેમાં આંતરિક ભેજ રહી જતો હોય છે, જે લાંબે ગાળે પાવડરની ગુણવત્તા બગાડે છે. મરચાના પાવડરમાં પડતો ગઠ્ઠો કે રંગ બદલાઈ જવો એ ભેજની જ નિશાની છે. આ સ્થિતિમાં શુદ્ધ અને ટકાઉ મસાલો ભરવો મધ્યમ વર્ગ માટે મોટો પડકાર બની ગયો છે.યાર્ડમાં મરચાં પલળી જવાથી ખેડૂતોને તેમના માલના પૂરતા ભાવ મળી રહ્યા નથી, તો બીજી તરફ વેપારીઓને પલળેલા માલના સંગ્રહ અને સુકવણીમાં મોટો ખર્ચ વેઠવો પડી રહ્યો છે. માવઠાના કારણે મરચાના બજારમાં આવેલી આ 'તીખાશ' ગૃહિણીઓના ઘરના બજેટને ખોરવી નાખશે તે નક્કી છે.

### ચીન મેગ્નેટ...

બોલતા વીજ મંત્રી મનોહર લાલે જણાવ્યું હતુંકે, ભારત ૨૦૭૦ સુધીમાં નેટ ઝીરોનું લક્ષ્ય હાંસલ કરવા માટે રિન્યુએબલ એનર્જી પર ધ્યાન કેન્દ્રિત કરશે. તેમણે ઉમેર્યું હતું કે દેશમાં વીજળીની માંગ સતત વધશે, અને આગામી ૫-૬ વર્ષમાં માત્ર ડેટા સેન્ટર્સ અને ઈલેક્ટ્રિક વાહનો જ ૩૦ ગીગાવોટ નો વધારાનો વપરાશ લાવશે. સ્વચ્છ અને લીલી વીજળીની જરૂરિયાત છે, પરંતુ દેશની ઉર્જાની માંગ પૂરી કરવા માટે જરૂર પડશે તો અશ્મિભૂત-ઈંધણ આધારિત પાવર પ્લાન્ટ પણ સ્થાપિત કરવામાં આવશે.

આ સમિટમાં પુનઃપ્રાપ્ય ઉર્જા મંત્રી પ્રહલાદ જોશીએ પણ સંબોધન કર્યું હતું. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે નેટ ઝીરો સુધી પહોંચવા માટે ગ્રીન એનર્જી એ જ એકમાત્ર ટકાઉ માર્ગ છે. જોકે, વધતી જતી માંગને પહોંચી વળવા માટે કોલસા આધારિત ઉર્જાની પણ જરૂર પડશે. ભારતમાં મેન્યુફેક્ચરિંગ, એક્સપોર્ટ અને ડેટા સેન્ટર્સ પર વધતા ધ્યાનને કારણે વીજળીની માંગમાં મોટો ઉછાળો આવશે, જેને મોટાભાગે સ્વચ્છ ઉર્જા દ્વારા જ પૂરી કરવામાં આવશે.

હાલમાં દેશની બિન-અશ્મિભૂત ઈંધણ આધારિત સ્થાપિત ક્ષમતા આશરે ૨૭૪ ગીગાવોટ છે, જ્યારે અશ્મિભૂત ઈંધણ આધારિત ક્ષમતા ૨૪૮.૫ ગીગાવોટ છે. શહેરીકરણ, ઔદ્યોગિક વિસ્તરણ અને ઈલેક્ટ્રિફિકેશનને કારણે આગામી દાયકામાં ભારતની ઉર્જા માંગમાં તીવ્ર વધારો થવાની ધારણા છે. નાણાકીય વર્ષ ૨૦૩૬માં અંદાજિત પીક ઈલેક્ટ્રિસિટી ડિમાન્ડ ૪૫૯ ગીગાવોટ અને કુલ વિદ્યુત ઉર્જાની જરૂરિયાત ૩,૩૬૫ બિલિયન યુનિટ રહેવાની અપેક્ષા છે.

### વીજળી ઉત્પાદન...

ટોચના પાંચ નિકાસ સ્થળો રહ્યા છે. જોકે, આ સમયગાળા દરમિયાન અમેરિકામાં થતી નિકાસ ૨૨.૫% ઘટીને ૯૯૪ ટન થઈ ગઈ છે, જે બંને દેશો વચ્ચેના તણાવપૂર્ણ વેપાર સંબંધોની સ્થિતિ દર્શાવે છે. બીજી તરફ, જાપાનમાં નિકાસ ૯.૫% વધીને ૪૪૪ ટન પર પહોંચી ગઈ છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

### રાજકોટમાં મિનિ વાવાઝોડુ...

પડયા હતા ૫૦ થી ૬૦ કી.મીની ઝડપી પવન ફૂંકાયો હતો. ભારે પવન સાથ ખાબકેલા માવઠાના કારણે શહેરભરમાં ૪૬ સ્થળોએ વૃક્ષો ધરાશાયી થવાની ફરીયાદ કોર્પોરેશનની ફાયર બ્રિગેડ શાખાના કન્ટ્રોલ રુમ પર ખાતે નોંધાયા હતી. અનેક રોડ બ્લોક થઈ ગયા હતા. શહેરના સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં ૩૪ મીમી, વેસ્ટ ઝોન વિસ્તારમાં૩૮ મીમી, અને ઈસ્ટ ઝોન વિસ્તારમાઃ ૩૯ મીમી વરસાદ પડયો હોવાનું નોંધાયું છે. કોઠારીયા વિસ્તારમાં વોટર સોલાર ઉડી હતી જયારે અનેક સ્થળે પાવર સોલારને નુકશાન ન થવા પામ્યું હતું.

અચાનક ખાબકેલા માવઠાના કારણે શહેરમાં ખાના ખરાબી જેવી સ્થિતિ સર્જાય જવા પામી હતી. એક કલાક સુધી ભારે પવન સાથે પડેલા કમોસમી વરસાદથી આખુ શહેર જાણે પાણી પાણી થઈ ગયું હોય તેવી સ્થિતિ સર્જાગ જવા પામી હતી. વાહન ચાલકો ફસાય ગયા હતા. કેટલાક વિસ્તારોમાં વીજ પોલને અસર થવા પામી હોવા હોવાના કારણે અંધાર પટ છવાયો હતો છ છ કલાક સુધી વીજળી ગુલ થઈ જવા પામી હતી.

વાતાવરણમાં ભારે ઠંડક પ્રસરી જવા પામી હતી. કુદરતના પ્રકોપ સામે માનવ જાત લાચાર બની ગઈ હોય તેવું લાગતું હતું.

### યાર્ડ...

અંધારામાં રહી ગયા હતા. જેના કારણે ગઈકાલે ભારે પવન સાથે પડેલા માવઠામાં યાર્ડમાં રાખવામાં આવેલી મગફળીની વરસાદી પાણીમાં તણાય ગઈ હતી. યાર્ડના ચેરમેન જયેશભાઈ બોઘરાના જણાવ્યાનુસાર માવઠામાં ૪૦ જેટલી મગફળીની ગુણી તણાય ગઈ હતી અને પલળી જવા પામી હતી. મગફળીનો તમામ જથ્થો ભેગો કરી લેવામાં આવ્યો હતો. ખેડુતોને માલ પલળી જવાથી નુકશાની વેઠવી ન પડે તે માટે પલળેલા માલના યોગ્ય ભાવ નકકી કરી વળતર ચૂકવવામાં આવશે મગફળી સિવાયનો કોઈ જણસી પલળી ન હોવાનું તેઓએ જણાવ્યું હતુ. આ ઉપરાંત જેતપુર માર્કેટીંગ યાર્ડમાં ખૂલ્લામાં રાખવામાં આવેલી મરચાની ભારી પલળી ગઈ હતી. યાર્ડમાં સત્તાધીશોની બેદરકારીના કારણે જગતાતે નુકશાની વેઠવાનો વારો આવ્યો હતો.

દસાડા તાલુકામાં બુધવારે મોડી રાત્રે તેમજ બીજે દિવસે ગુરુવારે બપોર બાદ અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો અને વાવાઝોડુ ફૂંકાતા રણમાં પાકવાની અણી પર પહોંચેલ મીઠાને મોટા પ્રમાણમાં નુકસાન પહોંચ્યું હતું.

હાલ ૦૮ મહીનાની મહેનત બાદ અગરિયાઓ દ્વારા પકવેલ મીઠુ રણમાંથી બહાર લાવવાની કામગીરી ચાલી રહી છે તેવામાં વાવાઝોડા સાથે કમોસમી વરસાદ ખાબકતા અગરિયાઓની સોલર પ્લેટ તૂટી જતા તેમજ મીઠા પર માટીના થર જામી જતા વેપારી અને અગરિયાઓને લાખોનુ નુકસાન પહોંચ્યું છે. સરકાર દ્વારા સર્વે કરી સહાય આપવામાં આવે તેવી અગરિયાઓ દ્વારા માંગ કરવામાં આવી છે. જ્યારે બીજી તરફ પાટડીમાં કમોસમી વરસાદ વરસતા એપીએમસીમા રાખવામાં આવેલ કપાસ, એરંડાની જણસ પલળી જતા વેપારીઓમાં દોડધામ મચી જવા પામી હતી અને પલળી ગયેલ જણસ સલામત સ્થળે ખસેડવામાં આવી હતી જ્યારે પાટડી એપીએમસીમા રાખેલ જણસ પલળી જતા વેપારીઓને પણ વ્યાપક નુકસાન પહોંચ્યું હતુ.

## દુઃખદ અવસાન

### સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટઃ** રાજકોટ નિવાસી મૂળ બામણગઢવાળા વરિયા વંશ પ્રજાપતિ જ્ઞાતિના અગ્રણી, શ્રી યુનિવર્સલ સ્કૂલ અને બ્રિલિયન્ટ સ્કૂલના સંચાલક ભગવાનજીભાઈ ઘુસાભાઈ સુરાણી કાશીબેનના પતિ, અરૂણભાઈ, હંસાબેન મુળાશીયા, ભાવનાબેન લાઠિયા, ગીતાબેન હરણેશા, શોભનાબેન નળીયાપરા અને કૃપાબેન મારડીયાના પિતા અને હરિભાઈ, અરવિંદભાઈ, હરસુખભાઈ, પ્રવિણભાઈના કાકા તેમજ મનિષાબેનનાં સસરા અને તરૂણભાઈ, કિશનભાઈ, દર્શનભાઈ, જયભાઈ, ભવ્ય અને કર્તવ્ય, દ્રષ્ટિના દાદા અને લીલાધરભાઈ જોટાણીયા તેમજ ધીરૂભાઈ જોટાણીયાના બનેવીનુ તા. ૧૮ ને બુધવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૨૦ ને શુક્રવારે સાંજે ૪ થી ૬ દરમ્યાન નહેરૂનગર સોસાયટી હોલ, નાના મવા રોડ, મારવાડી બિલ્ડીગની સામે, રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# ગાંધીધામ મહાપાલિકાનું રૂ.૯૮૨.૬૫ કરોડનું બજેટ રજૂ

## રૂ.૧૯૭.૮૨ કરોડની પુરાંત, ગત વર્ષ કરતાં બજેટના કદમાં રૂ.૩૭૪ કરોડનો વધારો



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ગાંધીધામ મહાનગરપાલિકાનું બુધવારે ૧૯૭.૮૨ કરોડની પુરાંત સાથેનું ૯૮૨.૬૫ કરોડનું બજેટ બહાર પાડવામાં આવ્યું હતું. ગત વર્ષે ૨૦૨૫/૨૬માં ૬૦૮.૭૩ કરોડનું બજેટ હતું, તેમાં આ વર્ષે ૩૭૩.૯૨ કરોડના વધારા સાથે ૯૮૨.૬૫ કરોડનું બજેટ બહાર પાડવામાં આવ્યું છે. -

જિલ્લા કલેક્ટર અને મહાનગરપાલિકાના વહીવટદાર આનંદ પટેલની અધ્યક્ષતામાં મ્યુનિસિપલ કમિશનર મનીષ ગુરુવાણીએ બજેટની રૂપરેખા આપી હતી. વર્ષ ૨૦૨૬/૨૭માં ઊઘડતી પુરાંત ૨૭૩.૨૬ કરોડ દર્શાવવામાં આવી છે. ૯૩.૮૩ રેવન્યૂ આવક તેમજ ૬૧૫.૫૬ કરોડ કેપિટલ આવક સાથે કુલ ૭૦૯.૩૯ કરોડની આવક સામે ૯૮.૬૧ કરોડ રેવન્યૂ અને ૬૮૬.૮૨ કરોડ કેપિટલ ખર્ચ સાથે કુલ ૭૮૪.૮૨ કરોડના ખર્ચનો અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો છે અને ૩૧ માર્ચ-૨૦૨૭ના અંતે ૧૯૭.૮૨ કરોડની પુરાંત રહેવાનો અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો છે.

જિલ્લા કલેક્ટર આનંદ પટેલે પત્રકાર પરિષદને સંબોધી હતી. આ પત્રકાર પરિષદમાં નાયબ મ્યુનિસિપલ કમિશનર મેહુલ દેસાઈ અને સંજયકુમાર રામાનુજ ઉપસ્થિત રહ્યા હતા. મ્યુનિસિપલ કમિશનરે આગામી વર્ષમાં જે-જે કામો બજેટમાં લેવાયા છે અને હાથ ધરવાના છે, તે અંગેની વિસ્તારથી માહિતી આપી હતી. જેમાં

આદિપુર ઘોડા ચોકડીથી ઓમ મંદિર અને ત્યાંથી લીલાશા ફાટક થઈને ગોપાલપુરી રેલવે સ્ટેશનથી રાષ્ટ્રીય ધોરીમાર્ગ સુધી ૧૩૫ કરોડ રૂપિયાના ખર્ચે ૧૦ કિ.મી.નો રોડ બનશે,

ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની હેઠળના ૧૧૬ કરોડના પ્રકલ્પને કાર્યરત કરવામાં આવશે અને ૨૭ એમ.એલ.ડી. ક્ષમતાનો ફિલ્ટર પ્લાન્ટ પણ કાર્યરત કરી દેવામાં આવશે, આ ઉપરાંત ૪.૧૬ કરોડના ખર્ચે ૯/બી, જગજીવનનગરમાં ઓવરહેડ અને અંડરગ્રાઉન્ડ ટાંકાઓ તથા પમ્પિંગ મશીનરીના કામો કર્યા છે.

અંતરજાળમાં આવેલા તળાવનો આઠ કરોડના ખર્ચે વિકાસ કરવામાં આવી રહ્યો છે ને હાલના સમયે તેની કામગીરી ચાલુ છે. આ ઉપરાંત સરકારને આગવી ઓળખની ગ્રાન્ટમાંથી ૧૨ કરોડ રૂપિયાના ખર્ચે કિડાણા તળાવનો વિકાસ કરાશે. ઉપરાંત સુંદરતા વધારવા માટેના કામો કરવામાં આવશે. તેમજ

આ વર્ષે ૧૦૦ સ્વાનની ક્ષમતા ધરાવતા એનિમલ બર્થ કંટ્રોલ સેન્ટર બનાવવામાં આવશે

શહેરના ડીસી-પાંચ વિસ્તારમાં દીનદયાલ પોર્ટ ઓથોરિટી દ્વારા ફાળવવામાં આવેલી જમીનમાં ૨૫ કરોડ રૂપિયાના ખર્ચે મહાનગરપાલિકાની નવી કચેરી બનશે અને તેમાં આધુનિક સેન્ટર બનાવવામાં આવશે. ૮૦ ઈ-બસ માટે સરકારમાંથી સૈદ્ધાંતિક મંજૂરી મળી ગઈ છે અને એસઆરસી દ્વારા ફાળવવામાં આવેલી જમીનમાં ૨૦ કરોડ રૂપિયાના ખર્ચે આધુનિક સુવિધાઓથી સજ્જ ઈ-બસ ડેપો અને ચાર્જિંગ ટર્મિનલનું નિર્માણ કરવામાં આવશે. આ ઉપરાંત ગૌરવ પાર્કનું નિર્માણ કરવામાં આવશે. શહેરના નાગરિકોને એક સારું સુવિધા સાથેનું મનોરંજન સ્થળ ઉપલબ્ધ થશે તેમજ ટાગોર રોડ ઉપર આંબેડકર બ્રિજની નજીક આવેલા સેકટર એ વિસ્તારમાં આવેલા ગાર્ડનનો ત્રણ કરોડના ખર્ચે વિકાસ કરવામાં આવશે,શહેરના સેક્ટર વિસ્તારમાં આવેલા સરદાર વલ્લભભાઈ પટેલ ટાઉનહોલનું ૧૨ કરોડ રૂપિયાના ખર્ચે રિ-ડેવલપમેન્ટ કરવામાં આવી રહ્યું છે.

# ગીર સોમનાથ જિલ્લાને ગરીબી મુક્ત બનાવવા તંત્રની કવાયત: ગામે ગામ સર્વેના આદેશ

**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**



## ગરીબી અંગેના બહુવિધ આયામમાં આવક ઉપરાંત આરોગ્ય શિક્ષણ જીવન ધોરણના વિવિધ ગરીબીને માપતા માપદંડો ચકાસાશે


ગીર સોમનાથ જિલ્લા આરોગ્ય પોષણ અને ગરીબ પરિવારોના જીવન ધોરણ માં સુધારો લાવી જિલ્લાને ગરીબી મુક્ત બનાવવા તંત્ર એ કવાયત હાથ ધરીછે, કલેક્ટર એન વી ઉપાધ્યાય ની અધ્યક્ષતામાં મલ્ટી ડાયમેન્શનલ પ્રોવર્ટી ઈન્ડેક્સ, ગરીબી અંગેના બહુવિધ આયામ અંતર્ગત સર્વે કરીને સંબંધીત વિભાગના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી.

કલેકટરે ગરીબી નિર્મૂલન માટેના મહત્વના સૂચાકો પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરી આવા લોકોને ગરીબી રેખામાંથી બહાર કાઢવા તમામ વિભાગોમાં સહિયારા પ્રયત્નો કરવા સૂચના આપી જનહિત લક્ષી પ્રશ્નો સમજીને સર્વાંગી વિકાસ તરફ ડબલુ માંડવા હિમાયત કરી છે

૨૪ માર્ચ ઉના અને ૧ એપ્રિલ સુત્રાપાડા તાલુકામાં સર્વે કરવામાં આવશે જેમાં આરોગ્ય શિક્ષણ જીવન ધોરણ સગવડતા અને અગવડતા અંગે વર્ગ એક અને વર્ગ બે અધિકારીઓ કર્મચારીઓ ની ટીમો ગામેગામ જઈ આંગણવાડી અને ૧૦કુટુંબો નો સર્વે કરશે આ અંગેની બેઠકમાં અધિક કલેકટર રાજેશ આલ, ગામ વિકાસ એજન્સીના નિયામક યોગેશ જોશી ,પ્રાંત અધિકારી વિનોદ જોશી સહિતના અધિકારી ઉપસ્થિત રહ્યા હતાં.

# જૂનાગઢમાં મિલેટ એક્સપો બનશે આરોગ્ય ઉત્સવ

**અબતક, દર્શન જોશી, જૂનાગઢ**



## મિલેટ બેઈઝડ રેડી ટુ ઈટ, લાઈવ ફૂડના સ્ટોલ જોવા મળશે

પોષક તત્વોથી ભરપૂર અને સ્વાસ્થ્ય માટે વિશેષ ફાયદારૂપ એવા આપણા પરંપરાગત બાજરી, જુવાર, રાગી, કાંગ વગેરે જાડા ધાન્ય લોકો અપનાવવા માટે પ્રેરિત થાય તેવા આશય સાથે રાજ્ય સરકાર અને વહીવટી તંત્ર દ્વારા જૂનાગઢ ખાતે તા. ૨૧ તથા ૨૨ માર્ચના રોજ મિલેટ એક્ષ્પોનું આયોજન કરવામાં આવ્યું છે. જૂનાગઢમાં સરદાર બાગ સ્થિત ઝાંસીની રાણી સર્કલ પાસે હવેલી વાડીના ગ્રાઉન્ડમાં બે દિવસીય મિલેટ મેળામાં ૫૦ જેટલા સ્ટોલ્સના માધ્યમથી વેચાણ પ્રદર્શન રાખવામાં આવશે. ખાસ કરીને આ સ્ટોલ્સના માધ્યમથી જુદા જુદા પરંપરાગત મેલેટ્સમાંથી બનતી જુદી જુદી પ્રોડક્ટ - વાનગીઓ ઉપરાંત મિલેટ્સ થતા આરોગ્યના ફાયદાઓને ઉજાગર કરવામાં આવશે. મિલેટ્સ બેઈઝડ રેડી ટુ ઈટ, અવનવી ખાણીપીણી માટે લાઈવ ફૂડ આઈટમ વગેરે પણ રાખવામાં આવશે.

આ ઉપરાંત પ્રાકૃતિક કૃષિ કરતાં ખેડૂતોના ઉત્પાદનો, સખી મંડળના બહેનોની હાથ બનાવટની કલાત્મક વસ્તુઓ વગેરેનું પ્રદર્શન સહ વેચાણ કરવામાં આવશે. આ ઉપરાંત આઈ.સી.ડી.એસ., આયુર્વેદ, કૃષિ યુનિવર્સિટી સહિતના વિભાગના પણ સ્ટોલ રાખવામાં આવશે. આ મિલેટ એક્ષ્પોના સુચારું આયોજન સંદર્ભે જૂનાગઢ મહાનગરપાલિકાના કમિશનર તેજસ પરમારના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ હતી, જેમાં મિલેટ એક્ષ્પોના આયોજન અને જરૂરી વ્યવસ્થાઓ કરવા સંદર્ભે માર્ગદર્શન કરવામાં આવ્યું હતુ. આ બેઠકમાં ડેપ્યુટી કમિશનર ડી.જે. જાડેજા, જિલ્લા ખેતીવાડી અધિકારી જીગર ભટ્ટ, આત્માના પ્રોજેક્ટ ડાયરેક્ટર દિપક રાઠોડ, પ્રોગ્રામ ઓફિસર ચેતન સોજીત્રા સહિતના સંલગ્ન વિભાગના અધિકારી ઉપસ્થિત રહ્યા હતા.

# વેરાવળ ચોપાટી પર સ્વચ્છતા અભિયાનમાં વિદ્યાર્થીઓ સાથે પ્રાધ્યાપકો હોંશભેર જોડાયા

## ફિશરીઝ કોલેજ, રિલાયન્સ ફાઉન્ડેશનની મહેનત લેખે લાગી, લોકોમાં અભૂતપૂર્વ ઉત્સાહ દેખાયો

**અબતક, જયેશ પરમાર, સોમનાથ**



વેરાવળ ચોપાટી ખાતે 'સમુદ્ર કિનારા સ્વચ્છતા અભિયાન'નું આયોજન કરવામાં આવ્યું હતું. સમુદ્ર પર્યાવરણની જાળવણી અને પ્લાસ્ટિક મુક્ત દરિયાકાંઠાના ઉમદા હેતુ સાથે, રિલાયન્સ ફાઉન્ડેશન અને કોલેજ ઓફ ફિશરીઝ સાયન્સ, વેરાવળ (કામધેનુ યુનિવર્સિટી)ના સંયુક્ત ઉપક્રમે ૧૮ માર્ચના ચોપાટી ખાતે દરિયાઈ સફાઈ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ અભિયાનમાં ફિશરીઝ કોલેજના પ્રોફેસર ડો.જીતેશ સોલંકી, ફિશરીઝ કોલેજના વિદ્યાર્થીઓ, રિલાયન્સ ફાઉન્ડેશનના અમિતભાઈ મસાણી અને સ્થાનિક માછીમારો મોટી સંખ્યામાં જોડાયા હતા. સવારના જ ચોપાટી વિસ્તારમાંથી પ્લાસ્ટિકનો કચરો, જાળના ટુકડા અને અન્ય બિન-જૈવિક કચરો એકત્રિત કરી દરિયાકાંઠાને સ્વચ્છ બનાવવામાં આવ્યો હતો.

દરિયાઈ જીવસૃષ્ટિનું રક્ષણ અને માછીમાર સમુદાયમાં સ્વચ્છતા અંગે જાગૃતિ માટેનો એક પ્રયાસ સાથે એક સંદેશ: 'સ્વચ્છ સાગર, સુરક્ષિત સાગર' ના મંત્ર સાથે પ્રદૂષણ મુક્ત દરિયા કિનારાનું નિર્માણ માટે કવાયત હાથ ધરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે કોલેજના પ્રિન્સિપાલ ડો.બોરીચાંગરએ જણાવ્યું હતું કે, ''આગામી પેઢીના ફિશરીઝ પ્રોફેશનલ્સ તરીકે વિદ્યાર્થીઓ માટે આ પ્રકારના પ્રાયોગિક કાર્યો પર્યાવરણ પ્રત્યેની તેમની જવાબદારી સમજવામાં મદદરૂપ થાય છે.''

આ કાર્યક્રમના અંતે એકત્ર થયેલ કચરાનો નગરપાલિકાના સહયોગથી યોગ્ય નિકાલ કરવામાં આવ્યો હતો.

# સોમનાથ પે સેન્ટર શાળા ખાતે વાર્ષિકોત્સવની ઉજવણી



**અબતક, જયેશ પરમાર, સોમનાથ**

સોમનાથ પે સેન્ટર શાળા ખાતે ''કેકારવ'' વાર્ષિકોત્સવ ઉજવાયો હતો. શાળાના બાળકોએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરી વાલીઓ અને દર્શકોના દિલ જીતી લીધા હતા. પોતાનામાં પડેલી કલાની અભિવ્યક્તિ ખૂબ સરસ રીતે રજૂ કરી હતી.

મુખ્ય મહેમાન તરીકે નગરપાલિકાના પ્રમુખ પલ્લવીબેન જાની તેમજ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી પટેલ, સોમનાથ પાટણના પીઆઈ ગોસ્વામી, ડો આર.ડી.સાવલીયા, તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી હરદાસભાઈ નંદાણીયા તેમજ બી.આર.સી કોઓર્ડીનેટર વેરાવળ, સી.આર.સી કોઓર્ડીનેટર પ્રભાસ, જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ તથા મહામંત્રી, જિલ્લા શૈક્ષણિક સંઘના પ્રમુખ તથા મહામંત્રી, તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘના હોદ્દેદારો, પાટણ પે સેન્ટર સ્કૂલ મેનેજમેન્ટ કમિટીના સભ્યો, પેટા શાળાના આચાર્યઓ અને શિક્ષકમિત્રો અને સ્થાનિક આગેવાનો, તેમજ હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના આચાર્ય પરબતભાઈ જાખોત્રા તેમજ તમામ શિક્ષકો, સમગ્ર શાળા પરિવારે જહેમત ઉઠાવી કાર્યક્રમને દિપાવ્યો હતો.

# ગાંધીધામ: ડીસી-૫ ખાતે આધુનિક 'સિટી મોક્ષ ધામ' તૈયાર

## ગુજરાત રિફાઈન્ડ સોલ્ટ મેન્યુફેક્ચરર્સ વેલ્ફેર એસોસિએશનનું રૂ.૧૧ લાખનું અનુદાન

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**



ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ સંચાલિત 'ગાંધીધામ સીટી મોક્ષ ધામ' પ્રોજેક્ટનું મુખ્ય નિર્માણ કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું છે અને હવે, આ આધુનિક મોક્ષ ધામ શહેરીજનો માટે સુવિધાસભર રીતે ઉપલબ્ધ બન્યું છે. આ મહત્વપૂર્ણ અને સમાજલક્ષી પ્રકલ્પ ગાંધીધામ મહાનગરપાલિકા, દિનદયાળ પોર્ટ ઓથોરીટી તથા ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના સંયુક્ત પ્રયાસોથી સાકાર થયો છે. ચેમ્બર પ્રમુખ તેજાભાઈ કાનગડના માર્ગદર્શન અને તેમની ટીમના સક્રિય પ્રયત્નો તથા હોદેદારોના સહકારથી આ ભગીરથ કાર્ય સફળતાપૂર્વક પૂર્ણ થયું છે.

ગાંધીધામ-આદિપુર-કંડલા સંકુલ તેમજ આસપાસના વિસ્તારોના નાગરિકોને અંતિમ યાત્રા દરમિયાન સન્માનપૂર્ણ, સુવ્યવસ્થિત અને સરળ સુવિધાઓ પ્રાપ્ત થાય તે શુભ હેતુથી આ મોક્ષ ધામનું નિર્માણ કરવામાં આવ્યું છે. હવે આ સુવિધાઓનો લાભ શહેરીજનો લઈ શકે તેવી સુવ્યવસ્થિત વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. ચેમ્બરના માનદ મંત્રી મહેશ તીર્થાણીએ જણાવ્યું હતુ કે, મોક્ષ ધામમાં બે બોઈલર ભઠ્ઠી સાથે છ સામાન્ય ભઠ્ઠી, વુડન સ્ટોરેજ, પ્રાર્થના હોલ, ઓફિસ બિલ્ડિંગ, અરિચ રૂમ, પૂજા રૂમ, નવગ્રહ મંદિર તથા શિવ મંદિરની પાયાવિધિ સહિતની તમામ સુવિધાઓનું કાર્ય પૂર્ણ થઈ ગયું છે. સાથે જ અંતિમ યાત્રામાં આવનાર સગા-સ્નેહીઓ માટે ગઝેબો દ્વારા બેઠક વ્યવસ્થા, વોટર કુલર અને પીવાના પાણીની સગવડતા, તેમજ નાની વયના બાળકો માટે અલગ દફનવિધિની વ્યવસ્થા પણ સુનિશ્ચિત કરવામાં આવી છે.

# ઉપલેટામાં રમજાન માસમાં સેવાભાવી નગરસેવક હિંગોરા પરિવાર દ્વારા મીઠાઈ - ફરસાણ ફુટ વિતરણ કરાયુ કાલે ઈદ

## ઈદગાહ મેદાન માં કાલે ૯ કલાક યોજાશે ઈદની નમાઝ બાદ ઈદ મિલન સમારોહ


**અબતક, કીરીટ રાણપરીયા, ઉપલેટા**

ઉપલેટામાં પવિત્ર રમજાન માસના રોજા શાંતિપૂર્ણ રીતે પૂરા થયા બાદ આવતીકાલે ઈદની ઉજવણી લઘુમતિ સમાજ દ્વારા શાનદાર રીતે ઉજવણી કરશે.

રમજાન માસ દરમ્યાન સેવા ભાવી નગર સેવક રજાકભાઈ હિગોરા પરિવાર દ્વારા વષોની પરંપરાગત જરુરીયાત મંદ લોકો ને મીઠાઈ ફરસાણ ફુટનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવે છે. જેનો લાભ બહોળી સંખ્યામાં લોકો લઈ રહ્યા છે.

આવતીકાલે શનિવારે ૨૧મી માર્ચેસવારે નવ વાગે પાટણવાવ રોડઉપર ઈદમાદ મેદાન ખાતે સમગ્ર મુસ્લીમ સમાજ ઈદ ઉલ ફીત્રની





નમાજ અદા કરશે આ પૂર્વ શહેરની વિવિધ મસ્જીદોમાં નમાઝ અદા કરવામાં આવશે. જેમાં નગીના મસ્જીદમાં સવારે ૭.૧૫, ફારૂકી મસ્જીદમાં ૭.૧૫, મરીયમ ૭.૧૫, તાડવલીમસ્જીદમાં ૭.૩૦, મહીના મસ્જીદમાં ૮ કલાકે ઝકરિયા મસ્જીદમાં સવારે ૮.૧૫ કલાકે તમાજ અદા કરાશે.

ઈદગાહની નમાઝ બાદ સ્મશાન રોડ ઉપર આવેલ મેમણ કોલોની સામે જાગૃત અને યુવા નગર સેવક ઈમરાન મિયા વિરમીદા ગ્રુપ દ્વારા સ્નેહ મિલનનું આયોજન આવતીકાલે સવારે ૧૦ વાગે રાખવામાં આવેલ છે. જેમાં હિન્દુ મુસ્લીમ સમાજ ભાઈઓ ઈદની મુબારક બાદલ પાઠવશે

# ગીર સોમનાથ-જૂનાગઢની સરકારી શાળાઓમાં ૨૫૦ કલાસ રૂમની ઘટ

## સોમનાથ ધારાસભ્ય વિમલ ચુડાસમાએ વિધાનસભામાં પુછેલા પ્રશ્નમાં સ્થિતિ આવી સામે

**અબતક, રાજકોટ**



ગુજરાતમાં શિક્ષણની સ્થિતિ ખૂબ સરસ હોવાના દાવા વચ્ચે સોમનાથ ધારાસભ્ય વિમલભાઈ ચુડાસમાએ વિધાનસભામાં પુછેલા પ્રશ્નના ગીરસોમનાથ અને જૂનાગઢની સરકારી શાળાઓમાં આજની તારીખે ૨૫૦થી વધુ કલાસરૂમ ઓરડાની ઘટ વચ્ચે બાળકો ભણી રહ્યા છે.

રાજ્ય સરકાર એક તરફ 'કન્યા કેળવણી' અને 'શાળા પ્રવેશોત્સવ' પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરી રહી છે, ત્યારે બીજી તરફ ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લાની સરકારી શાળાઓમાં બાળકોને બેસવા માટે ઓરડા જ ન હોવાની વાસ્તવિકતા સામે આવી છે. વિધાનસભામાં પૂછાયેલા એક પ્રશ્નના લેખિત જવાબમાં સરકારે પોતે સ્વીકાર્યું છે કે આ બે જિલ્લાઓમાં મળીને કુલ ૨૫૯ થી વધુ ઓરડાઓની ઘટ છે.

ગીર સોમનાથ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ૧૫૨ અને માધ્યમિકમાં ૫ ઓરડાઓની ઘટ છે. ખાસ કરીને ઉનામાં ૫૪ અને વેરાવળમાં ૩૬ ઓરડાઓ ખૂટે છે.

જૂનાગઢ જિલ્લોમાં પ્રાથમિક શાળાઓમાં ૧૦૭ અને માધ્યમિકમાં ૯ ઓરડાઓની અછત છે. માણાવદરમાં ૨૪ અને વંથલીમાં ૨૦ ઓરડાની ઘટ ચિંતાજનક છે. સોમનાથ ધારાસૂભ્ય દ્વારા જ્યારે પૂછવામાં આવ્યું કે આ ઓરડા ક્યારે બનશે, ત્યારે ''તબક્કાવાર જેમ બને તેમ ઝડપથી'' એવો જવાબ આપીને પોતાની જવાબદારીમાંથી હાથ ઊંચા કરી લીધા છે. તેમ ધારાસભ્ય ચુડાસમાએ જણાવ્યું હતુ.

# લોધિકા તાલુકા ભાજપ બક્ષીપંચ મોરચાના હોદેદારોની વરણી

**અબતક, ભીખુપુરી ગોસાઈ, લોધીકા**

ગુજરાત પ્રદેશ ભાજપ તથા રાજકોટ જીલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ આઢોલરીયા મહામંત્રી હરેશભાઈ હેરભા નરેન્દ્રસિંહ જાડેજા રવિભાઈ માંકડીયા જીલ્લા ભાજપ બક્ષીપંચ મોરચા પ્રમુખ દેવરાજભાઈ સરવૈયા તેમજ મહામંત્રીઓ સાથે ચર્ચા વિમર્શ કરી લોધીકા તાલુકા ભાજપ બક્ષીપંચ મોરચા ઉપપ્રમુખ ૩ મંત્રી ૩ કોષાધ્યક્ષ ૧ તેમજ ૧૨ કારોબારી સભ્યો સહિત ભારતીય જનતા પાર્ટી બક્ષીપંચ મોરચા ટીમ ની નિમણૂક કરવામાં આવેલ છે જે ને લોધીકા તાલુકા ભાજપ પ્રમુખ ડો પ્રકાશભાઈ વિરડા મહામંત્રી મયુર સિંહ જાડેજા મહામંત્રી સુરેશભાઈ વસોયા સહિત બક્ષીપંચ મોરચા પ્રમુખ પ્રવિણભાઈ માલકિયા મહામંત્રી ધનજીભાઈ માટીયા રમણીકભાઈ નિમાવત સહીતના આવકારી છે.

# હેપી મેરેજ બ્યુરોવાળા જીવદયાપ્રેમી હીંમાશુભાઈ ચીનોયનો જન્મદિવસ



હેપી મેરેજ બ્યુરોનાં હીંમાશુભાઈ ચીનોય તથા જીવદયા ગ્રુપનાં જીવદયા કાર્યકર હીમાંશુભાઈ ચીનોય આજે વિશ્વ ચકલી ડેનાં દિવસે જીવદયા કાર્ય કરી જન્મદિવસ ઉજવનાર છે. જેમાં જીવદયા કાર્ય કીડીયારૂં, ખીસકોલીઓને મકાઈના ડોડા, કબૂતરને ચણ, શ્વાનોને રોટલી તેમજ ઝૂંપડપટ્ટીના બાળકોને ભોજન કરાવી પુણ્યનું ભાથુ બાંધશે. મધ્યમવર્ગના વ્યક્તિઓ માટે ટૂંક સમયમાં જ હીમાંશુભાઈ ચીનોય દ્વારા નિશુલ્ક મેરેજ બ્યુરો ચાલુ કરવાનો જન્મદિવસ નાં દિવસે સંકલ્પ લેવામાં આવનાર છે. સમગ્ર ભારતભર અને ગુજરાત માટે ગૌરવ સન્માન કહી શકાય તેવું કે એકમાત્ર રાજકોટમાં છેલ્લા ૫૩ વર્ષથી ચાલતુ હેપી મેરજ બ્યુરો ચલાવી રહ્યા છે. પિતાનાં અવસાન બાદ ૧૯૮૪ બાદ અવિરત પણે આ મેરેજ બ્યુરોમાં કામ કરી રહ્યા છે. નાત જાતના ભેદભાવ વગર દીકરીઓનાં આણા માટે ગુપ્ત રીતે હીમાંશુભાઈ ગ્રુપ સર્કલ દ્વારા વ્યવસ્થા કરી તેમનાં આશીર્વાદ મેળવવામાં આવ્યા છે. સાત હનુમાન મંદિરમાં પણ સેવા આપી રહ્યા છે. રાજકોટની ગૌશાળાઓમાં અનેક વખત લીલુ ઘાસ, શાકભાજી અર્પણ કરવામાં આવેલ છે. કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ અને એનીમલ હેલ્પલાઈન સંસ્થાઓમાં પણ તેમનાં દ્વારા એક યા બીજી રીતે સહકાર પૂરો પાડવામાં આવી રહ્યો છે. આ શુભદીને તેમનાં મિત્રવર્તુળ તથા વડીલવર્ગ તરફથી હીમાંશુભાઈ ચીનોયનાં મોબાઈલ નંબર ૯૮૯૮૦૩૨૬૦૦ પર શુભેચ્છાવર્ષા થઈ રહી છે.

ટ્રમ્પ યુદ્ધના ચક્રવ્યૂહમાં 'ટ્રેપ' થયા

# અમને પૂછીને યુદ્ધ કર્યું હતું? : ઈઝરાયેલ-જાપાનનો અમેરિકાને સણસણતો જવાબ

## ટ્રમ્પને કોઈ સલાહ આપી ન શકે: નેતન્યાહુએ અમેરિકાના પ્રભાવની ચર્ચાઓ પર પૂર્ણવિરામ મૂક્યું

**અબતક, રાજકોટ**

શ્રીમદ ભગવદ ગીતામાં ભગવાન કૃષ્ણએ કહ્યું છે કે યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત , અભ્યુત્થાનમધર્મસ્ય તદાત્માનં સૃજાવ્યહમ્ અર્થાત, જ્યારે જ્યારે ધર્મની હાનિ થાય છે, ત્યારે સત્યની સ્થાપના માટે સંઘર્ષ અનિવાર્ય બને છે. પરંતુ વર્તમાનમાં પશ્ચિમ એશિયાની રણભૂમિમાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની હાલત મહાભારતના એ 'અભિમન્યુ' જેવી થઈ ગઈ છે, જેણે ઉત્સાહમાં આવીને ઈરાન સામેના યુદ્ધના ચક્રવ્યૂહમાં પ્રવેશ તો કરી લીધો, પરંતુ હવે તેમાંથી બહાર નીકળવાનો માર્ગ જડતો નથી. ન્યૂયોર્ક ટાઈમ્સથી લઈને વૈશ્વિક મીડિયા સુધી ચર્ચા છે કે શું ટ્રમ્પ એક અજેય અને અનંત યુદ્ધની જાળમાં ફસાઈ ગયા છે?

પ્રખ્યાત લેખક નિકોલસ ક્રિસ્ટોફના મતે, અમેરિકા ઈરાન સાથેના એક એવા યુદ્ધમાં ઉતરી ગયું છે જેનો કોઈ અંત દેખાતો નથી. ટ્રમ્પ ભલે ઈરાન પર બોમ્બમારો કરે, પણ ઈરાન જો હોર્મુઝની સામુદ્રધુની રોકી દેશે તો વિશ્વની અર્થવ્યવસ્થા પડી ભાંગશે. આ સ્થિતિ ૧૯૬૫ના વિયેતનામ યુદ્ધ જેવી છે, જ્યાં દરેક લશ્કરી સફળતા અમેરિકાને વધુ ઊંડા કાદવમાં ધકેલી રહી છે. ઈરાને શરત મૂકી છે કે જ્યાં સુધી અમેરિકા તેની ધરતી પરથી હટે નહીં, ત્યાં સુધી યુદ્ધ વિરામ શક્ય નથી.

બીજી તરફ, ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ એક પ્રેસ બ્રીફિંગમાં અમેરિકાને 'સણસણતો જવાબ' આપતા કહ્યું છે કે ઈઝરાયલે પોતાની રીતે ઈરાનના ગેસ પ્લાન્ટ પર હુમલો કર્યો હતો. જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું તેઓ ટ્રમ્પને યુદ્ધમાં ધકેલી રહ્યા છે, ત્યારે તેમણે વ્યંગમાં કહ્યું, ''કોઈને એવું લાગે છે કે ટ્રમ્પને કોઈ કહી શકે કે તેમણે શું કરવું? તેઓ હંમેશા



પોતાના જ નિર્ણયો લે છે.'' જોકે, નેતન્યાહુએ દાવો કર્યો છે કે ઈરાનની શક્તિ હવે ખતમ થઈ રહી છે અને આ યુદ્ધ જલ્દી સમાપ્ત થશે.આ સંઘર્ષ વચ્ચે ટ્રમ્પે જાપાનના વડાપ્રધાન સાનાએ તાકાઈચી સાથેની મુલાકાતમાં એક વિવાદાસ્પદ ટિપ્પણી કરી. જ્યારે સાથી દેશોને વિશ્વાસમાં લીધા વગર હુમલો કરવા અંગે પ્રશ્ન પૂછાયો, ત્યારે ટ્રમ્પે મજાકમાં કહ્યું, ''અમારે અચાનક હુમલો કરવો હતો, અને જાપાનથી વધુ આ કોણ સમજી શકે? તમે પણ મને 'પર્લ હાર્બર' વિશે ક્યાં પૂછ્યું હતું?'' આ ટિપ્પણીથી જાપાનના વડાપ્રધાન સ્તબ્ધ થઈ ગયા હતા. ટ્રમ્પ હવે જાપાન પાસે યુદ્ધમાં મદદ માંગી રહ્યા છે, પરંતુ જાપાન તેના શાંતિવાદી બંધારણને કારણે મજબૂરી અનુભવી રહ્યું છે.

રાષ્ટ્રપતિ ટ્રમ્પ અત્યારે બેધારી તલવાર પર ચાલી રહ્યા છે. એકબાજુ ઈઝરાયલ પોતાની જીત માટે અમેરિકાનો સાથ ઈચ્છે છે, તો બીજી બાજુ જાપાન જેવા સાથી દેશો ઐતિહાસિક ટોણાંઓથી આશ્ચર્યચકિત છે. શું ટ્રમ્પ આ ચક્રવ્યૂહને તોડીને બહાર નીકળશે, કે પછી વિયેતનામની જેમ આ યુદ્ધ અમેરિકા માટે 'ઐતિહાસિક ભૂલ' સાબિત થશે?

# નિકાસકારોના માલ પહોંચાડવા સરકારનું બુસ્ટર ડોઝ

## પશ્ચિમ એશિયા સંકટ વચ્ચે નિકાસકારો માટે ૪૯૭ કરોડ રૂપિયાનું 'રિલીફ' પેકેજ જાહેર

**અબતક, નવી દિલ્હી**

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંકટને કારણે નિકાસકારોને પડી રહેલી મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને ભારત સરકારે ૪૯૭ કરોડ રૂપિયાના નિકાસ સહાય પેકેજની જાહેરાત કરી છે. આ પેકેજથી નિકાસકારોને વિમા કવર અને લોજિસ્ટિક્સમાં રાહત મળશે. યુદ્ધના જોખમોને કારણે માલભાડા અને પ્રીમિયમમાં થયેલા વધારાની સામે રક્ષણ આપવા અને નુકસાની ઘટાડવા માટે સરકાર દ્વારા આ મહત્વપૂર્ણ પગલું લેવામાં આવ્યું છે.આ નવી યોજનાને 'રેઝિલિયન્સ એન્ડ લોજિસ્ટિક્સ ઈન્ટરવેન્શન ફોર એક્સપોર્ટ ફેસિલિટેશન' નામ આપવામાં આવ્યું છે. આ યોજના હેઠળ હોર્મુઝની સામુદ્રધુની સહિત સંઘર્ષગ્રસ્ત રૂટ પર આવતા ૧૭ જેટલા દેશોમાં થતી નિકાસને આવરી લેવાશે. જ્યારે વૈશ્વિક રિઈન્શ્યોરન્સ કંપનીઓ આ રૂટ પરથી પીછેહઠ કરી રહી છે, ત્યારે વેપારના પ્રવાહને સ્થિર કરવા અને ભારતીય નિકાસકારોના ઓર્ડર રદ થતા અટકાવવા આ યોજના અમલમાં મૂકવામાં આવી છે.

### નાના નિકાસકારોને મળશે મોટી રાહત

મુખ્ય રૂટો પર માલભાડાના દરમાં અચાનક થયેલા વધારાને કારણે મર્યાદિત કાર્યકારી મૂડી ધરાવતા નાના નિકાસકારો પર ભારે દબાણ આવ્યું હતું. આ યોજના અંતર્ગત નિકાસ જવાબદારીઓમાં આપોઆપ વધારો, લોજિસ્ટિકલ સપોર્ટ અને વિલંબને પહોંચી વળવા માટે સંભવિત નાણાકીય પગલાંનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેનાથી નાના અને મધ્યમ કદના નિકાસકારોને કામગીરી ચાલુ રાખવામાં મોટી રાહત મળશે.

વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલે જણાવ્યું હતું કે પશ્ચિમ એશિયાના સંકટની વ્યાપાર પર સ્પષ્ટ અસર થઈ છે અને મધ્ય પૂર્વમાં વ્યાપાર કરતા નિકાસકારોમાં ચિંતાનો માહોલ છે. આ યોજના મુખ્યત્વે એવા ભૌગોલિક વિસ્તારો પર ધ્યાન કેન્દ્રિત કરે છે જે આ વિક્ષેપથી સૌથી વધુ પ્રભાવિત છે. તેમણે ઉમેર્યું હતું કે ભારત પશ્ચિમ એશિયામાં અનાજનો પુરવઠો પૂરો પાડવાનું ચાલુ જ રાખશે, પરંતુ નિકાસનું પ્રમાણ લોજિસ્ટિક્સ પડકારો અને સતત વધી રહેલા ખર્ચ પર આધારિત રહેશે.સરકારનું સ્પષ્ટ માનવું છે કે કોઈપણ સંજોગોમાં સ્થાનિક જરૂરિયાતોને પ્રથમ પ્રાધાન્ય આપવામાં આવશે. જો ઊર્જાની જરૂરિયાતોને કારણે અમુક વ્યવસાયો મર્યાદિત થઈ રહ્યા હોય, તો પણ સ્થાનિક માંગને પહેલા સંતોષવામાં આવશે અને નિકાસ રાહ જોઈ શકે છે તેમ સચિવે સ્પષ્ટ કર્યું હતું. આ પહેલું પગલું છે અને આગામી સમયમાં બેન્કિંગ અને ફાઈનાન્સ સંબંધિત અન્ય રાહતો પણ જાહેર કરવામાં આવી શકે છે.આ 'રિલીફ' યોજનાનું અમલીકરણ સરકારી માલિકીની એક્સપોર્ટ ક્રેડિટ ગેરંટી કોર્પોરેશન દ્વારા કરવામાં આવશે. આ યોજના વિક્ષેપના સમયગાળા દરમિયાન મોકલવામાં આવેલા અને આગામી સમયમાં મોકલવાના માલ એમ બંનેને આવરી લેશે. પાત્રતા ધરાવતા કિસ્સાઓમાં, સરકાર દ્વારા વીમા કંપનીને વળતર આપીને ૧૦૦% સુધીના નુકસાનનું કવરેજ પૂરું પાડવામાં આવશે, જ્યારે હાલમાં ઈસીજીસી માત્ર ૭૦ થી ૮૦ ટકા જ જોખમ આવરી લે છે.

## સરકાર ૧૦૦ ટકા નુકસાનની ભરપાઈ કરશે, નિકાસકારોની સ્થાનિક જરૂરિયાતોને અપાશે પ્રાધાન્ય

### માર્ચની નિકાસ પર મર્યાદિત અસર રહેવાની સંભાવના

અધિકારીઓએ જણાવ્યું છે કે આ તમામ લોજિસ્ટિક્સ વિક્ષેપો છતાં માર્ચ મહિનાના એકંદર નિકાસના આંકડાઓ પર તેની અસર મર્યાદિત રહેવાની સંભાવના છે. સરકારે સમયસર લીધેલા પગલાં અને જાહેર કરેલા ૪૯૭ કરોડના પેકેજના કારણે નિકાસકારોનો આત્મવિશ્વાસ જળવાઈ રહેશે અને આંતરરાષ્ટ્રીય બજારમાં ભારતીય માલસામાનની નિકાસમાં આવતી મોટાભાગની અડચણો દૂર થશે.

# બાળકો ઓવરવેઈટ થઈ રહ્યા છે \ ખોરાક બાબતની સભાનતા છતાં વજન શા માટે વધે છે?

## ભારત વિશ્વના ટોચના ત્રણ દેશોમાં સામેલ છે જ્યાં બાળકોમાં મેદસ્વીતાનું પ્રમાણ સૌથી વધુ છે

**અબતક, અમદાવાદ**

તાજેતરમાં બહાર આવેલા 'વર્લ્ડ ઓબેસિટી એટલાસ ૨૦૨૬'ના આંકડાઓએ ભારત માટે ખતરાની ઘંટડી વગાડી છે. ભારત અત્યારે વિશ્વના એવા ટોચના ત્રણ દેશોમાં સામેલ છે જ્યાં બાળકોમાં મેદસ્વીતાનું પ્રમાણ સૌથી વધુ છે. ભારતમાં ૫ થી ૧૯ વર્ષની વયના આશરે ૪.૧ કરોડ બાળકો વધુ વજન ધરાવે છે. પરંતુ આશ્ચર્યની વાત એ છે કે, જે પરિવારોમાં ખોરાક બાબતે સભાનતા છે, ત્યાં પણ બાળકોના વજનમાં વધારો જોવા મળી રહ્યો છે.નિષ્ણાતોએ આ વિરોધાભાસ પાછળના કેટલાક ચોંકાવનારા મેટાબોલિક અને જીવનશૈલી સંબંધિત કારણો રજૂ કર્યા છેઃઘણીવાર માતા-પિતા બાળકને પૌષ્ટિક માનીને ડ્રાય ફ્રૂટ્સ, ફળો કે હોલ ગ્રેન (આખા અનાજ) વધુ માત્રામાં આપે છે. ડો. જતિન કુમાર માઝીના જણાવ્યા અનુસાર, હેલ્ધી ફૂડ પણ જો જરૂર કરતા વધુ પ્રમાણમાં લેવામાં આવે, તો તે શરીરમાં કેલરીનો ભરાવો કરે છે. શરીર 'હેલ્ધી કેલરી' અને 'વધારાની કેલરી' વચ્ચે ભેદ નથી કરતું અને તેને ચરબી તરીકે સંગ્રહિત કરે છે.



આધુનિક સમયમાં બાળકોમાં ઈન્સ્યુલિન રેઝિસ્ટન્સની સમસ્યા વધી રહી છે. જ્યારે શરીર ઈન્સ્યુલિન પ્રત્યે યોગ્ય પ્રતિસાદ નથી આપતું, ત્યારે તે ખોરાકને ઉર્જામાં બદલવાને બદલે ચરબીમાં ફેરવી દે છે. આ પ્રક્રિયામાં ભલે બાળક ઘરનો શુદ્ધ ખોરાક ખાતું હોય, પણ તેનું વજન વધતું રહે છે.બાળપણમાં મેદસ્વીતા પાછળ 'લેપ્ટિન' નામના હોર્મોનની ભૂમિકા મહત્વની છે. આ હોર્મોન મગજને 'પેટ ભરાઈ ગયું છે' તેવો સંકેત આપે છે. સ્ક્રીન ટાઈમ (મોબાઈલ-ટીવી) અને અનિયમિત ઊંઘને કારણે આ સંકેતો મગજ સુધી પહોંચતા નથી, જેને 'લેપ્ટિન રેઝિસ્ટન્સ' કહેવાય છે. પરિણામે, બાળક જરૂર કરતાં વધુ ખોરાક લઈ લે છે.AIIMSના નિષ્ણાત ડો. રાજેશ ખડગાવત જણાવે છે કે શહેરી જીવનશૈલીમાં ખુલ્લા મેદાનોનો અભાવ અને વધતા સ્ક્રીન ટાઈમને કારણે બાળકોની કેલરી બર્ન થવાની પ્રક્રિયા ધીમી પડી ગઈ છે. ૧૯૭૫માં જે મેદસ્વીતા દર ૪% હતો તે આજે ૨૦% એ પહોંચ્યો છે, જે દર્શાવે છે કે માત્ર ખોરાક બદલવાથી નહીં પણ હલનચલન વધારવાથી જ આ સમસ્યા હલ થશે.

માત્ર 'શું ખાવું' એટલું જ પૂરતું નથી, પરંતુ 'કેટલું ખાવું' અને 'કેટલી ઉર્જા બાળવી' તે સમજવું પણ અનિવાર્ય છે. થાઈરોઈડ, ડ્ઈઘજ અને ઉચ્ચ કોર્ટિસોલ (તણાવ) જેવા પરિબળો પણ વજન ઘટાડવાના પ્રયત્નો પર પાણી ફેરવી શકે છે. તેથી, ખોરાકની સભાનતા સાથે તબીબી તપાસ પણ એટલી જ જરૂરી છે.

### વજન ઘટાડવા ગોળીઓ ખાવાની ફેશન વધી

આજના સમયમાં ફિટ દેખાવાની ઘેલછામાં લોકો શોર્ટકટ અપનાવી રહ્યા છે, જેના કારણે વજન ઘટાડવા માટે ગોળીઓ અને ઈન્જેક્શન લેવાની એક નવી ફેશન શરૂ થઈ છે. હાલમાં જ ડાયાબિટીસ અને મેદસ્વીતા માટે રામબાણ ગણાતી 'સેમાગ્લુટાઈડ' દવાની પેટન્ટ પૂર્ણ થતા, ભારતીય બજારમાં ૪૦થી વધુ કંપનીઓ સસ્તી જેનરિક આવૃત્તિઓ ઉતારવા જઈ રહી છે. અત્યાર સુધી ₹૧૦,૦૦૦થી વધુમાં મળતી આ દવાઓ હવે ₹૩,૦૦૦ થી ₹૫,૦૦૦માં ઉપલબ્ધ થશે, જેના કારણે સામાન્ય લોકોમાં તેનો વપરાશ ઝડપથી વધશે. નિષ્ણાતોના મતે, વજન ઘટાડવાની આ દવાઓ કોઈ 'જાદુઈ લાકડી' નથી અને ડોક્ટરની સલાહ વગર તેનો ઉપયોગ ગંભીર આડઅસરો નોતરી શકે છે.

# મેસ્સીની વધુ એક સિદ્ધિ: કારકિર્દીનો ૯૦૦મો ગોલ ફટકારી ઈતિહાસ રચ્યો

## મહાન રોનાલ્ડો બાદ ૯૦૦ ગોલ કરનારો વિશ્વનો માત્ર બીજો ફૂટબોલર બન્યો

**અબતક, રાજકોટ**

ફૂટબોલના જાદુગર મનાતા લાયોનલ મેસ્સીએ બુધવારે રાત્રે વધુ એક સીમાચિહ્ન સર કર્યું હતું. તેણે ઈન્ટર માયામી અને નેશવિલે વચ્ચે રમાયેલી કોનકાફ ચેમ્પિયન્સ કપ ફૂટબોલની રાઉન્ડ ઓફ ૧૬ની મેચમાં પોતાની કારકિર્દીનો ૯૦૦મો ગોલ નોંધાવ્યો હતો. મેચની શરૂઆતની સાતમી મિનિટમાં જ મેસ્સીએ પોતાની આગવી શૈલીમાં ગોલ કર્યો હતો. તેણે બોક્સની વચ્ચે પાસ મેળવ્યા બાદ બોલ પર નિયંત્રણ મેળવ્યું હતું અને ત્યાંથી અવળો ફરીને તેણે ડિફેન્ડર્સની ભીડ વચ્ચેથી લેફ્ટ કિકથી શાનદાર શોટ લગાવીને બોલને નેટના ખૂણામાં ધકેલી દીધો હતો. સાથે લાયોનલ મેસ્સી હવે ક્રિસ્ટિયાનો રોનાલ્ડો બાદ ૯૦૦ ગોલનો આંક પાર કરનારો વિશ્વનો માત્ર બીજો મેન્સ ફૂટબોલર બન્યો છે.

ઉલ્લેખનય છે કે મેસ્સીએ રોનાલ્ડો કરતા લગભગ ૧૦૦ મેચ ઓછી રમીને આ સિદ્ધિ હાંસલ કરી છે. રોનાલ્ડોએ સપ્ટેમ્બર ૨૦૨૪માં ૩૯ વર્ષની ઉંમરે આ સિદ્ધિ પ્રાપ્ત કરી હતી, જ્યારે મેસ્સી હજી જૂનમાં ૩૯ વર્ષનો થશે.બ્રાઝિલના મહાન ખેલાડી પેલેએ એક હજારથી વધુ ગોલ કર્યા હોવાનું મનાય છે, પરંતુ સત્તાવાર આંકડા મુજબ તેમના ગોલ ૮૦૦ની આસપાસ છે. કેટલાક લોકોનું માનવું છે કે બ્રાઝિલના દિગ્ગજ ખેલાડી પેલેએ તેમની કારકિર્દીમાં ૧૦૦૦થી વધુ ગોલ કર્યા હતા, જોકે તેમનો સત્તાવાર આંકડો ૮૦૦ની નજીક છે કેમ કે અલગ-અલગ સ્રોતો અને રમતની વિવિધ શ્રેણીઓની ગણતરી મુજબ પેલેના કુલ ગોલની સંખ્યા લીગ મેચોમાં આશરે ૬૫૦થી લઈને તમામ મેચોમાં ૧૩૦૦ની આસપાસ દર્શાવવામાં આવે છે. જેમાંથી કેટલાક ગોલ નિમ્ન-સ્તરની સ્પર્ધાઓમાં નબળા હરીફ સામે કરવામાં આવ્યા હતા. મેસ્સીની આ સિદ્ધિ બદલ બાસ્કેટબોલના દિગ્ગજ મેજિક જહોન્સન સહિત રમત જગતની અનેક હસ્તીઓએ તેને સોશિયલ મીડિયા પર અભિનંદન પાઠવ્યા છે.જોકે લાયનલ મેસ્સી માટે આ રાત સંપૂર્ણપણે ઉજવણીની રહી ન હતી. નેશવિલે મેચ ૧-૧થી ડ્રો કરી હતી અને 'હરીફના ગ્રાઉન્ડ પર (અવે ગોલ)ના નિયમને આધારે ઈન્ટર માયામી ટુર્નામેન્ટમાંથી બહાર ફેંકાઈ ગયું હતું. નેશવિલના કોચ બે કેલેઘને મેસ્સીની પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે ૯૦૦ ગોલ માટે તેને ખૂબ ખૂબ અભિનંદન. તે સર્વશ્રેષ્ઠ છે.મેજર લીગ સોકરના મોસ્ટ વેલ્યૂએબલ પ્લેયરનો એવોર્ડ સતત બે વાર જીતી ચૂકેલા અને આઠ વખતા બેલોન ડી'ઓર જવા પ્રતિષ્ઠિત એવોર્ડ ચેમ્પિયન અને વર્લ્ડ ચેમ્પિયન ટીમના સદસ્ય રહી ચૂકેલા મેસ્સી પાસેથી ૯૦૦ ગોલની આ સિદ્ધિની અગાઉથી જ અપેક્ષા રખાતી હતી. મેસ્સી હજી પણ ફૂટબોલ જગતનો સૌથી લોકપ્રિય અને સૌથી વધુ ફોલોઅર્સ ધરાવતો ખેલાડી છે. જ્યારથી તે મેજર લીગ સોકરમાં આવ્યો છે, ત્યારથી તેની ઈન્ટર મિયામીની 'નંબર ૧૦' ની જર્સી લીગમાં સૌથી વધુ વેચાતી રહી છે, અને તેની દરેક પ્રવૃત્તિ ફૂટબોલ વિશ્વના ખૂણેખૂણે મુખ્ય સમાચાર બની જાય છે.



# સાબરકાંઠા ભાજપ યુવા મોરચાની બેઠકમાં કાર્યકરોને અપાયું ચૂંટણીલક્ષી માર્ગદર્શન

## યુવા કાર્યકરોને મેરા બુથ સબસે મજબુતનું સૂત્ર સાર્થક કરવા અપાય ટીપ્સ

**અબતક, સંજય દિક્ષીત સાબરકાંઠા**

સાબરકાંઠા જિલ્લા ભાજપ પ્રમુખ કનુભાઈ પટેલ, પ્રભારી બ્રિજરાજસિંહ ઝાલા ની ઉપસ્થિતિમાં હિંમતનગર સર્કિટ હાઉસમાં યુવા ભાજપના તમામ નવીન હોદ્દેદારોની ઉપસ્થિતિમાં બેઠકમાં સંગઠન પ્રભારી બ્રિજરાજસિંહ ઝાલાએ યુવા મોરચાને આવનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ''મેરા બૂથ સબસે મજબૂત'' ના મંત્ર સાથે કામ કરવા કાર્યકર્તાઓને આહવાન કર્યુ હતું. આવનારા દિવસોમાં જે કામો કરવાના છે તેની પણ માહિતી આપી હતી અને જણાવેલ કે, યુવા કાર્યકર્તાઓ પક્ષ માટે મહત્વનું કામ કરતા હોય છે જિલ્લા ભાજપ પ્રમુખ કનુભાઈ પટેલે આગામી કાર્યક્રમો અંતર્ગત યુવા મોરચાની શું ભૂમિકા તેમજ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કેવી રીતે કામ કરવું તે વિશે વિસ્તૃત વાત કરી હતી. આ બેઠકમાં પૂર્વ વિજયભાઈ પંડ્યા, જિલ્લા મહામંત્રી પ્રેમલ દેસાઈ, બીપીનભાઈ ઓઝા, ગણપતસિંહ ઝાલા, જિલ્લા યુવા પ્રમુખ ધવલ રાવલ, જિલ્લા યુવા મહામંત્રી તરુણ પટેલ, રવિન્દ્રસિંહ પરમાર હોદ્દેદારો હાજર રહેલ.



સરકાર હવે ''જમાઈ બાબુ'' ઓને તિલાંજલિ આપી રહ્યું છે

# લાલિયાવાળા ૬ રેલવેના બાબુને ફરજિયાત નિવૃત્ત કરાયા

## પગલાનો મુખ્ય હેતુ રેલવેની કાર્યક્ષમતા વધારવાનો અને અધિકારીઓને જવાબદાર બનાવવાનો છે

**અબતક, દિલ્હી**

ભારતીય વહીવટી તંત્રમાં દાયકાઓથી એક એવી માનસિકતા ઘર કરી ગઈ હતી કે 'એકવાર સરકારી નોકરી મળી ગઈ એટલે આજીવન ભાણું પીરસાયેલું જ રહેશે.' આ માનસિકતાને કારણે તંત્રમાં એવા અનેક 'જમાઈ બાબુઓ' પેદા થયા, જેઓ જવાબદારીમાંથી છટકતા હતા અને માત્ર હોદ્દાનો જ આનંદ માણતા હતા. નવી દિલ્હીમાં ભારતીય રેલવે દ્વારા એક મોટું પગલું ભરવામાં આવ્યું છે. રેલવેના નિયમોનો ઉપયોગ




કરીને, કામમાં બેદરકારી દાખવનારા અને નબળું પ્રદર્શન કરનારા ૬ અધિકારીઓને ફરજિયાત નિવૃત્તિ આપી દેવામાં આવી છે. એટલે કે, તેઓને સમય પહેલા જ નોકરીમાંથી છૂટા કરી દેવાયા છે. આ પગલાનો મુખ્ય હેતુ રેલવેની કાર્યક્ષમતા વધારવાનો અને અધિકારીઓને જવાબદાર બનાવવાનો છે.

સરકાર એવો સંદેશ આપવા માંગે છે કે જો તમે સરકારી પગાર લો છો અને કામ નથી કરતા, તો તેને ચલાવી લેવામાં આવશે નહીં. 'ઈન્ડિયન રેલવે એસ્ટાબ્લિશમેન્ટ કોડ' નામના કાયદા હેઠળ આ કડક કાર્યવાહી કરવામાં આવી છે.જે અધિકારીઓ જનતાના પરસેવાના ટેક્સમાંથી પગાર મેળવે છે, તેમણે હવે પોતાની ખુરશી ટકાવી રાખવા માટે પરિણામ આપવું જ પડશે.

# હાલારમાં કુદરતનો કહેરઃ ૬૦ કિમીની ઝડપે ફૂંકાયેલા વાવાઝોડાએ મચાવી તબાહી

## ૧૫ મિનિટમાં વાવાઝોડાએ વેર્યો વિનાશ, ૭૦ ફાયર જવાનોએ મોરચો સંભાળ્યો

જામનગર શહેર અને જિલ્લામાં કાલે બપોરે ૩:૪૦ વાગ્યા બાદ વાતાવરણમાં આવેલા અચાનક પલટાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. આકાશમાં કાળાડિબાંગ વાદળો વચ્ચે પ્રતિ કલાક ૬૦ કિલોમીટરથી વધુની ઝડપે ફૂંકાયેલા મીની વાવાઝોડાએ ભારે વિનાશ વેર્યો હતો. તોફાની પવન અને ગાજવીજ સાથે શરૂ થયેલા વરસાદે જનજીવન અસ્તવ્યસ્ત કરી નાખ્યું હતું, જ્યારે લાલપુર અને કાલાવડ પંથકમાં બરફના કરા પડતા રસ્તાઓ સફેદ ચાદરથી ઢંકાઈ ગયા હતા અને તૈયાર પાકને ભારે નુકસાની પહોંચી હતી.


વીજ નુકસાનઃ ૨૨૦ કેવીના ૨ ટાવર ધરાશાયી


૫૫થી વધુ મોટા વૃક્ષો ધરાશાયી


૨૦થી વધુ વાહનો વૃક્ષો નીચે દબાયા


રણજીતસાગર રોડ પર ભાગવત સપ્તાહનો વિશાળ ડોમ જમીનદોસ્ત

તોફાની પવનની ગતિ એટલી પ્રચંડ હતી કે જામનગર શહેરમાં માત્ર ૧૫ મિનિટમાં જ ૫૫થી વધુ મહાકાય વૃક્ષો ધરાશાયી થઈ ગયા હતા. પંચેશ્વર ટાવર વિસ્તારમાં એક વિશાળ મોબાઈલ ટાવર પત્તાના મહેલની જેમ ધરાશાયી થયો હતો. શહેરના દિગ્વિજય પ્લોટ વિસ્તારમાં એક મોલના કાચ તૂટીને નીચે પડતા અફરાતફરી મચી હતી. અનેક સ્થળોએ વીજ પોલ ભાંગી પડતા અને ટ્રાન્સફોર્મર પર ઝાડ પડતા સમગ્ર શહેરનો વીજ પુરવઠો ઠપ્પ થઈ ગયો હતો. રસ્તા પર પડેલા વૃક્ષો નીચે ૨૦થી વધુ કાર, રિક્ષા અને દ્વિચક્રી વાહનો દબાઈ ગયા હતા, જોકે સદભાગ્યે કોઈ જાનહાનિના અહેવાલ મળ્યા નથી.


મોબાઈલ ટાવર તુટયો


સોલર પેનલ કડડડભૂસ

વાવાઝોડાના કારણે વીજતંત્રને કરોડોનું નુકસાન થયું છે. જામનગરથી સિક્કા તરફ જતી એસાર કંપનીની હેવી વીજ લાઈનના ૨૨૦ કે.વી.ના બે મોટા ટાવરો અને ૧૩૨ કે.વી.નો એક ટાવર એકાએક જમીનદોસ્ત થઈ ગયા હતા. હાઈટેન્શન લાઈનના વાયરો ખેતરોમાં તૂટી પડતા મોટા અકસ્માતની ભીતિ સર્જાઈ હતી, જેને પગલે જેટકોની ટીમે તુરંત વીજ પ્રવાહ બંધ કરી સમારકામ હાથ ધર્યું હતું.ઘટનાની ગંભીરતાને જોતા મનપાની ફાયર શાખાના ચીફ ફાયર ઓફિસર કે.કે. બિશ્નોઈના માર્ગદર્શન હેઠળ ૭૦ જવાનોની ૧૦ ટીમો મેદાને ઉતરી હતી. જવાનોએ આધુનિક કરવત અને જેસીબીની મદદથી માત્ર દોઢ કલાકના ટૂંકા ગાળામાં ૪૫થી વધુ સ્થળોએથી ધરાશાયી વૃક્ષો હટાવી મુખ્ય માર્ગો ખુલ્લા કર્યા હતા. વાહનો નીચે દબાયેલા લોકોને અને વાહનોને સુરક્ષિત બહાર કાઢવા માટે ફાયર કંટ્રોલરૂમ સતત ધમધમતો રહ્યો હતો.

લાલપુર પંથકમાં સૌથી વધુ ૧૬ મીમી વરસાદ નોંધાયો હતો, જ્યારે કાલાવડમાં ૯ મીમી અને જામજોધપુરમાં ૬ મીમી વરસાદ પડ્યો હતો. લાલપુરના ગ્રામ્ય વિસ્તારોમાં બરફના કરા પડતા ખેડૂતોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું હતું. શિવધારા સોસાયટી જેવા રહેણાંક વિસ્તારોમાં પણ વીજ પોલ જોખમી રીતે લટકી રહ્યા હોવાના અહેવાલો મળ્યા છે. હાલમાં તંત્ર દ્વારા નુકસાનીનો અંદાજ મેળવવાની કામગીરી તેજ કરવામાં આવી છે.

## દ્વારકાના દરિયાકાંઠે વિશાળકાય મોજા ઉછળ્યા



**અબતક, મહેન્દ્ર કક્કડ
દ્વારકા**

હવામાન વિભાગની આગાહી અનુસાર દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સવારે ધ્રાબડિયા વાતાવરણ જોવા મળ્યા બાદ બપોરે ભારે પવન સાથે વરસાદી ઝાપટું વરસતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી અને બજારો સુમસાન બની ગઈ હતી. આ સાથે ભારે પવનના કારણે દરિયાકાંઠાના વિસ્તારોમાં અરબી સમુદ્રના પાણીમાં ભારે કરન્ટ જોવા મળ્યો હતો અને દ્વારકાના સંગમનારાયણ મંદિર, લાઈટ હાઉસ, ભડકેશ્વર ચોપાટી સહિતના દરિયાકાંઠાના વિસ્તારમાં ૧૨ થી ૧૫ મીટર ઊંચા વિશાળકાય મોજા ઉછળતાં જોવા મળ્યા હતા. બપોર બાદ વાતાવરણ હળવુ થતાં જનજીવન સામાન્ય જોવા મળ્યુ હતું.

# જિલ્લા પંચાયતના વહીવટદાર કેતન ઠક્કર એક્શન મોડમાંઃ રજાના દિવસે બેઠકોનો ધમધમાટ

## પદભાર સંભાળતાની સાથે જ કલેકટરે પડતર કામોનો ત્વરિત નિકાલ લાવવા અધિકારીઓને અપાયો આદેશ



જામનગર જિલ્લા પંચાયતની વર્તમાન ટર્મ પૂર્ણ થતા વહીવટદાર તરીકેનો પદભાર સંભાળ્યા બાદ, જિલ્લા કલેકટર કેતન ઠક્કરે કાર્યભાર સંભાળતાની સાથે જ વહીવટી તંત્રમાં નવી ઉર્જા ફૂંકી છે. રજાના દિવસે પણ આરામ કરવાને બદલે કલેકટરશ્રીએ જિલ્લા પંચાયતના વિવિધ વિભાગોની કામગીરીની સર્વગ્રાહી સમીક્ષા કરવા માટે એક ઉચ્ચસ્તરીય બેઠક યોજી હતી, જે વહીવટી તંત્રને વધુ ગતિશીલ બનાવવાની દિશામાં એક પ્રેરક પહેલ માનવામાં આવી રહી છે.

જિલ્લા પંચાયતના સભાખંડ ખાતે યોજાયેલી આ મહત્વપૂર્ણ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી અંકિત પન્નુ સહિત નાયબ જિલ્લા વિકાસ અધિકારીઓ અને તમામ શાખાના વડાઓ ઉપસ્થિત રહ્યા હતા. વહીવટદાર તરીકે કલેક્ટર કેતન ઠક્કરે સ્પષ્ટ ભાર મૂક્યો હતો કે જનસેવાના કાર્યોમાં રજાના દિવસો અવરોધ ન બનવા જોઈએ. તેમણે વહીવટી પ્રક્રિયાને વધુ વેગવંતી બનાવી લોકહિતના કાર્યોને સર્વોચ્ચ પ્રાધાન્ય આપવાની સૂચના આપી હતી.સમીક્ષા બેઠક દરમિયાન કલેક્ટરે કડક શબ્દોમાં જણાવ્યું હતું કે, વહીવટી વિલંબને કારણે પ્રજાના કોઈ પણ કામ અટકવા જોઈએ નહીં. આયોજન હેઠળના તમામ વિકાસકાર્યો નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ કરવા તે વહીવટી તંત્રની પ્રાથમિકતા હોવી જોઈએ. જે કામો લાંબા સમયથી પડતર છે તેનો સત્વરે નિકાલ લાવી સરકારી યોજનાઓના લાભો છેવાડાના માનવી સુધી પહોંચાડવા તેમણે અધિકારીઓને તાકીદ કરી હતી.કલેક્ટરે વધુમાં માર્ગદર્શન આપતા ઉમેર્યું હતું કે, જો કોઈ અગત્યના પ્રોજેક્ટમાં કાયદાકીય કે ટેકનિકલ અડચણ આવતી હોય, તો ફાઈલો દબાવી રાખવાને બદલે તુરંત જરૂરી માર્ગદર્શન મેળવી પ્રશ્નોનું નિરાકરણ લાવવું જોઈએ. કલેક્ટરની આ આક્રમક અને સક્રિય કાર્યશૈલીને કારણે જિલ્લા પંચાયતના વહીવટી માળખામાં પણ નવી જાગૃતિ અને ગતિશીલતા જોવા મળી રહી છે.

# દ્વારકાઃ કોરાડા વાડીના શિક્ષણવિદ સુરેન્દ્ર સોલંકીને શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ એનાયત



**અબતક, મહેન્દ્ર કક્કડ
દ્વારકા**

અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં શિવાનંદ આશ્રમ ખાતે તાજેતરમાં રાષ્ટ્રીય પરિસંવાદ - ૨૦૨૬ યોજવામાં આવેલ. રાજ્યના શહેરી વિકાસ મંત્રી દર્શનાબેન વાઘેલાની પ્રેરક ઉપસ્થિતિમાં અચલા એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી મફતલાલ પટેલ સહિત વિવિધ ક્ષેત્રના અગ્રણીઓની ઉપસ્થિતિમાં યોજાયેલ પરિસંવાદમાં 'એ.આઈ. ટેકનોલોજી ભારતીય શિક્ષણ પ્રણાલીમાં આશીર્વાદ કે અભિષાપ' વિષય પર વિસ્તૃત વિચાર વિમર્ષ કરવામાં આવેલ. આ પરિસંવાદ દરમ્યાન શ્રેષ્ઠ શિક્ષકોનું સન્માન પણ કરવામાં આવેલ. જેમા દ્વારકા તાલુકાની કોરાડા વાડી વિસ્તારમાં પ્રાથમિક શિક્ષક તરીકે ફરજ બજાવતા સોલંકુ સુરેન્દ્રભાઈને શ્રેષ્ઠ શિક્ષક તરીકેનો એવોર્ડ એનાયત કરવામાં આવેલ. આ પહેલા પણ સુરેન્દ્રભાઈને એકથી વધુ વખત વિવિધ સંસ્થાઓ દ્વારા શિક્ષણ ક્ષેત્રે અલાયદા યોગદાન બદલ સન્માનિત કરાયા છે.


# મોટી ખાવડીમાં સ્કોર્પિયો ભાડેથી મેળવી રફૂચક્કર થયેલો ચાલક ઝડપાયો

## મેઘપર પોલીસે અમદાવાદથી વાહન સાથે રાહુલ રાઠોડની કરી ધરપકડ

જામનગર નજીક મોટી ખાવડી માં રહેતા અજીતસિંહ વિભાજી રાઠોડ નામના ૪૬ વર્ષના યુવાને મેઘપર પોલીસ મથકમાં પોતાની સાથે સ્કોર્પિયો કાર મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરવા અંગે જામનગરમાં ગોકુલ નગર નજીક શિવનગરમાં રહેતા રાહુલ મગનભાઈ રાઠોડ નામના શખ્સ સામે ફરિયાદ નોંધાવી હતી.

જે સ્કોર્પિયો કાર ઉઠાવી જનાર આરોપીને પોલીસે શોધી કાઢ્યો છે, અને સ્કોર્પિયો કાર કબજે કરી લીધી છે

પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદી અજિતસિંહ રાઠોડ કે જેઓની જી.જે. ૧૦ ટી.એક્સ. ૩૬૮૫ નંબરની સ્કોર્પિયો કાર કે જેની કિંમત આઠ લાખ રૂપિયા થાય છે, જે કાર ઉપરોક્ત આરોપી રાહુલ રાઠોડ અમદાવાદમાં ચલાવવા માટે લઈ ગયો હતો.જેને લાંબો સમય વીતી ગયો છતાં આરોપી રાહુલ રાઠોડએ કાર અથવા તો તેનું ભાડુ આપ્યું ન હતું, અને પોતાનો મોબાઈલ ફોન સ્વીચ ઓફ કરીને ભાગી છૂટ્યો છે.



જેથી આ મામલો મેઘપર પોલીસ મથકમાં લઈ જવાયો હતો,. મેઘપરના પોલીસ હેડ કોન્સ્ટેબલ એ.એચ. નોઈડા એ ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરી સ્કોર્પિયો કાર લઈ જનાર આરોપી રાહુલ રાઠોડ ને શોધી કાઢ્યો હતો, અને તેની પાસેથી સ્કોર્પિયો કાર કબજે કરી લઈ વધુ પૂછપરછ હાથ ધરી છે.

## સલાયામાં લૂંટના ગુનેગાર અને ગુજસીટોકના આરોપીને પકડવા બદલ

# એસ.ઓ.જી. ટીમને પ્રશસ્તિપત્ર એનાયત કરતા એસ.પી.



**અબતક, મહેન્દ્ર કક્કડ
દ્વારકા**

દેવભૂમિ દ્વારકા જિલ્લાના સલાયા ખાતે આંગડીયા પેઢીના લૂંટના બનાવમાં જિલ્લાના નામચીન ગુનેગાર અને ગુજસીટોકના આરોપીને એસ.ઓ.જી. ટીમે પકડી પાડવામાં આવતા જિલ્લા પોલીસ વડા જયરાજસિંહ વાળા દ્વારા એસ.ઓ.જી. ટીમના પી.એસ.આઈ. દિવ્યરાજસિંહ વાળા, એ.એસ.આઈ. ઈરફાનભાઈ સજુભા, કિશોરસિંહ, અશોકભાઈ સવાણી, હે.કો. હરદિપસિંહ, ડ્રાઈવર પો.કો. સંજયભાઈ સહિતનાઓને પ્રશસ્તિપત્ર એનાયત કરી તેમની કામગીરીને બિરદાવવામાં આવી હતી.

# રાજયના ૧૨૧ તાલુકાઓમાં આકાશી આફતઃ આજે પણ ઝળુંબતુ સંકટ

## બગસરામાં સૌથી વધુ ૪૧ મીમી, ચોટીલામાં ૩૯ મીમી, ભેંસાણમાં ૩૫ મીમી, ઉપલેટા, ધોરાજી, ઓખામાં ૨૦ મીમી પાણી પડયુંઃ આજે રાજયના અનેક જિલ્લામાં માવઠું ત્રાટકશે જોકે જોર ઓછુ થઈ જશે





**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર સહિત રાજયભરમાં ગુરૂવારે માવઠાએ મોકાણ સર્જી દીધી હતી. જગતાતને પારાવાર નુકશાની થવા પામી છે. આજે સવારે પુરા થતા છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજયના ૧૨૧ તાલુકાઓમાં ઝાપટાથી લઈ પોણા બે ઈંચ સુધી કમોસમી વરસાદ પડયો હતો. આજે પણ ૧૦ જિલ્લામાં માવઠાનું સંકટ ઝળુંબી રહ્યું છે. રવિ પાકોને પારાવાર નુકશાની થવા પામી છે.

વેસ્ટર્ન ડિસ્ટબન્સના કારણે બુધવારથી રાજ્યમાં વાતાવરણમાં પલ્ટો આવ્યો છે. ગુરૂવારે રાજ્યભરમાં કમોસમી વરસાદે ભારે વિનાશ વેર્યો હતો. ગઈકાલે સવારથી મેઘાવી માહોલ છવાયો હતો. બપોર બાદ માવઠાનો રોદ્ર રૂપ જોવા મળ્યું હતુ.

વીજળીના ડરામણા કડાકા ભડાકા સાથે મીની વાવાઝોડા સાથે કમોસમી વરસાદ પડયો હતો. આજે સવારે પુરા થતા છેલ્લા ૨૪ કલાકમાં રાજયના ૧૨૧ તાલુકાઓમાં વરસાદ પડયો હતો. સૌથી વધુ વરસાદ અમરેલી જિલ્લાના બગસરામાં ૪૧ મીમી આ ઉપરાંત ચોટીલામાં ૩૯ મીમી, રાજકોટ શહેરમાં ૩૫ મીમી, ભેંસાણમાં ૩૫ મીમી, ઉપલેટા, ધોરાજી, ઓખા અને ભાભરમાં ૨૦ મીમી, સાવરકુંડલામાં ૧૯ મીમી, ભાવનગરમાં ૧૯ મીમી, સિહોરમાં ૧૮ મીમી, મુંદ્રા, ચુડા, લોધિકા, લાલપુરમાં ૧૬ મીમી, વિસાવદર, કુંકાવાવ, વડિયા, ધારીમા ૧૫ મીમી, ખાંભા, બોટાદ, કોટડા સાંગાણીમાં ૧૩ મીમી, ભૂજ, પાલીતાણા, રાણપુર અને ધ્રાંગધ્રા, જેતપુર, ઘોઘામાં ૧૦ મીમી, જસદણ, કાલાવડ, વંથલી, વલ્લભીપુરમાં ૯ મીમી, વરસાદ પડયો હતો.

આ ઉપરાંત ૬૭ તાલુકામાં હળવા ઝાપટાથી લઈ અર્ધા ઈંચ જેવો વરસાદ વરસી ગયો હતો. ભારે પવન સાથે ત્રાટકેલા માવઠાના કારણે ખેતરમો ઉભેલા પાકનો સત્યાનાશ વળી ગયો હતો. જગતાતને ભારે નુકશાની વેઠવાનો વારો આવ્યો હતો.

આજે પણ માવઠાનું સંકટ યથાવત છે. આજે ૧૦ જિલ્લામાં કમોસમી વરસાદની સંભાવના રહેલી છે. રાજકોટ, જામનગર, જૂનાગઢ, અમરેલી, મોરબી, ગીર સોમનાથમાં યર્લો એલર્ટ જાહેર કરાયું છે. આ ઉપરાંત મહિસાગર, પંચમહાલ, દાહોદ, છોટાઉદેપુર, બનાસકાંઠા અને અરવલ્લીમાં પણ કમોસમી વરસાદ વરસી શકે છે.

આજે સવારથી રાજયના મોટાભાગના વિસ્તારોમાં ઉઘાડ જોવા મળી રહ્યો છે. જોકે બપોર બાદ વાતાવરણમાં પલટો આવે તેવી શકયતા પણ જણાય રહી છે. આવતીકાલથી માવઠાનું જોર ઘટશે. ગરમીનું જોર વધશે.

### જામજોધપુરના ધ્રાફામાં વીજળી પડતા ભરવાડ આધેડનું મોત

#### ફુલજર નદીમાં ભેંસો ચરાવવા ગયેલા એક માલધારી ઉપર વરસાદી વીજળી પડતા તેનું ભડથું થઈ ગયો

**અબતક, જામનગર**

જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના ધ્રાફા ગામમાં કમોસમી વરસાદમાં વીજળી પડવાના કારણે એક માલધારીનો ભોગ લેવાયો છે. વરસાદી વીજળી પડવાથી એક માલધારીનું મૃત્યુ નીપજ્યું છે.

આ બનાવની વિગત એવી છે કે જામજોધપુર તાલુકા ના જૂની આંબરડી ગામમાં રહેતા અને માલધારી તરીકે નો વ્યવસાય કરતા કાબાભાઈ માયાભાઈ વકાતર નામના ૫૨ વર્ષના ભરવાડ આધેડ, કે જેઓ ગઈકાલે સાંજે છ વાગ્યાના અરસામાં ધ્રાફા ગામ નજીક પાણાખાણ વિસ્તારમાં ફુલઝર નદીના કાંઠે પોતાની ભેંસોને ચરાવવા માટે લઈ ગયા હતા.

જે દરમિયાન એકાએક તેઓ પર વરસાદી વીજળી પડી હતી, જેના કારણે તેનું મૃત્યુ નીપજ્યું હતું.

આ બનાવ અંગે મૃતકના નાના ભાઈ વિશાભાઈ ઉર્ફે જીણકાભાઈ માયાભાઈએ પોલીસને જાણ કરતાં શેઠવડાળા ના પોલીસ હેડ કોન્સ્ટેબલ બી.પી. જાડેજા બનાવના સ્થળે દોડી ગયા હતા, અને મૃતદેહ નો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી છે.

# રાજકોટમાં મિનિ વાવાઝોડું - માવઠાથી ભારે તારાજીઃ ૪૬ સ્થળો વૃક્ષો ધરાશાયી







## જોરદાર પવન ફૂંકાતા પાવર અને વોટર સોલારો પણ ઉડી ગઈઃ શહેર આખામાં પાણી પાણી અડધા રાજકોટમાં અંધારા છવાયાઃ કરા પડયા, વાતાવરણ ટાઢુ બોળઃ મસાલા માર્કેટના સમિયાણા ઉડયાઃ અનેક સ્થળોએ મંડપ તુટ્યાઃ અચાનક ત્રાટકેલી કુદરતી આફતે ખાના ખરાબી સર્જી દીધી

**અબતક, રાજકોટ**

રાજકોટમાં ગઈકાલે બોરે ત્રાટકેલા મિની વાવાઝોડા સાથેના માવઠાએ ભારે તારાજી સર્જી દીધી હતી. શહેરના અલગ અલગ વિસ્તારોમાં ૪૬ સ્થળોએ વૃક્ષો ધરાશાયી થઈ ગયા હતા. જેના કારણે કલાકો સુધી રસ્તાઓ બ્લોક થઈ ગયા હતા. માત્ર એક કલાકમાં દોઢ ઈંચથી વધુ વરસાદ ખાબકવાના કારણે આખુ શહેર પાણી પાણી થઈ ગયું હતું. અડધા રાજકોટમાં અંધાર પટ છવાય ગયો હતો. ૫૦ થી ૬૦ કી.મી.ની ઝડપે ફૂંકાયેલા પવનના કારણે મસાલા માર્કેટમાં સમીયાણા, મંડપ, હોર્ડિંગ બોર્ડ, બેનરો, પાવન અને વોટર પેનલો ધરાશાયી થઈ જવા પામી હતી. કુદરતના રોદ્ર રુપથી જીવ માત્ર થર થર ધ્રુજી ઉઠયો હતો. ૧૫૦ ફુટ રિંગ રોડ પર બીઆરસીએસ રૂટની બન્ને તરફની સોસાયટીઓ વરસાદી પાણી ભરાયા હતા. મોટા મોટા કરા પડયા હતા. વાતાવરણ ઠંડુગાર થઈ જવા પામ્યું છે. રાજકોટ માકેટીંગ યાર્ડમાં ખુલ્લામાં રાખેલો ઘંઉ અને મગફળી સહિતની જણસીનો જથ્થો પાણીમાં તણાય ગયો હતો.

વેસ્ટર્ન ડિસ્ટબન્સના કારણે રાજયભરમાં વાતાવરણમાં આવેલા પલ્ટા આજે સવારે પુરા થતા છેલ્લામાં રાજયના ૧૨૧ તાલુકાઓમાં પોણાબે ઈંચ સુધી કમોસમી વરસાદ વરસી ગયો હતો. રાજકોટમાં ગુરુવારે બપોરે અચાનક વાતાવરણમા પલ્ટો આવ્યો હતો. જોત જોતામાં વિજળીના ડરામણા કડાકા ભડાકા સાથે માવઠું ત્રાટકતું હતું. બરફના કરા

(અનુ. આઠમા પાને)

## તોફાની પવન સાથે ત્રાટકેલા કમોસમી વરસાદથી

# સૌરાષ્ટ્ર-કચ્છના ૨૬૪૫ ગામોમાં છવાયો અંધારપટ

## ૨૩૦૭ ફીડર બંધ, ૭૯૧ વીજ પોલ અને ૨૫ ટીસીને નુકસાનીઃ પીજીવીસીએલના કર્મયોગીઓએ મોડીરાત સુધી કામગીરી કરી ૨૩૭૯ ગામોમાં અંધારા દૂર કર્યાઃ હજી ૨૪૭ ગામોમાં લાઈટ ગુલ

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર-કચ્છમાં ગુરૂવારે બપોર બાદ ભારે પવન સાથે ત્રાટકેલા કમોસમી વરસાદના કારણે ૨૬૪૫ ગામોમાં અંધાર પટ છવાય ગયો હતો. પીજીવીસીએલના કર્મયોગીઓએ મોડીરાત સુધી નિષ્ઠાપૂર્વક કામગીરી બજાવી ૨૩૯૮ ગામોમાં અંધારા ઉલેટી પ્રકાશ પાથર્યો હતો. હજી ૨૪૭ ગામોમાં વીજ પૂરવઠો ઠપ્પ છે. વીજ કંપનીને કરોડો રૂપીયાની નુકશાની થવા પામી છે.

| સર્કલ ઓફીસ | ફિડર બંધ | ગામ બંધ | પોલ ડેમેજ | ટીસી ડેમેજ |
|---|---|---|---|---|
| રાજકોટ ગ્રામ્ય | ૨૭૯ | ૩૦ | ૧૦૬ | ૬ |
| મોરબી | ૨૮૩ | ૧૫ | ૯૦ | ૨ |
| પોરબંદર | ૦ | ૦ | ૦ | ૦ |
| જૂનાગઢ | ૧૨૫ | ૩ | ૦ | ૦ |
| જામનગર | ૩૩૨ | ૧૭ | ૨૦૦ | ૧૦ |
| ભુજ | ૨૩૪ | ૧૮ | ૯૨ | ૨ |
| અંજાર | ૧૫૬ | ૪ | ૧૦૧ | ૧ |
| ભાવનગર | ૧૫૬ | ૬૦ | ૩૫ | ૦ |
| બોટાદ | ૨૩૩ | ૭૭ | ૫૬ | ૨ |
| અમરેલી | ૩૭૫ | ૬ | ૧૭ | ૨ |
| સુરેન્દ્રનગર | ૧૩૪ | ૧૭ | ૯૨ | ૦ |
| કુલ | ૨૩૦૭ | ૨૪૭ | ૭૯૧ | ૨૫ |

ગુરૂવારે વિજળીના કડાકા-ભડાકા અને ભારે પવન સાથે ત્રાટકેલા માવઠાના કારણે સૌરાષ્ટ્ર-કચ્છના ૨૬૪૫ ગામોમાં વીજળી ગુલ થઈ ગઈ હતી. રાજકોટ ગ્રામ્યમાં ૨૭૯, મોરબીમાં ૨૮૩, જૂનાગઢમાં ૧૨૫, જામનગરમાં ૩૩૨, ભૂજમાં ૨૩૪, અંજારમાં ૧૫૬, ભાવનગરમાં ૧૫૬, બોટાદમાં ૨૩૩, અમરેલીમાં ૩૭૫ અને સુરેન્દ્રનગર સર્કલ ઓફીસના ૧૩૪ સહિત ૨૩૦૭ ફીડરો બંધ થઈ ગયા હતા કુલ ૨૬૪૫ ગામોમાં અંધારપટ છવાય ગયોહતો.

પીજીવીસીએલની ટેકનિકલ ટીમ દ્વારા ફિલ્ડ પર રહી મોડી રાતમા ૨૩૯૮ ગામોમાં વીજળી પૂર્વરત કરી દેવામાં આવી હતી. હાલ રાજકોટ ગ્રામ્યના ૩૦ ગામ, મોરબીના ૧૫ ગામ, જૂનાગઢના ૩ ગામ, જામનગરનાં ૧૭ ગામ, ભૂજના ૧૮ ગામ, અંજારના ૪ ગામ, ભાવનગરના ૬૦ ગામ, બોટાદમાં ૭૭ ગામ, અમરેલીના ૬ ગામ અને સુરેન્દ્રનગરના ૧૭ ગામ સહિત ૨૪૭ ગામોમાં હજી અંધારપટ છે.

માવઠાથી ૭૯૧ વીજ પોલને નુકશાન થવા પામી છે. ૨૫ ટીસીને નુકશાની થવા પામી છે.

# યાર્ડમાં ખૂલ્લામાં રહેલી જણસી તણાઈઃ જગતાતને નુકસાન

## રાજકોટ માર્કેટીંગ યાર્ડમાં મગફળી પાણીમાં તણાઈઃ જેતપુર યાર્ડમાં ખૂલ્લામાં રાખેલી મરચાની ભારી પલળી ગઈઃ સુરેન્દ્રનગરમાં કપાસ પલળ્યો



### "માવઠું" વરસી ગયા બાદ ખેડૂતો માટે માર્ગદર્શીકા જાહેર કરાય !!

સામાન્ય રીતે કમોસમી વરસાદની આગાહી આપતાની સાથે જ જગતાત માટે જણસીને બચાવવા માટે ગાઇડલાઇન જાહેર કરી દેવી જોઇએ પરંતુ ગઇકાલે રાજ્યભરમાં કમોસમી વરસાદનો ભયંકર રાઉન્ડ પૂરો થયા બાદ સમી સાંજે ખેડૂતો માટે મહામૂલા પાકને સુરક્ષિત રાખવા માટેની ગાઇડલાઇન કૃષિ વિભાગે માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી હતી. જેને અચૂક અનુસરવા પણ તાકીદ કરાય હતી. કમોસમી વરસાદની આગાહી એક સપ્તાહ પૂર્વ આપી દેવામાં આવી હતી પરંતુ કૃષિ વિભાગે માવઠાએ પારાવાર તારાજી સર્જી દીધા બાદ રહી-રહીને માર્ગદર્શિકા જાહેર કરી હતી.



**અબતક, રાજકોટ**

વેસ્ટર્ન ડિસ્ટબન્સની અસરના કારણે રાજયમાં ૧૮ થી ૨૦ માર્ચ દરમિયાન વાતાવરણમાં પલ્ટો આવશે અને રાજયભરમાં કમોસમી વરસાદ પડવાની આગાહી હવામાન વિભાગ દ્વારા એક સપ્તાહ અગાઉ જ કરી દેવામાં આવી હતી. છતા સુરેન્દ્રનગર,રાજકોટ અને જેતપુર સહિતના કેટલાક માર્કેટીંગ યાર્ડમાં જળસી લઈને આવેલા જગતાતે નુકશાની વેઠવી પડી હતી. જસદણ માર્કેટીંગ યાર્ડના સત્તાધીશોએ સમય પારખીને અગાઉથી જ ચાર દિવસ યાર્ડ બંધ રાખવાની જાહેરાત કરી દીધી હતી જે સંકટ સમયે જગતાત માટેઆશિર્વાદરૂપ સાબિત થઈ છે.

રાજકોટ માર્કેટીંગ યાર્હમાં દર વખત માવઠાની આગાહીના પગલે તકેદારીના પગલા લેવામાં આવતા હોય છે. પરંતુ આ વખતે યાર્ડના સત્તાધીશો

(અનુ. આઠમા પાને)

